દૃષ્ટાંતકથાઓ

નાનાભાઈ ભટ્ટ



ગ્રામદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર, આંબલા

મુખ્ય વિક્રેતા
ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
મુંબઈ અને અમદાવાદ

શ્રીમદ્દક્ષિણામૂર્તિ
પ્રકાશનમંદિર
નાં
પ્રકાશનો

દીપનિર્વાણ
(દર્શક)
(બીજી આવૃત્તિ) ૩-૪-૦
બે વિચારધારા
(દર્શક) ૨-૧૨-૦
કેળવણીની પગદંડી
(નાનાભાઈ ભટ) ૩-૮-૦
અંધારના સીમાડા (નાટક)
(મૂળશંકર ભટ) ૧-૮-૦
નાનસેન
(મૂળશંકર ભટ) ૧-૪-૦
ઇતિહાસકથાઓ-૧ : રોમ
(દર્શક) ૧-૯-૦
દૃષ્ટાંતકથાઓ
(નાનાભાઈ ભટ) ૧-૦-૦

મુખ્ય વિક્રેતા
ભારતી સાહિત્ય સંઘ
લિમિટેડ
મુંબઈ : અમદાવાદ

શ્રીમદ્દક્ષિણામૂર્તિ પ્રકાશન – ૭

દૃષ્ટાંતકથાઓ

લેખક

નાનાભાઈ ભટ્ટ





મુખ્ય વિક્રેતા

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

ભીમરાજ બિલ્ડિંગ, કાલબાદેવી : મુંબઈ – ૨

ફરનાન્ડિઝ પુલ નીચે, ગાંધીમાર્ગ : અમદાવાદ

[redacted]

પહેલી આવૃત્તિ

જુલાઈ ૧૯૪૭

પ્રાપ્તિસ્થાનો

ભારતી સાહિત્ય સંઘ લિ. — મુંબઈ : : : અમદાવાદ

ગ્રામદક્ષિણામૂર્તિ પ્રકાશન — આંબલા – (સોનગઢ)

મૂલ્ય

૧–૦–૦

[ટ. ખ. જુદું]

પ્રકાશક

નાનાભાઈ ભ. ભટ્ટ

ગ્રામદક્ષિણામૂર્તિ

આંબલા-સોનગઢ (B.S.RY.)

મુદ્રક

શાંતિલાલ છોટાલાલ પારેખ

શ્રી સરસ્વતી છાપખાનું

દાણાપીઠ : : ભાવનગર

પ્રસ્તાવના

આ કથાઓનો ઉગમ ખાસ કરીને મારી ભાગવત પુરાણની સપ્તાહમાંથી થયો છે. ભાગવત પુરાણનાં જ્ઞાનનાં અને ભક્તિનાં રહસ્યો ગામડાંનાં અભણ ભાઈબહેનો પાસે મૂકવાનાં હોય છે ત્યારે મારા જેવા પોથી પંડિતની ભારે કસોટી થાય છે. આવા કસોટી-કાળમાં આ અને આવાં બીજાં અનેક દૃષ્ટાંતોની મદદથી હું મારી સપ્તાહને હેમખેમ પાર ઉતારી શકું છું અને એ અભણ ભાઈઓ ભાગવત સમજ્યાં હોય કે નહીં પણ મારી આ દૃષ્ટાંતકથાઓને સમજીને લાંબા વખત સુધી ચિત્તમાં સંઘરે છે એવો મારો અનુભવ છે.

ભાગવત પારાયણ વખતે આવી કથાઓનો ઉપયોગ કરવાનો વિચાર મને સુઝાડનાર જો કોઈ એક વ્યક્તિને હું આભારી હોઉં તો તે મારા સદ્ગુરુ શ્રીમથુરામશર્મા. તેઓ પોતાની વેદવેદાંત-ની અને યોગઉપનિષદ્‌ની કથાઓ અમને સંભળાવતા ત્યારે આવી દૃષ્ટાંતકથાઓનો છૂટથી ઉપયોગ કરતા એ મને બરાબર યાદ છે અને એથી જ તેમની કથાઓ લૂખી લાગવાને બદલે સૌને આકર્ષક લાગતી એ હું જાણું છું. આ કથાઓને હું એમના જેવી આકર્ષક રીતે કહી શકું છું કે કેમ તે હું જાણતો નથી; તેમ જ આ કથાઓને વાંચવામાં રસ પડે એવી રીતે હું તેમને અહીં ઉતારી શક્યો છું કે કેમ તે પણ હું કહી શકતો નથી.

મારા માટે આટલું બસ છે. ગૂજરાતી સાહિત્યમાં આવી દૃષ્ટાંતકથાઓનું શું સ્થાન છે, આવી દૃષ્ટાંતકથાઓ કેવી શૈલીથી લખાવી જોઈએ અને તેનાં અંગોઉપાંગોને કેવી રીતે ખીલવવાં જોઈએ, વગેરે સંબંધમાં સમાજને કંઈ પણ કહેવાનો મારો અધિ-કાર નથી. એવું કહેવાના અધિકારીઓના હાથમાં આ કથાઓ જશે ત્યારે તેઓ પોતે જે કહેવું હશે તે કહેશે. એમનું કહેવું હું જાણીશ તો આ કથાઓના ગુણદોષ જાણવાની અને સુધારવાની મને તક મળશે.

તા. ૧૪–૭–'૪૭ આ. ૬. મુ. આંબલા નાનાભાઈ ભટ્ટ

અનુક્રમણિકા





દિલનો રંગ

સાંજનો વખત હતો. સૂર્યનારાયણે પોતાની ઉગ્રતા સંકેલવા માંડી હતી. પંખીઓ બધાં પોતપોતાના માળાઓ તરફ પાછાં ફરતાં હતાં. સંધ્યાએ હજી આકાશમાં પોતાના સાથિયા આદર્યા ન હતા. એવે વખતે દિલ્હીના સરિયામ રસ્તા પર એક જુવાન આદમી ચાલ્યો જતો હતો.

આદમીની ઉમર બાવીશેક વર્ષની હશે. તેના શરીર પર સાદાં પણ સ્વચ્છ કપડાં હતાં. અને માથા પર બદામી રંગનો સાફો હતો. આ જુવાનનું મોં, તેના શરીર પરનાં કપડાં અને તેના માથા પરનો સાફો એકબીજાની સાથે એવાં તો મેળ ખાતાં હતાં કે ન પૂછો વાત! મોંને લીધે કપડાં તથા સાફો શોભતાં હતાં, કપડાંને લીધે મોં ને સાફો શોભતાં હતાં કે સાફાને લીધે મોં તેમ જ કપડાં શોભતાં હતાં તે કહેવું ભારે કઠિન હતું.

જુવાન હાથમાં સોટી હલાવતો ચાલ્યો જતો હતો, ત્યાં ઝરૂખામાંથી બાદશાહની નજર તેના પર પડી; થંભી ગઈ! આવો સરસ આદમી, આવો સરસ તેનો સાફો! શો છે એનો રંગ!

'કાસમ!' બાદશાહે કહ્યું.

'જી.'

'પેલા સાફાવાળા જુવાનને બોલાવ.' બાદશાહે હુકમ કર્યો.

'હું દિલ્હીનો બાદશાહ છું, આખી આલમમાં જે સારામાં સારી વસ્તુ હોય તે બાદશાહની પાસે એની મેળે ખેંચાઇને આવે છે. પણ આ સાફાએ તો હદ કરી! કેવો સરસ એનો રંગ છે! મેં આજ સુધી અનેક સાફાઓ બાંધ્યા છે પણ આવો રંગ મેં કોઈ દી જોયો નથી. એને પૂછું તો ખરો કે એ સાફો કોણે રંગ્યો છે?'

દરમિયાન કાસમ તો પેલા આદમીને બોલાવીને લાવ્યો ને જણાવ્યું, 'બાદશાહ સલામત, આદમી હાજર છે. આપનો હુકમ હોય તો હાજર કરું.'

'અરે હુકમ તો છે જ ના.'

'બાદશાહ,' આદમીએ આવીને સલામ કરીને ઊભો રહ્યો.

'જુવાન,' બાદશાહ બોલ્યો, 'તારો આ સાફો કોણે રંગ્યો છે?'

'જહાંપનાહ,' જુવાન બોલ્યો, 'અહીં ચાંદની ચોક પાસે એક રંગરેજ બાઈ રહે છે, તેણે આ સાફો રંગ્યો છે.'

'તેનું નામ શું?'

'એનું નામ ફાતમા.'

'એ આ જ ધંધો કરે છે?'

'હા એ કાપડ રંગવાનો જ ધંધો કરે છે.'

'ભલે જુવાન, તમે હવે જાઓ. કાસમ, તું આ બાઈને હમણાં જ બોલાવી લાવ અને મારા માટે આવો જ સાફો રંગવા માટે તેને આપ. જોજે હો, રંગ બરાબર આવો જ ઊઠવો જોઈએ, એથી છાંટાવા ચડિયાતો, જો ન ઊઠે તો હું એને ભારે સજા કરીશ.' કહી બાદશાહ ચાલતા થયા.

કાસમે પેલી ફાતમાને બોલાવીને બાદશાહને માટે રંગવાના સાફાની વાત કરી.

બાઈ બોલી, 'કાસમભાઈ, તમે મને શરબતી મલમલનો તાકો લાવી દો અને હું એને શરબતી રંગ કરી આપું, પછી શું ? મારે તો રંગવાનો ધંધો જ છે ના ?'

'ફાતમા,' કાસમ બોલ્યો, 'એમ નહિ. ઊંચામાં ઊંચો શરબતી મલમલ તું કહે તેવો હું લાવી આપું; પણ તારે સારામાં સારો રંગ કરી આપવાનો છે. જો પેલા જુવાનના જેવો રંગ ન થાય તો બાદશાહ કોપી ઊઠશે અને તને ભારે સજા કરશે. પછી હું ન જાણું !'

'કાસમભાઈ,' ફાતમા બોલી, 'તમે મને જેમ ઊંચામાં ઊંચો મલમલ લાવી આપશો તેમ જ હું પણ ઊંચામાં ઊંચો રંગ વાપરું, સારામાં સારો ઉકાળું, બીજી ચીજો પણ સારામાં સારી નાખું. પછી શું ?'

'પછી બસ !' કાસમ બોલ્યો. 'બાદશાહ તો માગે છે પેલા જુવાનના સાફા જેવો રંગ. તું એના કરતાં ચડિયાતો રંગ કરી આપ એટલે બસ.'

'તો કાસમભાઈ, સાંભળો. મને બાદશાહની રૂબરૂ વાત કરવા દો. તમે સારામાં સારો મલમલ લાવો. હુ સારામાં

સારાં વસાણાં નાખું અને છતાં બાદશાહ રાજી ન થાય તો શું કરવું ? માટે મને બાદશાહની રૂબરૂ જ નક્કી કરવા દો; એટલે તમારે ય વાંધો નહિ અને મને ય વાંધો નહિ !'

કાસમ ફાતમાને બાદશાહની પાસે તેડી ગયો અને બધી હકીકત જણાવી.

' ફાતમા બાઈ,' બાદશાહે પૂછ્યું, ' કાસમે કહ્યું તેવો રંગ તમે મારા સાફાને કરી દેશો કે ?

' જી, હા, મારે તો એ જ કામ છે ના ?'

' પણ પછી રંગ બગડવો ન જોઇએ.'

' શા માટે બગડે ?'

' બગડવો ન જોઇએ એટલું જ નહિ, એ જુવાનના સાફાના રંગ કરતાં મારા સાફાનો રંગ જરા ય ઊતરતો ન જોઇએ, બરાબર તેના જેવો જ.'

' જહાંપનાહ, મારી વાત સાંભળવાની અરજ ગુજારું છું. આ કાસમભાઈ મને સારામાં સારો શરબતી મલમલ લાવી આપે અને હું તેના પર સારામાં સારો રંગ વાપરું, છતાં પણ એ સાફાના જેવો રંગ નહિ થાય.'

બાદશાહ ચમક્યો, ' તોપણ નહિ થાય ? કારણ ?'

' બાદશાહ, કારણ છે. એ સાફા પર બે રંગ ચડ્યા છે. એક આ પડીકાનો રંગ અને બીજો મારા દિલનો રંગ. હું એ જુવાનની સાથે પ્રેમમાં પડી છું. આપના મલમલ પર ઊંચામાં ઊંચો રંગ તો ચડશે પણ આપના સાફા પર મારા દિલનો રંગ નહિ ચડે; એટલી એમાં ઝાંખપ રહી જશે.'

બાદશાહ સાંભળી રહ્યો અને ગણગણ્યો: ' દિલનો રંગ.'

ધનાની દક્ષિણા

‘જો ધના, મારા મનમાં થાય છે કે કાલે મકરસંક્રાંતિનો દિવસ છે એટલે તને સારી દક્ષિણા આપવી.’

નવા ગામમાં ધનેશ્વર ત્રવાડી નામે બ્રાહ્મણ રહે. ધનાનાં હાડ મોટાં પણ ઘરમાં ઘેરો એક છોકરાં એટલે બાપડાના શરીર પર માંસ ન ચડે. દરરોજ સવારે કપાળમાં ટીલું તાણીને ધનો લોટે નીકળે ને બાર વાગ્યે ઘેર આવે અને પછી જાય શંકરને લોટો ચડાવવા. લોટ માગતાં ગમે તેટલું મોડું થાય તોપણ ધનો શંકરને લોટો ચડાવ્યા વિના મોંમાં અન્ન ન નાંખે. શંકર પાસે શ્લોકો ભલે ચંડીપાઠના બોલે પણ હૃદયની મૂંગી ભાષામાં ધનો માગે: ‘હે ભોળાનાથ, આ ગરીબાઈનો કાંઈ ઉકેલ કાઢો.’

નવા ગામમાં વાણિયાનાં બે–ચાર ઘર. તેમાં માણેકચંદ શેઠ મોટા. મુંબઈમાં શેર બજારની દલાલી કરતા; પણ મુંબઈનું પાણી લાગ્યું એટલે ઘેર આવ્યા. નવા ગામમાં વેપારધંધો તો શું હોય! પણ ગરીબ વિધવાઓને પૈસા ધીરે અને સુખ ભોગવે. કહે છે કે એક વિધવા બાઈને પાંચ રૂપિયા ધીરેલા તેના વ્યાજમાં બાઈ દરરોજ એને ઘેર રસોઈ કરે. એ બાઈએ પાંચ રૂપિયા

ભરી દેવા માંડયા ત્યારે શેઠ રાતાપીળા થઈ ગયા અને આંખો તાણીને બોલ્યા: ' નહિ જોયા હોય તારા રૂપિયા ! રૂપિયા તો આજ છે ને કાલ નથી. કામ કરવું નથી એના બધા ચાળા છે. કામ તો બીજો ભાઈ છે ભાઈ ! લઈ જા તારા રૂપિયા ને ચૂલો સંભાળી લે ! '

ગામ આખાયમાં માણેકચંદ શેઠ ભારે ધર્મી ગણાય ! રોજ સવારે સંસ્કૃત શ્લોકો બોલીને ઠાકોરજીની પૂજા કરે ને આરતી ઉતારે, દરરોજ સાંજે શંકરનાં દર્શને જાય ને આરતી પૂરી થાય ત્યાં સુધી ઊભા રહે, નમણુ આંખે અડાડે, પોઠિયાની શીંગડીઓની અણીમાં બે આંગળીઓને ટેકવી શંકરને નિહાળે, ટોકરો વગાડે અને પછી ઘેર જાય.

એકવાર સાંજના આરતી પૂરી થઈ તો ય શેઠ આવ્યા નહિ એટલે મૂળજી મહારાજ મંદિરની જાળીને તાળું દઈ ઘેર ગયો. મંદિરના ગર્ભાગારમાં શંકર, પાર્વતી અને ગણપતિ ત્રણે ય મળ્યાં અને વાતો કરવા લાગ્યાં.

' મહાદેવજી, ' પાર્વતી બોલ્યાં, ' મારા મનમાં એક વાત ઘણા વખતથી ઘોળાયા કરે છે. તમે કોપ ન કરો તો પૂછું.'

' પર્વતરાજ–પુત્રી ' મહાદેવ હસતા હસતા બોલ્યા, ' મારી છાપ જ કોપ કરનાર તરીકેની પડી ગઈ, બાકી તો ઘડીયે ઘડીયે કોપ કરતો હોત તો જગત ક્યારનું નાશ પામ્યું હત. બોલો શું કહેવું છે ?'

' તમે ભોળાનાથ કહેવાઓ છો. વરદાન આપવામાં તમે સૌથી વધારે ઉદાર છો, આ ઘનો વર્ષો થયાં તમારી

પૂજા કરે છે. એને જનોઈ પણ દીધી ન હતી ત્યારનો એ તમને કળશો ચડાવે છે છતાં તમે હજી એની ગરીબાઈ-ને મટાડી નહિ. એને કળશી એક છોકરાં, તે બાપડો રોટલામાં ઘીનો ગસકો પણ પામતો નથી, તમે આ ધના પર દયા કાં ન કરો ?'

'દેવી, તમે ઠીક યાદ કર્યું. ઘણી વાર તો ધનો ક્યારે આવ્યો ને ક્યારે ગયો તેની ખબર પડતી નથી. આપણા ગણપતિ રિદ્ધિસિદ્ધિના અધિપતિ છે એટલે એ ધનાને દ્રવ્ય આપે.' મહાદેવ બોલ્યા.

'મહાદેવજી, હું રિદ્ધસિદ્ધિનો અધિપતિ ખરો પણ આખરે ચિઠ્ઠીનો ચાકર. મને તો તમે ત્રણ મોટા દેવો આજ્ઞા કરો એટલે હું આપી શકું.' ગણપતિએ જવાબ દીધો.

'વારુ, ત્યારે કાલે ધનાને બે હજાર રૂપિયા આપો.' શંકરે જણાવ્યું.

'જેવી આપની આજ્ઞા. કાલે ધનાને બે હજાર રૂપિયા અપાવીશ.'

દેવ-કુટુંબનો વાર્તાલાપ ચાલતો હતો તે વખતે માણેકચંદ શેઠ જાળીની બહાર પાઘડીને હાથમાં લઈને ઊભા હતા. ને બરાબર કાન દઈ ને વાત સાંભળતા હતા. ગણપતિનાં આખરી વચનો સાંભળીને માણેકચંદ શેઠના મનનાં તમામ ચક્રો ગતિમાન થયાં.

'આવતી કાલે ધનાને રૂપિયા અપાવીશ.' કોની પાસેથી અપાવીશ ? આખા ગામમાં બે હજાર રૂપિયાની મૂડી હોય એવો મારા વિના બીજો કોણ છે ? મારી

પાસેથી શી રીતે અપાવશે? માણેકચંદને ગણપતિ નહિ ઓળખતા હોય!

પાઘડીને માથા પર મૂકતા અને માથાને સહેજ ખંજવાળતા શેઠ ઊભા રહ્યા, ને ગણગણ્યા, 'આ દેવતાઓની ગતિ આપણે કળી ન શકીએ. દેવો ધારે તો ધનાના ઘરમાં રૂપિયાનો વરસાદ પાડે.'

આ પ્રમાણે મનમાં અનેક વિચારોને ઘોળતા અને ધનાના રૂપિયા પોતાને કેવી રીતે મળી જાય એની તરકીબ શોધતા માણેકચંદ શેઠ ઘેર આવ્યા ને પાઘડી ઉતારી ન ઉતારી ત્યાં બોલ્યા: 'અલ્યા ખીમજી, બોલ્યા ધના ગોરને બોલાવી લાવ તો. કહે કે આવતી કાલે મકર-સંક્રાંતિ છે એટલે અત્યારે જ આવે.'

રાતના દશેક વાગ્યા હશે, વારાફરતી ધિંગામસ્તી કરતાં છોકરાંઓને સુવાડીને ધનો ગોદડીના એક ગાભા પર બેઠો બેઠો બેરખો ફેરવતો હતો ત્યાં ખીમજી આવ્યો ને શેઠનો સંદેશો સંભળાવ્યો.

'પેલા માણેકચંદ શેઠ બોલાવે છે? કોઈ દી નહિ ને આજે શું સૂઝ્યું! ગામમાંથી તો સંક્રાંતિ માગું ત્યારે લોટ મળે, દાણા મળે, તલના લાડવા મળે, પોપટા મળે, શેરડીનો કટકો મળે, પણ શેઠ તો સવારથી બારણું બંધ રાખે ને રાતે દર્શને જાય ત્યારે ખોલે.' ધનો બોલવા માંડ્યો.

'તે આજે બધાં વરસોનું સામટું આપવું હશે તે બોલાવ્યો હશે.' ખીમજી બોલ્યો.

'એ શું આપે? સારું લઇ ન જાય તો શેઠનો પાડ.' ધનાએ કહ્યું.

ધનો અને ખીમજી બન્ને શેઠના ઘર ભણી ચાલ્યા. શેઠની હિંડોળાખાટ કચૂડકચૂડ બોલતી હતી. પાસે શેઠાણી ચાકળો નાખીને બેઠાં હતાં. એવામાં ખીમજી અને ધનો આવ્યા.

'જો ધના, મારા મનમાં થાય છે કે કાલે મકરસંક્રાંતિનો દિવસ છે, એટલે તને સારી દક્ષિણા આપવી.' શેઠે જણાવ્યું.

શેઠની વાત સાંભળીને ધનો તો આભો જ બની ગયો. માણેકચંદ શેઠે આજે વર્ષોથી રહેતા હતા છતાં એક વખત પણ ન તો ધના પાસે રૂદ્રી કરાવી, ન તો જપ કરાવ્યા, ન તો તેને સીધું આપ્યું, ન તો શ્રાવણ માસના ચાંદલા કરાવ્યા. માત્ર ધનો લોટે નીકળે ત્યારે શેઠની દીકરી તેને હાથે ચપટી લોટ આપે એ જ.

'મને દક્ષિણા આપવી છે?' ધને પૂછ્યું.

'ત્યારે તને અમસ્તો બોલાવ્યો છે? શું હું ખોટું કહું છું?' શેઠ સહેજ કોપાયમાન જણાયા.

'બાપા, મને જે આપશો તે માથે ચઢાવીશ ને આશીર્વાદ દઈશ. હું તો ગરીબ બ્રાહ્મણ છું. મને આપશો તો ભગવાન તમને હજારગણું આપશે.' ધને હાથ ઊંચા કર્યા.

'પણ એક વાત મને કહે.'

'શી વાત?'

'તારે દર વર્ષે સંક્રાંતિના દિવસે કેટલું આવે છે?'

'અમસ્તુંય શું આવે છે ને વારપરબે શું આવે છે તે ક્યાં કોઈથી અજાણ્યું છે? તમે તો મોટા શેઠ છો એટલે મારા દીદાર પરથી જોઈ લ્યો, શું આવતું હશે! આ હાડચામ છૂટાં નથી પડતાં એટલું આવે છે!' ધનો બોલ્યો.

'મારે તારું લાંબુંપહોળું ટાયલું નથી જોઈતું. તારે દર વર્ષે સંક્રાંતિના દિવસે કેટલા રૂપિયાની મત્તા આવતી હશે?'

'આ પાંચ શેર દાણા થાય, બે-ત્રણ લાડવા થાય, થોડાક ચણાના પોપટા આવે છે.' ધને જણાવ્યું.

'ને તલના લાડવા આવે ને?'

'એ તો ચાર-પાંચ આવે તે છોકરાં કટકી કટકી વહેંચી ખાય ને પૂરો ભાગ પણ ન પડે.' ધનો બોલ્યો.

'પણ આવે તો ખરા ને? શેરડી આવે ખરી?' શેઠે પૂછ્યું.

'આવે પાંચ-છ રાડાંની કાતળીઓ.' ધનો બોલ્યો.

'રોકડા પૈસા?' શેઠે પૂછ્યું.

'રોકડ કશુંય નહિ. લાડવામાંથી પાઈ-પૈસો નીકળે તો બધું મળીને એક આનાનું રોકડ થાય.'

'તો કુલ મતા પાંચ રૂપિયાની ગણાય?' શેઠ બોલ્યા.

'પાંચ રૂપિયા! નહિ બાપા, માંડ બે રૂપિયા થાય. શેરડીના કટકા તો ગાયો પણ ઘણી વાર નથી ખાતી.'

'પણ વધારેમાં વધારે આવે તો પાંચ રૂપિયા થાય?' શેઠે પૂછ્યું.

'ના બાપા ના, કોઈ વરસ ત્રણ રૂપિયાથી વધારે કિંમતની મતા આવી નથી.' ધને ઉત્તર દીધો.

'તો જો, હું તને આવતી કાલના રૂપિયા દસ ઉધડ આપું તો તું રાજી?'

'અરે બાપા, એમાં મારો રાજીપો શું પૂછો છો? મને તો આખા દિવસના પાંચ રૂપિયા મળે તોય રાજી થઈ જાઉં.' ધનો આભાર માનતો બોલ્યો.

'ના, એમ નહિ. તારે રૂપિયા દસ લેવા જ પડશે. ગરીબ માણસને બે પૈસા આપીને જ રાજી થવું. અમને તો વળી ઇશ્વર આપી રહેશે.' શેઠ બોલ્યા.

'આપે મારા પર મોટી દયા કરી.' ધનો બોલ્યો.

'લોકો તો ભલે મને કંજૂસ કહે. દાન કરવું હોય તો અમે તો કોઈને ખબર ન પડે એવી રીતે જ કરીએ. અમારે વાહવાહ ઓછી જ જોઈએ છે? જો હવે તારે કાલે સવારે વહેલાં ઊઠીને સંક્રાંતિ માગવા નીકળવું. જોજે હો ધના, હું રૂપિયા દશ આપવાનો છું તે હવે માગવામાં કચાશ રાખતો નહિ. જે આવે તે બધું તારે અહીં મૂકવું. ખીમા, કાલે સવારથી ધનાની સાથે ફરજે. ધનો આળસ કરે તો તેને ટપારજે. ધના, કાલે આળસ કરવાની નથી.'

'બાપા, તમે પતીકાં જેવા દસ રૂપિયા આપો ને હું આળસ કરું? તમારા જેવો તો મારે કાળો મેઘ પણ નહિ. તમે તો મારા અન્નદાતા!' કહી ધનો ઘેર ગયો.

*

મકરસંક્રાંતિની સવાર પડી અને 'મકરસંક્રાંતિ પુણ્ય પર્વણી'ના અવાજો નવા ગામની શેરીએ શેરીએ લાગ્યા. ધનો તો ઊઠયો ન ઊઠયો ત્યાં ખીમજી આવ્યો, ધનાને સંભળાવા બૂમ મારી જગાડ્યો; ધનાને પૂરું નાહવા પણ ન દીધો અને ખીમજી ધનાને હાંકતો હાંકતો શેરીઓમાં ફેરવવા લાગ્યો. એક ઘર, બે ઘર, ચાર ઘર, દશ ઘર, પચ્ચીસ ઘર, ધનો તો સંક્રાંતિ માગે, સાદ સાંભળી કોઈ બહાર ન આવે તો બાઈ બેનને નામ દઈ ને બોલાવે, કોઈ ન સાંભળે તો ઊભો રહે ને ગમે તેમ કરીને કાંઈક લીધે રહે.

સવારના ૪થી બપોરના ૧૨ વાગ્યા ત્યાં સુધીમાં માંડ પાંચ શેર બાજરો મળ્યો હોય તો; ખીમજી તો જે મળે તે શેઠના ઘર ભેગું કરે અને શેઠાણી તેને ગોઠવે.

બપોરના બે વાગ્યા અને ખીમજીનું ઘર આવ્યું એટલે ખીમજી કહે, 'ધના, તું ઓટલે બેસ એટલે હું બે બટકાં ખાઈ લઉં.'

'ખીમા, ભાઈ મને ય ખાવા ઘરે જવા દે ને ! આજ આટલે વર્ષે મારી વહુએ સંક્રાંતિના લાડુ કર્યા છે ને છોકરા મારી વાટ જોતાં હશે.' ધનો કરગર્યો.

'ધનિયા, જમવાનું આજે કેવું ? આજે તો માગવું માગવું ને માગવું. જમજે રાતે દસ વાગ્યા પછી. દશ રૂપિયા મફતના આવે છે ?'

ખીમો તાડૂકયો અને ધનાને બહાર બેસાડી ઘરમાં જમવા ગયો.

બપોર ઊતર્યા. ઘાણીનો બળદ વળી પાછો ઘાણીએ જુત્યો ને મોડી રાત સુધી શેઠ તો તલના લાડવા ભાંગી ભાંગી ને જુએ છે. રખેને ગણપતિએ બે હજાર રૂપિયા એમાં સંતાડ્યા હોય ! શેરડીની કાતળીઓને ઊભી ચીરી જોઈ; પણ કશું ન નીકળ્યું. દાણા પોપટા તો કેવાક હોય ? રાત પડી, ખીમજી અને ધનો આ વખતે ગામમાં બે વાર માગવા ફર્યાં પણ દિવસને અંતે માંડ છ રૂપિયાનો માલ એકઠો થયો. ધનો માલ મૂકવા છેલ્લો આંટો આવ્યો ત્યારે થાકીને લોથ થઈ ગયો હતો; આખા દિવસનો ભૂખ્યો હતો.

'ધના, બરાબર માગ્યું છે કે ?'

'દાદા, પૂછો ખીમાજીભાઈને. બપોરે જમવા માટે પણ ઘેર ઢૂંક્યો નથી.'

'ઠીક, અત્યારે તો જા. રૂપિયા કાલે લઈ જજે.'

શેઠે કોરી વિદાય આપી. શેઠ વિચારમાં પડ્યા. પાંચ રૂપિયાની મતામાં દશ રૂપિયા આપવા પડશે. એમાં શેઠને પોતાની અક્કલનું દેવાળું લાગ્યું. ગણપતિ ખોટું તો નહિ બોલ્યા હોય ? દેવ થઈને ખોટું બોલે ? આજકાલ તો માણસો જેમ જૂઠા થયા છે તેમ દેવો પણ થયા લાગે છે. વળી વાત મેં સગે કાને સાંભળી છે એટલે મારી ભૂલ થતી નથી. બાકી તો દેવો જ જૂઠા છે. એવા દેવોનાં દર્શન કરવાથી પણ શો ધર્મ થવાનો છે ? દેવોમાંથી સત્ય વહી ગયું છે એટલે હવે શંકરનાં દર્શને પણ ન જવું. પણ એકવાર એમને સંભળાવું તો ખરો. ગણપતિ યે જાણે કે માણેકચંદ મળ્યો હતો.

આ પ્રમાણે વિચાર કરી શેઠ મંદિરે આવ્યા અને શંકરનાં દર્શને જવાને બદલે સીધા ગણુપતિ પાસે જ ગયા અને ત્યાં જઈને 'ફટ ફાંદાળા ખોટું બોલ્યો ના ?' એમ બોલતાં બોલતાં ગણુપતિની પત્થરની મૂર્તિની ફાંદમાં જમણા પગથી પાટુ મારી.

ગણુપતિના સિંદૂર ચડાવેલ ગોળમટોળ પેટમાં શેઠની પાટુ આવી એટલે શેઠનો પગ માખણુના પિંડામાં જે સરળતાથી પેસી જાય એવી સરળતાથી પેસી ગયો પછી તરત જ પત્થરમાં જડી દીધો હોય એ રીતે ત્યાં જડાઈ ગયો. શેઠે તો પગને બહાર ખેંચવાના ઘણા ઘણા પ્રયત્નો કર્યા પણ પગ શી રીતે નીકળે ? હવે શું કરવું ? શેઠે તો શંકરને સંભાર્યા, પાર્વતીને સંભાર્યાં, ગણુપતિની માફી માગી; પણ દાદ કોણ દે ?

'શેઠજી,' ગણુપતિની મૂર્તિમાંથી સ્વર આવ્યો, 'ધનેશ્વર મહારાજને બે હજાર રૂપિયા આપી દો, પછી પગ નીકળશે.'

'મહારાજ, તમે ધનેશ્વરને બે હજાર રૂપિયા અપાવવાના હતા એ વાત ઉડાવી દીધી અને મારી પાસે બે હજાર રૂપિયાની વાત કરો છો ? તમે દેવ થઈને આવું ખોટું બોલો એ શોભે કે ?' માણેકચંદ ગળગળો થઈને બોલ્યો.

'માણેકચંદ, શું તું એમ સમજ્યો હતો કે હું ગણુપતિ ધનેશ્વરને રોકડી કોથળી આપી દઈશ ? તારે તો ઊલટા ધનેશ્વરના બે હજાર પચાવી જવા હતા, કેમ ?' ગણુપતિ બોલ્યા.

'ગણુપતિ દાદા, તમે તો બે હજાર અપાવવાનું આથે લીધું હતું. ધારો કે હું આજે દર્શન કરવા આવ્યો ન હત ને ભૂલમાં ને ભૂલમાં તમને પાટુ ન મારી હત તો તમે ધનેશ્વરને બે હજાર ક્યાંથી આપત?'

'માણેકચંદ શેઠ,' ગણુપતિ બોલ્યા 'તું શું મને મૂરખ સમજે છે? તેં આ પાટુ મારી એ કંઈ ભૂલમાં મારી છે એમ ન સમજ. તારો સ્વભાવ, તારી રહેણી-કરણી, તારો લોભ, આ બધાયના આખરી પરિણામરૂપે તું પાટુ ન મારે એ તદ્દન અસંભવિત છે. મેં રૂપિયા બે હજાર આપવાનો નિર્ધાર કર્યો ત્યારે જ તારી આ પાટુ મારી ગણતરીમાં હતી. અમે દેવો અંતર્યામી કહેવાઈએ છીએ તેનો અર્થ જ આ. તમારા મનના ગુપ્ત પ્રવાહો પણ અમે જાણીએ છીએ. માટે ભાઈ માણેકચંદ, વધારે વિલંબ ન કર, ધનેશ્વરને રૂપિયા બે હજાર આપી દે એટલે તારો પગ મોકળો થશે.'

'ગણુપતિ દાદા, મારો પગ છોડો. હું ઘેર જઈને એને રૂપિયા આપી દઈશ. અહીં કોઈ નથી કે ઘેર મોકલું.'

'માણેકચંદ, એ વાતમાં માલ નથી. તું મૂળજી મહારાજને સાદ કરી જગાડ અને ઘેર મોકલીને રૂપિયા અહીં મંગાવ ને ધનેશ્વરને એ રકમ અહીં જ સોંપી દે. ત્યાર પછી જ તારો પગ મોકળો થશે.' ગણુપતિએ ચોકખું સંભળાવી દીધું.

પછી તો માણેકચંદે ઘેરથી રૂપિયા મંગાવ્યા, ધનાને પણ જગાડીને બોલાવ્યો ને ગણુપતિની મૂર્તિ પાસે તેને

બેહજાર રૂપિયા ગણી દીધા કે તરત જ શેઠનો પગ મૂર્તિના પેટમાંથી બહાર આવ્યો.

શેઠ ઘેર આવ્યા, શેઠાણી ઘેર આવ્યાં, ખીમો ઘેર આવ્યો.

'તેંય મને ન વાર્યો? આ ભોગ લાગ્યા કે ધનાને મેં રાતે બોલાવ્યો!' શેઠ હિંડોળાખાટ પર આડા પડ્યા.

'ઇ બીજું કાંઇ નહિ. તમે બાઈ માણસને પૈસા ધીરો છો એ જ મને ગમતું નથી. ઈ રાંડું જઇને ગણુ-પતિ દાદાને સાંધા કરતી હશે.' શેઠાણી પણ શેઠને વર્યાં હતાં.

સૌથી મોટો કોણ ?

પોલો ભરવાડ સાડા છ ફૂટ ઊંચો; મૂછો પણ ઠીક ઠીક વધારેલી એટલે કોઈ કાચોપોચો આદમી તો એને જોઈને જ ડરી જાય. ગામને ગોંદરે એકવાર સાધુઓની જમાત આવી ત્યારે ઢોર ચારીને પાછા ફરતાં પોલો ઘડીક ત્યાં ઊભો રહ્યો. સાધુ કથા કરતા હતા ત્યાં વાત વાતમાં બોલ્યા: 'જે સૌથી મોટો છે તેની ચાકરી કરે તેનો જનમમરણનો ફેરો ટળે.'

પોલાને કાને આ શબ્દ પડ્યા અને હૈયાસોંસરા ઊતરી ગયા. એ તો ઘેર જઈને વિચારમાં પડી ગયો: સૌથી મોટો કોણ? ભીખા પટેલ? ના, ના; વસ્તા પટેલ? ના, ના. ત્યારે કોણ? મુખીપટેલ સૌથી મોટા. અમલદાર આવે ત્યારે પહેલાં તેને બોલાવે; મારાં ઢોરાં ગણવાં હોય ત્યારે એ ગણે એટલા સાચા; ગામનાં ખળાં વખતે પણ મુખીપટેલ આગળના આગળ. મુખીપટેલ જ સૌથી મોટા છે.'

પોલો મુખીપટેલને ઘેર ગયો અને ડાંગ પર હાથ ટેકવી ઊભો.

'કેમ પોલા? શા કામે આવ્યો છે?' પટેલે પૂછ્યું.

'બાપા, મારે તમારી ચાકરી કરવી છે.' પોલે જવાબ દીધો.

'મારી ચાકરી ? મારે ઘરે ચાકર પોસાય ?' પટેલ આભા બની ગયા.

'મારે તો પેટવડિયે રહેવું છે. મારો એક રોટલો ભારે પડવા નહિ દઉં. તમે સૌથી મોટા એટલે તમારી ચાકરી કરું તો જનમમરણનો ફેરો ટળે.' પોલે જણાવ્યું.

'મોટો તો ખરો જ ના ? જોજે હો, રાખું તો છું; પણ મારી પટેલાઇ ટાળીશ નહિ,' પટેલે કહ્યું.

પોલો તો પટેલને ત્યાં રહ્યો. પોલો પટેલના કામમાં ન ગણે રાત કે ન ગણે દી. બારે ય કલાક ને છત્રીશે ય ઘડી ઊભો ને ઊભો.

એવામાં એકવાર પટેલે પોલાને કહ્યું: 'પોલા, આજે અડધો મણ દૂધ લઇ આવ.'

'પટેલ, દૂધ તો આ લાવ્યો સમજો. પણ તમારા મોઢા પર ગભરામણ કેમ દેખાય છે ?' પોલે પૂછ્યું.

'પોલિયા, એટલી ખબર નથી ? આજે થાણદાર શા'બ આવવાના છે તેની આ બધી પંચાત છે.' પટેલે જણાવ્યું.

'થાણદાર આવે છે એ તો ઠીક. પણ એમાં પંચાત શી ? એ શું તમારાથી મોટા છે ?' પોલો બોલ્યો.

'અરે ઈ તો થાણદાર શા'બ. એની તો આપણા ટપ્પામાં ફે ફાટે. એ તો મનમાં આવ્યું તો મને પાઈનો કરી નાખે.'

'એ તમારાથી મોટા ?' પોલે ફરીથી પૂછ્યું.

'અરે મોટા શું સાત વાર મોટા, સો વાર મોટા.' પટેલ બોલ્યા.

'તો પટેલ, મારે આજથી એની ચાકરી કરવી છે.' પોલો બોલ્યો. એટલામાં તો થાણદાર આવી પહોંચ્યા.

થાણદાર ગામનું કામ તપાસી રવાના થતા હતા ત્યાં પોલો આગળ આવીને બોલ્યો: 'થાણદાર શા'બ, મારે તમારી ચાકરી કરવા રહેવું છે.'

'તું તો પટેલનું કામ કરે છે ને ? પટેલ, આનું કામ કેવું છે ?' થાણદારે પૂછ્યું.

'શા'બ, કામમાં તો પાઈ ભાર કહેવું ન પડે. હું તો કહું છું કે અહીં રહે; પણ એનું મન ઊંચું થયું છે. આપણા થાણામાં શોભે એવો આદમી છે.' પટેલે કહ્યું એટલે થાણદારના કહેવાથી પોલો ગાડા પર ચડી બેઠો.

પોલો ચાકરી કરે એટલે તો આડો આંક. થાણાને દરવાજે રાત-દી ખડો, અને થાણદારનાં છોકરાં તો એક પોલાને જ દેખે એવું થઈ ગયું.

પણ એવામાં થાણામાં વહીવટદાર સાહેબનો મુકામ થયો. અને થાણદાર હાંફળાફાંફળા આમતેમ ફરવા લાગ્યા એટલે પોલે પૂછ્યું: 'થાણદાર શા'બ, આજે તમે આમ હાંફળાફાંફળા કેમ ફરો છો ?'

'પોલા, આજે વહીવટદાર સાહેબનો મુકામ થાય છે તેની પણ તને ખબર નથી ? આ એટલા માટે તો હું માથાકૂટ કરું છું.' થાણદાર બોલ્યા.

'મુકામ તો ભલે ને થાય. એ તો આવશે ને જશે.' પોલો બોલ્યો.

'છે મૂરખનો સરદાર! એ તો આપણા શા'બ કહેવાય. આવીને ચોપડા જોશે, તિજોરી જોશે, મને પૂછશે, ગામને પૂછશે ને પછી મને ઠપકો પણ આપશે.'

'વહીવટદાર સાહેબ તમારાથી મોટા?'

'હા હા, એ મારા ઉપરી. એને ફાવે તો મારી બદલી કરે, ગમે તો મારો દંડ કરે ને નારાજ થાય તો મને ઘેર પણ બેસાડે.' થાણુદાર બોલ્યા.

'તો થાણુદાર શા'બ, મારે વહીવટદાર શા'બની ચાકરીમાં રહેવું છે.' પોલો બોલ્યો.

અને વહીવટદારની ડેલીએ દાખલ પણ થઈ ગયો.

પણ ત્યાં પોલો ટકે શી રીતે? એ તો મુખીને છોડીને થાણુદારને ત્યાં ગયો, થાણુદારને છોડીને વહીવટ-દાર પાસે ગયો, એ જ રીતે વહીવટદારને છોડીને વસૂલાતી અધિકારીને ત્યાં રહ્યો, એમને છોડીને દીવાન સાહેબને બંગલે રહ્યો. અને ખુદ દીવાનને પણ છોડીને મહારાજા પાસે ગયો.

પોલો મહારાજાનો ખાસ માનીતો થઈ પડ્યો. પોલા વિના રાજાને પણ ચેન ન પડે, પોલાની ચાકરી પણ એવી કે વેરીને પણ વશ કરે. મહારાજા શિકારે જાય ત્યારે પોલા વિના ડગલું ન દે. પોલો જાન આપીને પણ મને જાળવશે એવી મહારાજાને પોલાની ખાતરી.

એકવાર મહારાજા શિકારે ગયા. મહારાજા અને

પોલો બંને એક એક ઘોડા ઉપર. શિકાર કરતાં બહુ છેટે નીકળી ગયા એટલે રાત જંગલમાં જ પડી ગઈ. મહારાજાને સહેજ બીક તો લાગી પણ પોલો સાથે હતો એટલે શો વાંધો છે ? મહારાજા પોલાના ખોળામાં માથું મૂકી સૂઇ ગયા. એવામાં મધરાતે ડાકલાના અવાજો થવા લાગ્યા એટલે મહારાજા જાગી ગયા અને ચાર તરફ જોવા લાગ્યા.

'મહારાજ, આપ સૂઈ જાઓ ને. હું જાગું છું આપ નિરાંતે સૂઓ.' પોલો બોલ્યો.

'પણ પોલા, પેલું દૂર પિશાચો અને ડાકણનું ટોળું આવે છે. જો પેલો ભૈરવ એમને મોખરે ચાલે.' મહારાજા બોલ્યા.

'તે એમાં આપ ગભરાઓ છો શા માટે ?' પોલે પૂછ્યું.

'પોલા, તને શી ખબર ? એ લોકો તો આપણા જેવા માણસોને રાંધીને ખાઈ જાય.' મહારાજા બોલ્યા.

'એ ભૈરવ આપનાથી પણ મોટો ?' પોલે પૂછ્યું.

'અરે હું તો શું પણ મારા બાપા અને દાદા પણ એનાથી બીએ.' મહારાજા બોલ્યા.

'જુઓ મહારાજ, મારે આજથી એ ભૈરવની ચાકરી કરવી છે. આપ બીઓ છો તે આપને એ લોકો જરા ય અડચણ ન કરે એટલું હું માગી લઈશ.'

આટલું બોલી, મહારાજાને બરાબર ઝાડની ઓથમાં ગોઠવી પોલો ભૈરવ પાસે પહોંચ્યો.

ભૈરવની આખી મંડળી ડાકણો–ભૂતોથી ભરેલી હતી. એમના રાતા રાતા લાંબા વાળ, એમના સૂપડા જેવડા મોટા મોટા કાન, એમની લાંબી લાંબી જીભો, એમના જાડા જાડા હોઠ, એમનાં બેડોળ નાક અને બિહામણી આંખો, આ બધાંયની વચ્ચે પોલો ઊભો રહ્યો અને ડાંગને આગળ ધરીને બોલ્યો: 'ભૈરવદેવ! તમે રાજા–મહારાજાઓથી મોટા છો એટલે મારે તમારી ચાકરી કરવી છે. તમારી ચાકરી કરવાથી મારું કલ્યાણ થશે. મને તમારી ચાકરીમાં રાખો.'

પોલો ભૈરવ–મંડળીમાં દાખલ થયો અને ભૈરવના ભૂતપિશાચોને પણ શરમાવે એવી રીતે મંડળીનો નાયક જેવો બની ગયો.

એકવાર આવી મંડળી રાતે જંગલમાં મારફાડ કરતી ફરતી હતી એવામાં એકાએક ભૈરવ બોલી ઊઠ્યા: 'સબૂર, આપણે સૌ અત્યારે મદોન્મત્ત બની ફરીએ છીએ તે વખતે સૌએ એક ધ્યાન રાખવાનું છે. પેલી દૂર એક નાનીશી દેરી દેખાય છે તે જોઈ? એ દેરીથી સો સો પગલાનું અંતર રાખીને ચાલજો. જો એ સો પગલાંની અંદર ચાલ્યા તો બળીને ભસ્મ થઈ જશો.' આ પ્રમાણે બોલતાં બોલતાં ભૈરવની આંખોમાં બીકના ચમકારા દેખાયા. એટલે પોલો આગળ આવ્યો ને બોલ્યો: 'મહારાજ, દેરીની પાસે શા માટે ન જવું? ત્યાં એવું શું છે કે આપણને બાળી દે. તમે તો સૌથી મોટા છો.'

પોલાના શબ્દો સાંભળીને ભૈરવ બોલ્યો: ' પોલા, પૃથ્વી–પીઠ ઉપર હું સૌથી મોટો ખરો પણ....'

' પણ શું ? '

' પણ એ દેરીવાળો એક મારાથીય મોટો છે. આ દુનિયામાં મને જો કોઈની બીક હોય તો એ દેરીવાળાની. માટે તું સંભાળીને ચાલજે. ' ભૈરવે કહ્યું.

' જો એમ જ હોય તો ભૈરવદેવ, મને તમે છૂટો કરો. મારે એ દેરીવાળાની ચાકરી કરવી છે. '

આટલું બોલતાંવેંત જ પોલો ભૈરવને પગે પડ્યો અને ખભે ડાંગ મૂકીને દેરી તરફ ચાલ્યો.

દસ ફૂટ લાંબો–પહોળો એક ઓટો અને ઓટા ઉપર નાની કૃષ્ણભગવાનની મૂર્તિ ને માથે નાનીશી છાપરી.

પોલે દેરી ઉપર ડાંગ મૂકીને મૂર્તિને ભાવપૂર્વક નિહાળી. થોડી વાર પછી પોલો આમતેમ નજર ફેરવવા લાગ્યો, પણ કોઈ માણસને જોયું નહિ એટલે મૂર્તિ પાસે બેઠો. કલાક, બે કલાક, ચાર કલાક, દશ કલાક....પણ દેરી પાસે કોઈ ફરક્યું નહિ. આ શું ?

પણ પોલે તો નિરધાર કર્યો હતો: ' દેરીવાળો ભૈરવથી પણ મોટો છે એટલે મારે તેની સેવા કરવી છે. આજ નથી આવ્યો તો કાલ આવશે, પરમ દિવસ આવશે. હું મારે બેઠો છું. '

એક દિવસ, બીજો દિવસ, ત્રીજો દિવસ. ત્રીજે દિવસે સાંજે એક સાધુ દેરી પાસે આવી ચડ્યા અને પોલાને પૂછવા લાગ્યા; એટલે પોતે પોતાની બધી વાત

માંડીને સાધુને જણાવી અને છેવટે બોલ્યો: 'હવે મારે આ દેરીવાળાની સેવા કરવી છે, પણ દેરીવાળો ક્યાંય દેખાતો નથી, સાધુ મહારાજ! તમે મને આ દેરીવાળો દેખાડશો?'

'ભાઈ, દેરીવાળો જોવો હોય તો તારા માટે મને એક રસ્તો સૂઝે છે. આજથી થોડા દિવસો ઉપર આ દેરી પાસે મોટો મેળો ભરાય છે. અને મેળામાં આસપાસનાં ગામોમાંથી હજારો લોકો આવે છે. બને છે એવું કે એ દિવસોમાં વરસાદને લીધે આ નદી બે કાંઠામાં હોય છે અને નદીમાં તાણ પણ એટલું બધું હોય છે કે સ્ત્રીઓ અને નાનાં બાળકોને નદી ઊતરતાં ભારે અડચણ થાય છે અને કોઈ કોઈ વાર તો ઘણાં નદીમાં તણાય પણ જાય છે. આવતા મેળા વખતે જો તું આ લોકોને નદી પાર ઉતારે તો તને દેરીવાળો દેખાય પણ ખરો. આ સ્ત્રીઓ અને બાળકોની સેવા એ દેરીવાળાની સેવા છે. દેરીવાળાને દેખવાનો બીજો માર્ગ નથી.'

તરસી જમીનમાં જેમ પાણી પડે તેમ પોલાના હૈયામાં સાધુના શબ્દો ઊતરી ગયા અને પોલો તો મેળાની રાહ જોતો બેઠો.

પોલે નદીને કાંઠે એક ઝૂંપડી બાંધી. મેળાને દિવસે અંધારિયું હશે એટલે એક દીવો પેદા કર્યો અને મેળા પહેલાં એક દિવસથી ઝૂંપડીમાં ધામા નાખ્યા. મેળા માટે માણસોની અવરજવર શરૂ થયો. નદી તો બે કાંઠામાં આવી હતી અને તાણ પણ એવું ભારે કે નબળું-પોચું

હોય તો ઊતરી જ ન શકે. પોલો એક પછી એક એમ સૌને ઉતારવા લાગ્યો. એ દિવસમાં તો પોલે હજાર-દોઢ હજાર માણસ ઉતાર્યું હશે. બીજે દિવસે સાંજે તો લગભગ બધું માણસ ઊતરી રહ્યું. પોલો પોતે જ સાડા છ ફૂટ ઊંચો ને એવી ડાંગ; છતાં બીજે દિવસે સાંજે પોલો પણ થાકીને લોથ થઈ ગયો. માણસ બધું ઊતરી રહ્યું છે એમ સમજી પોલો વિસામો લેવા ઝૂંપડીએ આવ્યો અને ડાંગને અઢેલીને ઝોકું લેવા ગયો ત્યાં ઝૂંપડીનું બારણું ખખડ્યું. આંખ ઉઘાડીને જુએ છે તો એક નાનું બાળક.

'પોલા, મારે સામે કાંઠે જવું છે. મને ઉતારી દે.' બાળક બોલ્યું.

પોલો સડાક કરતો ઊભો થયો. હાથમાં ડાંગને બરાબર ઝાલી, બાળકને ખભા પર લીધું અને નદી ઊતરવા લાગ્યો. આવું હળવું ફૂલ બાળક પોલાને શા હિસાબમાં ?

'બાપ, મને બરાબર ઝાલી રાખજે. હમણાં સાવતર ભેગું કરી દઉં છું.' પોલો બોલ્યો અને નદીમાં આગળ વધ્યો.

પણ નદીમાં પૂર વધતું હતું. તાણ પણ એવું જ વધતું હતું અને હળવા ફૂલ બાળકમાં ચૌદ બ્રહ્માંડનો ભાર ભરાતો હતો. પોલે એક હાથે બાળકને પકડ્યું, બીજા હાથમાં ડાંગ ઝાલી. પાણીમાં પગને બરાબર ટેકવવા માંડ્યો પણ આજે નદી પોલાને દગો દેવા લાગી ! તેનો પગ તાણ સામે ટક્યો નહિ, તેની ડાંગ તાણ સામે

નમવા લાગી અને પાણી પોલાના ગળા સમાં થયાં–ખભા પરનો ભાર તો વધ્યે જતો હતો.

પોલો મૂંઝાયોઃ 'જીવતર આખાની કમાણી હારી જઇશ. દેરીવાળા, ભલા આવો દગો દેવાય?'

પણ છતાંય પડતાં–આખડતાં પાણી ગળતો, પાણીમાં તણાતો પોલો આખરે સામે કાંઠે પહોંચ્યો અને બાળકને ખભા પરથી હેઠે ઉતારે છે ત્યાં ?....દેરીવાળી મૂર્તિ હાડચામ ધારણ કરીને સન્મુખ ખડી છે!

'પોલા, માનવની સેવા એ જ સારી સેવા છે.'

પોલો બે હાથ જોડી ઊભો રહ્યો.

ભમાણું વરદાન

પ્રેમજી અને શિવલાલ બે સગા ભાઈઓ; શિવલાલ મોટો અને પ્રેમજી નાનો. માબાપ પ્રેમજીને ધાવણો મૂકીને મરી ગયાં એટલે શિવલાલે પ્રેમજીને મોટો કર્યો અને પરણાવ્યો. પ્રેમજી પરણીને જુદો થયો અને શિવલાલે બાપદાદાના ઘરનો અડધો ભાગ પ્રેમજીને કાઢી આપ્યો.

પ્રેમજી પોતાના ઘરનું માંડ માંડ માગીભીખીને પૂરું કરતો. એકવાર એને તુક્કો સૂઝયો એટલે તપ કરવા માટે હિમાલય ચડયો ને ત્યાં શંકરને પોતાની તપશ્ચર્યાથી પ્રસન્ન કર્યા. ભગવાન શંકર પ્રેમજી ઉપર પ્રસન્ન થયા એટલે પ્રેમજીએ વરદાન માગ્યું : 'હે ભોળા-નાથ, હું મનમાં જે જે ઇચ્છું તે તે મને અનાયાસે મળે જ મળે એટલું મને વરદાન આપો.' શંકર 'તથાસ્તુ' કહીને અંતર્ધાન થઈ ગયા અને પ્રેમજી ઘેર આવ્યો.

ઘેર આવીને પ્રેમજીએ તો એક મહેલની, એક સારા એવા બાગની, ઘરની કિંમતી ઘરવખરીની અને એવી એવી ઇચ્છાઓ મનમાં કરી અને તેને ઇચ્છા પ્રમાણે બધું મળી પણ ગયું.

શિવલાલ પ્રેમજીની સ્થિતિમાં આવો અચાનક ફેરફાર જોઈને વિચારમાં પડ્યો અને તપાસ કરતાં તેને જણાયું કે આ તો શંકરના વરદાનનો મહિમા છે. એટલે શિવલાલને પણ તપ કરવાનું મન થયું. શિવલાલ પણ હિમાલય ગયો અને ત્યાં તપ કરીને શંકરને પ્રસન્ન કર્યા. વરદાન માગવાનો વખત આવ્યો ત્યારે શિવલાલે માગ્યું: 'હે શંભુ, મારા ભાઈ પ્રેમજીને જે જે મળે તે તે મને ઈચ્છા કર્યા વિના પણ મળે અને પ્રેમજીને મળે તેથી બમણું મળે એવી કૃપા કરો.' શંકર 'તથાસ્તુ' કહીને વિદાય થયા અને શિવલાલ ઘેર આવ્યો. ત્યાં તો બે મહેલો, બે બગીચાઓ, બમણી ઘરવખરી વગેરે જોયાં અને રાજી રાજી થઈ ગયો.

પ્રેમજી શંકરના વરદાનમાં મહાલતો હતો ત્યાં શિવલાલને આંગણે તેણે પોતાના કરતાં વધારે સમૃદ્ધિ જોઈ એટલે તપાસ કરી તો જણાયું કે શિવલાલે પણ મહાદેવને પ્રસન્ન કર્યા છે અને પ્રેમજીને મળે તે બધું જ શિવલાલને બમણું બમણું મળે એવું એને વરદાન મળ્યું છે.

આ જાણીને પ્રેમજી મૂંઝાયો. પ્રેમજી અને તેની વહુ બંનેએ એકઠાં મળીને ઘણો વિચાર કર્યો: 'જેઠાણી તો હંમેશાં મારાથી ચડિયાતાં ને ચડિયાતાં જ રહેવાનાં? રસ્તો તમે દેખાડ્યો પણ તમને માગતાં ય ન આવડ્યું.' પ્રેમજીની વહુએ કકળાટ માંડ્યો. એવામાં પ્રેમજીને સૂઝી આવ્યું, 'અરે તું ગભરા નહિ. હમણાં ભાભી ને મોટાભાઈ બંનેને હાથ ઘસવા પડે એવું કરી દઉં છું.'

પ્રેમજીએ મનમાં ઇચ્છા કરી : 'મારી એક આંખ ફૂટી જાઓ.' તરત જ પ્રેમજીની એક આંખ ફૂટી ગઈ અને શિવલાલની બંને આંખો ફૂટી ગઈ! બંને આંખોના કૂવા થયા. એટલે શિવલાલ તો ગભરાઈ ગયો અને મહાદેવને પ્રાર્થના કરી એટલે મહાદેવ હાજર થયા.

શિવલાલ ગળગળો થઇને બોલ્યો : 'ભોળાનાથ ! મારું તો નખ્ખોદ જાવા બેઠું છે, આ બે આંખો તો ગઈ; હવે કાન જાય, હાથ જાય, પગ જાય....બધું જશે. મારું વરદાન પાછું લઇ લ્યો; હું–ભિખારી જ સારો હતો.'

શંકરે કહ્યું : 'તથાસ્તુ.' એટલે શિવલાલ પહેલાં હતો તેવી સ્થિતિમાં આવી ગયો.

શંકરે પ્રેમજીને પાસે બોલાવીને કહ્યું : 'અલ્યા પ્રેમજી, તને આપેલું વરદાન પણ આજથી બંધ થાય છે. મારા વરદાન લોકકલ્યાણ માટે હોય છે એ તમે ભૂલી ગયા. તમારા જેવા ઇર્ષ્યાળુ બ્રાહ્મણો મારા વરદાનને શી રીતે પચાવી શકો? દૂધ પણ સર્પના મોમાં તો ઝેર થાય છે.' આટલું બોલી શંકર અંતર્ધાન થઈ ગયા.

શિવલાલ, પ્રેમજી તથા દેરાણીજેઠાણી એકબીજાનાં મોં સામું જોઈ રહ્યાં.

નીલમ કે કાચનો કટકો ?

'ભાઈ, આપણે આ નીલમને હમણાં નથી વેચવું.' પાનાચંદ શેઠ બોલ્યા અને નાની એવી એક સુંદર પેટી નવીનને આપતાં આપતાં ઉમેર્યું. 'હમણાં આ નીલમને પેટીમાં રાખી મૂક અને પેટી તારી બા સાચવી રાખે. બજાર સારો થશે ત્યારે આપણે એને વેચી દેશું.'

નવીન માણેકચંદનો એકનો એક દીકરો. માણેકચંદ રાજનગરના મોટા ઝવેરી, માણેકચંદ શેઠે પોતાની મહેનતથી જ આખી પેઢીને ઊભી કરેલી અને પ્રેમચંદ શેઠને ચાર આની ભાગ આપ્યો ત્યારે પ્રેમચંદ શેઠને દર વર્ષે ભાગમાં ચાર લાખ રૂપિયા મળતા.

આવી ધીકતી પેઢીના માલેક માણેકચંદ શેઠ એકાએક હૃદય બંધ પડવાથી ગુજરી ગયા એટલે વસંતબેન અને નવીન નિરાધાર બની ગયાં. છેલ્લાં બેત્રણ વર્ષથી પેઢી નરમ પડી ગઈ હતી અને છેલ્લે છેલ્લે તો વસંતબેનનો દાગીનો પણ માણેકચંદ કોઈને ઘેર મૂકી આવ્યા હતા. આવી સ્થિતિના ભારથી શેઠ એકાએક દબાઈ ગયા એમ સૌ કહેતું.

શેઠને ગુજરી ગયા એકાદ માસ થયો ત્યાર પછી એક દિવસ નવીન પેઢી પર આવીને પાનાચંદ શેઠને કહેવા લાગ્યો: 'કાકા! મારી બાએ આ નીલમ મોકલાવ્યું છે વેચવા માટે. મારી બા કહે છે કે આના લાખેક રૂપિયા આવશે એટલે આપણે એથી ગુજરાન ચલાવશું ત્યાં તો વળી ભગવાન પેઢીના સારા દી દેખાડશે.'

'લાવ જોઈએ, કયું નીલમ છે, મને જોવા દે.' પાનાચંદ બોલ્યા.

એટલે નવીને કાગળના પડીકામાંથી નીલમ પાનાચંદ શેઠના હાથમાં મૂકયું. પાનાચંદે નીલમને હથેળીમાં લીધું, વળી ચશ્માં ચડાવીને ફરીથી જોયું અને વિચારમાં પડી ગયા: 'આ નીલમના લાખ રૂપિયા! નીલમ છે જ કયાં ? ખાસ્સો કાચનો કટકો છે!'

નવીને કાકાને વિચારમાં પડેલા જોઈને પૂછયું: 'કાકા, કેમ વિચારમાં પડી ગયા! આવું ભારે નીલમ આજે કોણ લેશે એમ લાગે છે ?'

'ભાઈ, આ નીલમને હમણાં આપણે નથી વેચવું. બજાર સારો થવા દે.' પાનાચંદ શેઠ બોલ્યા. અને નાની એવી એક સુંદર પેટી નવીનને આપતાં આપતાં કહ્યું: 'હમણાં આ નીલમને પેટીમાં રાખી મૂક અને પેટી તારી બા સાચવી રાખે. બજાર સારો થશે ત્યારે આપણે એને વેચી દેશું.'

'પણ કાકા....' નવીન બોલ્યો અને આંખમાં બે આંસુ આવ્યાં.

'નવીન, મૂંઝાય છે શા માટે?' પાનાચંદે તેને પાસે લીધો.

'કાકા, આને વેચીએ તો ઘરખર્ચ ચાલે ભલે ને બે હજાર ઓછા આવે.' નવીને જણાવ્યું.

'ભાઈ, આપણે એમ નથી કરવું. ઘરખર્ચ માટે તો તારે દર મહિને પાંચસો રૂપિયા પેઢીમાંથી ઉપાડવાના છે.' પાનાચંદ બોલ્યા.

'પણ મહેતાજી તો બાને કહેતા હતા કે હમણાં દર માસે દશ હજારની ખોટ આવે છે.' નવીન બોલ્યો.

'એ મહેતાજી ચોપડામાં આંકડા પાડી જાણે. ભાઈ, કેટલોક વ્યવહાર પેઢીના ચોપડામાં લખાય છે અને તેના સરવાળા-બાદબાકી થાય છે. પણ કેટલોક વ્યવહાર ચોપડાની બહાર લખાય છે અને તેના સરવાળા-બાદબાકી કરવાની મહેતાજીની કલમમાં તાકાત નથી. માણેકચંદ શેઠની વિધવા અને પુત્રને આવતી કાલનો વિચાર કરવો પડે તો ય પેઢી નફાતોટાની ગૂંચમાંથી બહાર ન આવી શકે તો તો મેં જીવી ન જાણ્યું! નવીન, હું આજે ફરીથી તારી બા પાસે આવીશ. પેઢીના નફાતોટાનો વિચાર તારે કરવાનો નથી. એ કરવા માટે તો હું કયાં નથી બેઠો? વળી કારજ હવે ઊકલી ગયું છે એટલે કાલથી તારે પેઢી પર આવવાનું છે ને આ બેઠક સંભાળવાની છે!'

'પણ કાકા, મને કયાં હીરામાં ખબર પડે છે?' નવીન બોલ્યો.

'ભાઈ, એક દિવસ આ પાનાચંદને પણ કયાં

પડતી હતી ? પણ મને મોટા શેઠે પડખામાં લીધો અને શીખવ્યું ત્યારે આટલું ય આવડે છે. તને ખબર નથી; માણેકચંદ શેઠે મારા પર જે ઉપકાર કર્યો છે તેનો બદલો મારાથી વળે તેમ નથી. તને હીરાની પારખ શીખવીને હું મારું થોડું પણ ઋણ વાળું તો મારી જાત ધન્ય થાય.' પાનાચંદ શેઠ ગળગળા થઈ ગયા.

*

નવીન તો આજે પેઢીનો મોટો શેઠ બની ગયો છે. તેને હીરાની કોઈ અજબ પારખ આવી ગઈ છે. પાનાચંદ શેઠે પેઢીનો બધો વહીવટ તેના હાથમાં મૂકી દીધો છે ને જે પેઢી થોડાં વર્ષો ઉપર દર માસે રૂપિયા દશ હજારની ખોટમાં ચાલતી હતી તે આજે દર વર્ષે ત્રણચાર લાખનો નફો કરતી થઈ ગઈ છે ને પાનાચંદ શેઠ ફક્ત સાંજે એક કલાક પેઢી પર આવે છે ને બીજા વૃદ્ધ ઝવેરીઓ સાથે ચાપાણી લઈ ચાલ્યા જાય છે. તિજોરીની ચાવી પણ હવે તો નવીન પોતાની સાથે લેતો જાય છે.

એકવાર સાંજે પાનાચંદ શેઠ પેઢી પર આવ્યા ને નવીનને બોલાવીને કહેઃ 'નવીનભાઈ, આપણે પેલું તારી બાનું નીલમ તો સાવ ભૂલી ગયા ! હવે બજાર સારો છે એટલે પેટી મંગાવ તો વેચી દેવાય.'

નવીને તરત જ માણસને મોકલીને બા પાસેથી પેટી મંગાવી અને ઉઘાડીને નીલમને હાથમાં લઈને જોયું ત્યાં તો બારીએથી રસ્તા પર ઘા કર્યો.

'હં હં, નવીન, એ શું ફેંકી દીધું ?'

'કાકા, એ તો પેલું નીલમ જ ના!'

'ફેંકી શા માટે દીધું?'

'એ નીલમ જ ક્યાં હતું? એ તો હતો લીલા કાચનો કટકો.'

'હોય નહિ, હોય!' કાકા હસતા હસતા બોલ્યા.

'ન હોય શું? નીલમ હોય તો શું હું ફેંકી દઉં?' નવીન બોલ્યો: 'પણ કાકા, તમે ય એને પારખી ન શક્યા? આવા કટકા માટે તમે મને મખમલની આવી સરસ પેટી આપી?'

'ભાઈ, મારી આંખે નહિ દેખાયું હોય એમ ઓછું જ છે?'

'તો પછી કાકા, તે દિવસે તમે મને કેમ ન કહ્યું કે આ નીલમ નથી પણ કાચનો કટકો છે.' નવીન બોલ્યો.

'ભાઈ, કહેવા કહેવાના ય વખત હોય છે; કવખતે કહેલું સોળ આના સાચું હોય તોપણ નકામું જાય છે; યોગ્ય વખતે કહેલું લાભ કરે છે.' પ્રેમચંદ શેઠે જણાવ્યું ને વળી ખોંખારો ખાઈને બોલ્યા: 'તે દિવસે જો મેં તને કહ્યું હત તો લોકો કહેત કે માણેકચંદ ગયા એટલે પ્રેમચંદને આંખની પણ શરમ ન આવી અને અણુસમજુ છોકરાને છેતર્યો. લોકો તો કહેત પણ તારી આને પણ મારા માટે ઓછું આવત અને ભાઈ, તારા દિલમાં પણ ઝેર વસત. આ બધું હુ એક પળમાં જોઈ ગયો એટલે મેં તે દિવસે તને ન કહ્યું. આજે તને પોતાને સ્પષ્ટ દેખાયું એટલે મને નિરાંત વળી છે.'

'પણ કાકા, તમે મને અને મારી બાને કેટલાં બધાં વર્ષો ભ્રમમાં રાખ્યાં ?' નવીન બોલ્યો. 'તમે બહુ ધીરજ રાખી.'

'ભાઈ, તને ભ્રમમાં રાખ્યો ને તું જાતે એને પારખી લે ત્યાં સુધી ધીરજ રાખી એનાં પરિણામ હું આજે જઉં છું ના ? મેં ધીરજ ન રાખી હત તો આ નવીન આજે મારો છે તેવો મારો ન હત અને માણેકચંદનો ઉપકાર વાળવાનો વખત મને ન મળત. નવીન, તારો ભ્રમ હું કાઢું એના કરતાં તારો ભ્રમ તું જાતે જ કાઢે એ વધારે સારું નહિ ?' પ્રેમચંદ શેઠે કહ્યું. 'લોકો બીજાઓને ભૂલો બતાવવાની મહેનત કરે છે તેના કરતાં બીજાને પોતાની ભૂલ સમજાય એ માટે મહેનત કરતા હોય તો દુનિયા ભારે સુખી થાય.'

પ્રેમચંદ શેઠ મનમાં ગર્વ અને આનંદ માણતા ઘેર ગયા અને નવીન આ ખડતલ ડોસાની ભાવભીની કુનેહનાં મનમાં વખાણ કરતો નીલમની સાચી હકીકત બાને જણાવવા માટે પેઢીમાંથી વહેલો ઘેર ગયો

જીવનની શાળા

મહમ્મદ દિલ્હીમાં રહે. પોતે એકલો ફક્કડ એટલે રોજના બે રૂપિયા કાઢ્યા ન ખૂટે. એનો ધંધો હોકાને રૂપાના વાળાથી ગૂંથવાનો. મહમ્મદની ગૂંથણી એવી સરસ કે એકવાર મહમ્મદે ગૂંથેલો હોકો જેણે વાપર્યો એ બીજાના ગૂંથેલા હોકાને હાથ ન અડાડે.

દરરોજ સાંજે મહમ્મદ ઇસ્રીટાટ કપડાં પહેરી, માથે શરબતી મલમલનો સાફો બાંધી, પગમાં સરસ મોજડીઓ પહેરી, રૂમાલમાં અત્તર નાખી, હાથમાં સોટી લઈને ફરવા નીકળે અને ઘેર પાછા આવીને ભાડે લીધેલ પોશાકના પૈસા ફગાવી દે.

એકવાર મહમ્મદ ઉપર પ્રમાણે ઠાઠમાઠથી ફરવા નીકળ્યો. તેના ખભા ઉપર આજે કાશ્મીરી શાલ પણ હતી. દિલ્હીના રાજમાર્ગ ઉપર થઈને મહમ્મદ જતો હતો એવામાં મહેલમાંથી બાદશાહનું તેના તરફ ધ્યાન ખેંચાયું.

'બીરબલ! જોયો આ છેલબટાઉ? કેવાં સરસ એનાં કપડાં છે!'

બાદશાહ હજી તો આ શબ્દો બોલે છે ત્યાં તો

રાજમહેલની ખાળ કોઈએ ખુલ્લી મૂકી એટલે ખાળનું મેલું પાણી રાજમહેલમાંથી રસ્તા ઉપર વહેવા લાગ્યું. મહમ્મદ રોફમાં ને રોફમાં ચાલ્યો જતો હતો ત્યાં ખાળનું મેલું પાણી રસ્તામાં આડું આવ્યું. જો મહમ્મદ એમાં ચાલે તો તેની ચમકતી મોજડીઓ ગંદી થાય તેમ હતું. મોજડીઓ બગડે એ મહમ્મદને કેમ ગમે ? તેણે તરત જ ખભા પરથી કાશ્મીરી શાલ લીધી. શાલને વહી જતા ખાળના પાણી ઉપર બિછાવી દીધી અને તરત જ શાલની ઉપર પગ દઈને એ ખાળનાં પાણી વટી ગયો.

મહેલમાં ઊભાં ઊભાં બાદશાહે આ બધું જોયું અને બોલ્યા, ‘ બીરબલ, ભારે વિચિત્ર માણસ ! આવી સરસ શાલને બગાડતાં ને છોડી જતાં એનો જીવ કેમ ચાલ્યો હશે ? આવા ય માણસો પડયા છે ! ’

બીરબલે જવાબ આપ્યો, ‘ જહાંપનાહ, આ આદમી પરણ્યો નહિ હોય એમ લાગે છે. દુનિયામાં લગ્ન એ પણ એક પ્રકારની શાળા છે. એ શાળા જે શિક્ષણ આપે છે તે બીજે કયાંયથી મળતું નથી. ’

‘ તો બીરબલ, જો આ આદમી ખરેખર પરણેલ ન હોય તો આપણે તેને પરણાવીએ. પછી તો એને એ શિક્ષણ મળી રહેશે કે ? ’ બાદશાહે પૂછયું.

‘ જરૂર, જહાંપનાહ. ’

‘ જો બીરબલ, એને પરણાવવાની અને બીજી જરૂરી બધી ગોઠવણ તું કરજે. એનું શિક્ષણ કેવું નીકળે છે તે મને દેખાડીશ એટલે બસ છે. ’ બાદશાહે ફરમાવ્યું.

ત્યાર પછી તો બીરબલે મહમ્મદને બોલાવ્યો અને બાદશાહને ખર્ચે તેને પરણાવ્યો અને મહમ્મદને તેમજ તેની સ્ત્રીને કોઈ પણ પ્રકારની મહેનત કર્યા વિના ખાવાપીવાની, રહેવાની તેમજ મોજશોખ કરવાની બધી સગવડ કરી આપી.

દિવસો ઉપર દિવસો વીત્યા અને બાદશાહની મહેરબાનીથી સુખી જિંદગી ગાળતા મહમ્મદને એક દિવસ અચાનક ખબર મળ્યા કે આવતી કાલે સવારથી પોતાને મળતી બધી સગવડો બંધ થશે. મહમ્મદને તેમ જ તેની સ્ત્રીને આથી ભારે આઘાત થયો. મહમ્મદે વર્ષોથી પોતાની ઘોડા મઢવાની દુકાન બંધ કરી હતી. પરણ્યા પછી તરત જ તેને એવી બાદશાહી સગવડો મળી હતી કે આજે તેની ચામડી સાવ સુંવાળી થઈ ગઈ હતી. ઉપરાંત આજે તો તેને બચ્ચાંઓ પણ થયાં હતાં. બાદશાહનો હુકમ જાણી મહમ્મદને ભારે આઘાત થયો અને એણે બાદશાહને મળવા માટે ઘણી મહેનત કરી; પણ કાંઇ વળ્યું નહિ. અને બીજે દિવસે સવારે મહમ્મદ, તેની સ્ત્રી અને તેનાં ત્રણ બાળકો દિલ્હીના સરિયામ રસ્તા પર ફેંકાયાં.

મહમ્મદની મૂંઝવણોનો પાર ન રહ્યો. એની સ્ત્રી કલ્પાંત કરતી હતી. બાળકો અનાજ માટે ટળવળતાં હતાં. મહમ્મદે રસ્તા પરના દુકાનદારો પાસેથી બબ્બે રૂપિયા ઉછીના લીધા અને તેમાંથી એક નાનો બળદ તથા બળદોને નાળ જડવાનો સામાન ખરીદ્યો. દિલ્હીના

દરિયામ રસ્તા પર મહમ્મદ આ બળદની ઉપર સામાન નાખી ચાલ્યો અને 'કોઇને જડાવવા છે નાળ, કોઇને નાળ જડાવવા છે,' એમ બૂમો પાડવા લાગ્યો.

રાજમહેલના ઝરૂખામાંથી બીરબલ આ બધું જોતો હતો. બીરબલે બાદશાહને પણ ઝરૂખામાં બોલાવ્યા અને મહમ્મદના ઢંગ તેમને દેખાડ્યા.

એવામાં એક આદમીએ મહમ્મદને નાળ જડવાને માટે બૂમ પાડી એટલે બીરબલે મહેલની ખાળને છોડી મુકાવી અને ખાળનું ગંદુ પાણી સડક પર ધોધબંધ વહેવા લાગ્યું. મહમ્મદ પેલા આદમીના બળદને નાળ જડવા માટે જાય છે ત્યાં મહેલની ખાળ છૂટી એમાં મહમ્મદનો બળદ ભડક્યો અને નાળના સામાન સાથે નાઠો. મહમ્મદ તેની પાછળ દોડ્યો અને જેમતેમ કરીને તેને પાછો લાવ્યો. પણ બળદ ખાળના પાણીને ઓળંગતો જ ન હતો. મહમ્મદે તેને પોતાની ખાંધ પર લીધો અને સામી બાજુએ મૂકીને નાળ જડવા લાગ્યો.

મહમ્મદે બળદને પોતાની ખાંધ પર ઊંચક્યો એ જોઇને બાદશાહ તાજુબ થયા અને બીરબલ બોલ્યો, 'હું નહોતો કહેતો ! અમારા શાસ્ત્ર પ્રમાણે તો ગૃહસ્થાશ્રમ એ જીવનની મોટી શાળા છે. કાશ્મીરી શાલને બિછાવી તેના પર ચમકતા બૂટ પહેરીને જતો આ મહમ્મદ આજે ઉઘાડે પગે પોતાની ખાંધ પર આ બળદને ઉપાડે છે એનું કારણ એનાં સ્ત્રી અને બાળકો.'

મહમ્મદ ફક્કડ મટી ઘરબારી થયો.

સાધુ કોણ?

ગામને પાદર નદી બારે માસ વહે. નદીને કાંઠે બજરંગ દાદાની દેરી. ગામમાં બજરંગ દાદાનો ભારે મહિમા. ગામની ચારે ય બાજુ બજરંગ દાદાના સતની ભારે વાતો થાય અને દર શનિવારે દેરી પાસે દર્શને આવનાર માણસોની ઠઠ જામે.

બજરંગ દાદાની સેવા કરે હનુમાનદાસ નામનો બાવો. હનુમાનદાસ બજરંગ દાદાની દેરી પાસે ઝૂંપડીમાં રહે અને ગામમાં રામરોટી માગે. બજરંગ દાદાનું સત ઘણું એટલે હનુમાનદાસને ચીજવસ્તુની તાણ ન રહે.

દાસજીને હનુમાન સરમાં આવે. દાસજીને હનુમાન-સ્તોત્ર મોઢે. અને જ્યારે જ્યારે એ સ્તોત્ર ભણે ત્યારે હનુમાનજી સરમાં આવ્યા હોય. દાસજીને હનુમાન સરમાં આવે છે એ ખબર પડ્યા પછી ગામના લોકો એમનાથી બીવા મંડ્યા અને ભરવાડો તો દાસજીને મફત દૂધ પણ આપવા લાગ્યા.

ગામમાં ભાવસારોની મોટી વસ્તી. ગામને પાદર નદી એટલે ભાવસારો વેજાં ધુએ અને રંગે એટલે એ પાંદડે પણ થયાં. બજરંગ દાદાની દેરી પાસે જ

ભાવસારોનાં છાપરાં અને ત્યાં આખો દી ભાવસારો વેજાં ઝીંકયે રાખે અને રાતે ઘેર જાય.

એક દિવસ સાંજે હનુમાનદાસ નદીએ નાહવા આવ્યા. ભાવસારો બધા લગભગ વેજાં ધોઈને ઘેર ગયેલા. માત્ર જગજીવન ભાવસારને એક વેજું ધોવું બાકી હતું એટલે તે એક મોટી છીપર પર વેજાં પલાળીને ઊભો હતો. દાસજી ત્યાં જ આવીને ઊભા રહ્યા અને છીપર પર પોતાની કંથા ફગાવીને બોલ્યા: 'જગજીવન, મારે ધોવું છે. બીજે છીપરે જા.'

જગજીવન દાસજીને પગે લાગતો બોલ્યો, 'મહારાજ મારે એક વેજું બાકી છે. અંધારું થઈ ગયું છે.'

'ચૂપ કર' દાસજી બોલ્યા, 'કહ્યું માનતો નથી?'

'દાદા, રાતાપીળા ન થાઓ. હું ઉપરવાસ જઈશ તો તમારે મેલું પાણી આવશે માટે તમે ઉપરવાસ જાઓ તો સારું.' જગજીવને નમ્રતાથી જણાવ્યું.

'અલ્યા દ.ગલા,' દાસજી વધારે કોપ્યા, 'હું કોણ છું તે જાણે છે? ઊભો રહે. ઊભો રહે, તને પડચો બતાવવો પડશે.'

એમ કહી દાસજીએ હનુમાન-કવચનો પાઠ આદર્યો અને પાઠ પૂરો થતાં જ હનુમાન સરમાં આવ્યા.

દાસજી એ હાથ જોડી બોલ્યા, 'હે હનુમાન દાદા, આ જગલો ભાવસાર બહુ ફાટી ગયો છે ને મને ગાંઠતો નથી તો આપ આપનો લાલિયો ઘોકો એના વાંસામાં

લગાવો એટલે એને ખબર પડે. સાધુને સતાવવો સારો નથી એ એને સમજાવો.'

આકાશમાંથી ધીર ગંભીર વાણી નીકળી, 'કોણ સાધુ અને કોણ ભાવસાર, એ મારાથી કળાતું નથી.'

'ભગવાન, આ હું ઊભો છું એ આપનો સાધુ છું અને પેલો ઊભો છે તે જગલો ભાવસાર છે.' દાસજી બોલ્યા.

'સાધુ કોણ! દાસજી કે જગજીવન?' ધીર ગંભીર વાણીએ ચલાવ્યું. 'નહિ નહિ, કંથા ધોવા માટે છીપરા-ની નજીવી વાતમાં ગમે તેમ બોલનારો અને એવી વાત માટે મને હનુમાનને બોલાવીને ધોકા મારવાનું માગનારો તું સાધુ? કે આ બીચારો સીધોસાદો ભાવસાર સાધુ? દાસજી! ખબરદાર આજથી મારા સ્તોત્રનો પાઠ કર્યો તો! મારી ના છતાં પાઠ કરીશ તો તારું માથું ભાંગી જશે.' કહી હનુમાનજી સરમાંથી વહ્યા ગયા અને દાસજી ધોયા વિનાની કંથા લઈને ઝૂંપડીએ ચાલ્યા.

'મારું ખાસડું જડતું નથી'

કિરીટ અને મહોબત બે ભાઈઓ. દેવીસિંહ બાપુ પોઢયા ત્યારે બંનેની ઉંમર નાની. બાપદાદાનો ગરાસ તો ઘણો મોટો પણ દેવુભા બંધાણી એટલે ગરાસ બધો વાણિયાને ત્યાં લખી દીધો. કહે છે કે દેવુભાનો અંતકાળિયો ચોળવો હતો ત્યારે અંદર નાખવાનો પૈસો ગોર પાસેથી લીધો હતો.

મહોબત મોટો અને કિરીટ નાનો. બંને વચ્ચે ત્રણેક વરસનો ફેર હશે. મહોબત રૂપાળો પણ ભીને વાને; કિરીટનો વાન ઊજળો પણ મોઢું કદરૂપું. કિરીટની મૂછે દોરો ફૂટું ફૂટું થઈ રહ્યો હતો. મામાને ઘેર મોટા તો થયા પણ હવે મામીની ધીરજ પણ ખૂટી હતી.

*

પ્રતાપસિંહજી બે ગામનો ગામેતી. ઊપજ વરસે દહાડે પચ્ચીશેક હજારની હશે પણ માણસ લાખ રૂપિયાનું. પ્રતાપસિંહનો રોટલો મોટો; મહેમાનો તો આવ્યા-ગયા હોય જ; સાધુસંત પણ હોંશે આવે ને બે દિવસ સત્સંગ કરાવે; ગામમાં કોઈ ભૂખ્યું સૂએ નહિ એની પ્રતાપસિંહ બાપુને ભારે કાળજી.

પણ એમને એક ચિંતા: જીવુબાને પેટે દીકરો નહિ. જીવુબા અસલ ગરાસણી ને પેટે બે સુંદર કન્યાઓ. કુંવરબા અને નાનીબા આજે જુવાનીમાં પગ મૂકતાં હતાં.

પણ એમની જુવાની તોફાને ચડી હતી. બંને મોંઘા મૂલની દીકરીઓ એટલે એમને ભારે કેફ ચડ્યો હતો.

ગામનાં માણસો જીવુબાને કહ્યા કરે કે બંને બેનો જુવાન થઈ છે એટલે એમને જો પારકી કરો તો દીકરો આવે. જીવુબાએ બંનેને પરણાવી દેવાનો વિચાર કર્યો અને તપાસ કરવા માંડી પણ દીકરીઓ માને તો ને ?

બંને બેનોએ ખાનગીમાં પ્રતિજ્ઞા કરેલી કે પરણ્યા પછી દરરોજ આપણે માથામાં ત્રણ ખાસડાં મારીએ તે ખાય એને જ પરણવું. પ્રતિજ્ઞા એવી તો આકરી હતી કે ખરો ગરાસિયાનો દીકરો તો એમનો હાથ ઝાલે જ નહિ. હાથ ઝાલનાર મળે જ નહિ, એટલે બંને પારકી થાય જ નહિ અને દીકરીઓ પારકી થાય નહિ ત્યાં સુધી જીવુબાને દીકરો સાંપડે જ નહિ.

ઘરમાં મોટો કોયડો ઊભો થયો. પ્રતાપસિંહ પણ વિચારમાં પડ્યા અને હાથ ઝાલનાર મળે તો કરિયાવરમાં અર્ધું ગામ આપવા સુધી તૈયાર થયા. પણ માથામાં દરરોજ ત્રણ ખાસડાં ખાવા કયો ગરાસિયો તૈયાર થાય ? ને તૈયાર થાય તો એ ગરાસિયાના લોહીનો ન પણ હોય ! ગાડું આખું ઘાંચમાં પડ્યું !

કિરીટ–મહોબતને આ વાતની ખબર પડી. 'કિરીટ,' મહોબત બોલ્યો, 'પરણી લેશું ?'

'મોટાભાઈ, આ પરણેતરમાં શો રસ આવે ?' કિરીટ બોલ્યો, 'એ કરતાં તો જીવતર આખું ય વાંઢા રહીએ તો શું ખોટું ?'

'કાંઈ છોડીઓ છે! હાથણીઓ જેમ ચાલે છે! વળી પરણીએ તો અર્ધું ગામ ભાગમાં મળે એટલે આ મામીના ઠુંબા તો ન ખાવા પડે.' મહોબતે જણાવ્યું.

'મહોબત, મામી ગમે તેવા ઠુંબા મારે તો ય આ તો આપણાં માનું પિયેર.' કિરીટે જણાવ્યું, 'પારકી જણી આવે અને ખાસડું ભલે મારે નહિ પણ ફક્ત અડાડે તે દી તો માથું વઢાઈ દેવું પડે ને. એવો રોટલો મળે તો તેનાં કરતાં ભૂખ્યા મરી જવું શું ખોટું ?'

'કિરીટ!' મહોબત બોલ્યો, 'તારી વાત તો સાચી છે પણ ખાસડાની વાત ફક્ત આપણને બિવડાવવા માટે જ છે. કોઇ ઓછું જ ખાસડું મારે છે? પણ ખાસડાની વાત કરે એટલે નબળો–પોચો હામ ન કરે એટલું. એ બંનેનું રૂપ તો જો! છોકરીઓ અપ્સરાઓ છે! આ લાગ જશે તો આપણા કપાળમાં કોઇ ચાંદલો કરવાનું નથી એ ચોક્કસ છે. આપણા બાપુએ એવું ખેડી રાખ્યું છે.'

'છતાં મને તારી વાત ગળે ઊતરતી નથી. ગમે તેવા તો ય આપણે ગરાસિયા! કાલ સવારે બાયડી આવીને ખાસડું ઉગામે અને કડ પર તલવાર ત્યાંની ત્યાં ટાંગી રહે! ભાઈ, મને અંધારાં આવે છે.

*

પ્રતાપસિંહ અને જીવુબાના કોડ પૂરા થયા. બંને દીકરીઓ વાજતેગાજતે પરણી અને બંનેના કરિયાવરમાં અર્ધ ગામ આપ્યું. કાલે ઈશ્વર સારા દી દેખાડશે.

દરબારના મહેલમાં ઓરડો શણગાર્યો અને કુમાર મહોબતસિંહજી ખાનપાનથી પરવારી શણગારસજ્જ થઈ ઓરડામાં રાહ જોતા બેઠા. એક બાજુ મોટો રંગત ઢોલિયો પાથર્યો છે, ઉપર ધોળી ચાદર બિછાવી છે; પાસે જ પાણીથી ભરેલ રૂપાનો કળશો, પ્યાલો, રૂપાની થૂંકદાની રૂપાનું પાલું વગેરે પડ્યાં છે. થોડે દૂર ભીંત પરના ચાકળાને અઢેલીનો હોકો મૂકયો છે.

ટનનન્, ટનનન્, ટનનન્, રાતના દશ થયા અને કુંવરબાએ કમાડ ઉઘાડ્યું. તરત જ મહોબતનું ધ્યાન ગયું એટલે એ રંગત માંચી પરથી ઊઠીને બાટલા તરફ ચાલ્યો અને હાથ લંબાવે છે ત્યાં કુંવરબા બોલી: 'કુમાર! મને અડશો નહિ. આપણો ઠરાવ પૂરો થાય પછી જ મને ટપારો કરવો.'

મહોબત સહેજે થંભી ગયો ને બોલ્યો: 'કુંવરી, તમે આવું બોલશો એમ મેં ધાર્યું ન હતું. આપણો ઠરાવ તો છે જ અને હું પણ ગરાસિયો છું એટલે વચનને તોડવાનો નથી પણ એ ઠરાવને આ રીતે પાળવાનો છે એ જોઈને મને નવાઈ લાગે છે!'

'કુમાર!' કુંવરબા શાંતિથી બોલી, 'તમે કહ્યું તે સાવ સાચું છે. પણ નાનીએ હજુ હમણાં જ છૂટા પડતી

વખતે મને ખાસ કહ્યું છે કે ' જોજે, મોજડી માર્યા પછી અડવા દેજે ' એટલે તમે માથું નમાવો અને હું કામ પૂરું કરી લઉં.'

' માર્યા વિના નહિ જ ચાલે ? મહોબતે સ્નેહથી પૂછ્યું.

' મારીશ નહિ, માત્ર અડાડીશ જ. કુમાર, તમને હજી ક્યાં ખબર છે ? નાનીએ તો આ મોજડીઓની નીચે લોઢું જડાવ્યું હતું પણ મેં છાનાંમાનાં મારી મોજડીને તળિયે મલમલનો કટકો સિવડાવી લીધો છે. એટલે તમને અડશે ત્યારે કૂણું માખણ લાગશે.' એમ કહી કુંવરબાએ મહોબતના માથા ઉપર ત્રણ વખત પોતાની મોજડી અડાડી.

*

' કેમ નાનીબેન,' કુંવરબાએ પૂછ્યું, ' કિરીટસિંહે કેવાંક ખાસડાં ખાધાં ? તારી વાત તો કર.'

' તમે મોટાં એટલે પહેલી તમે તમારી વાત કરો, પછી હું મારી વાત કરું.'

કુંવરબા બોલી, ' મારી વાતમાં કાંઈ વધારે જાણવા જેવું નથી.'

' તો શું મારા જેઠે એમ ને એમ મૂંગે મોઢે ખાસડાં ખાઈ લીધાં ? ' નાનીબાએ પૂછ્યું.

' જો નાની, મારા પર ગુસ્સે ન થતી. મેં તો છાનાંમાનાં તને કહ્યા વિના મારી મોજડીને મખમલનો કટકો જડાવી લીધો હતો.' કુંવરબા બોલી, ' મારા પર તારે ક્રોધ કરવાનો નથી, હો.'

'ઠીક, નહિ કરું. પણ વાત તો કરો.' નાની બેન બોલી.

'હું તો ઓરડે ગઈ ત્યારે કુંવર મારી રાહ જ જોતા હતા.' કુંવરબાએ જણાવ્યું.

'ગઇ કે તરત જ માથું ધરી દીધું ?' નાની બેને ઉતાવળે પૂછ્યું.

'ના રે ના, એમ તો એ ગરાસિયા છે.' કુંવરબા બોલી.

'તો ઠીક. પછી ?' નાનીબા બોલી.

'પછી એમણે મને તેડી જવા હાથ લાંબા કર્યા પણ મેં રોકયા. મોજડી માર્યા પહેલાં સ્પર્શ ન કરવો એવો આપણો નિયમ હતો ના ?' કુંવરબા બોલી.

'હા, આપણો નિયમ તો હતો જ પણ એમણે ય એ ભાઈઓએ કાંઈક નિર્ણય કર્યો હશે ના ?' નાનીબા બોલી.

'એમણે નિર્ણય તો જે કર્યો તે હું શું જાણું ?' કુંવરબા બોલી.

'પણ ખાસડું તેં માર્યું કે નહિ ?' નાની બેને પૂછ્યું.

'મોજડી મારતાં મને દુઃખ તો ઘણું થયું પણ આપણે નક્કી કર્યું હતું એટલે મેં મારી અને એમણે ખાધી. આ મારી વાતનો સાર. હવે તારી વાત વિસ્તારથી મને કહે. મારા દિયરને તો તારી મોજડીના ખીલા વાગ્યા હશે એટલે માથામાં લોહી પણ નીકળ્યું હશે. તને ય નાની લોઢાનાં ચાપડાં જડાવતાં શરમ ન આવી ? કહે જોઈએ, તેં શું કર્યું ?'

'એં ?' નાનીબા બોલી, 'ધારને કે મેં ય ખાસડું માર્યું.'

'ધારવું શા માટે ?' કુંવરબા બોલી, 'ખાધું હોય તો માર્યું એ સાચું. પણ તારી વાત તો માંડીને કર.'

'મોટી બેન, સાચું કહું ? હું તો ખાસડું લઈને ઓરડે ગઇ ત્યાં ખાસડું મારા હાથમાંથી જ પડી ગયું !' નાનીબેન બોલી.

'પડી ગયું ? એ તો ખાટલામાં જ અથડાયું હશે. પણ તેં પાછું ઊંચકી લીધું ના ?' કુંવરબા બોલી.

'ઊંચકવાનું મન તો ઘણું ય થયું પણ હામ જ ન હતી.' નાનીબેને જણાવ્યું.

'ત્યારે ?'

'ત્યારે શું ? ત્યારે ઈ...'

'તો તેં ખાસડું માર્યું જ નહિ !'

'મારવાની મને હોંસ ન રહી.' નાનીબેન બોલી.

'શું બોલે છે, નાની ! તારો બધો રોફ ક્યાં ચાલ્યો ગયો ? વાત તો માંડીને કર.'

'જો બેન, હું તો દશના ટકોરા થયા કે તરત જ હોંશમાં ને હોંશમાં ઓરડે ગઈ અને બારણું સહેજ ઉઘાડું ત્યાં તો ઓરડામાંથી રાડ પડી: 'સાળાં મને ઊંઘવા જ દેતાં નથી !' કમાડની તડમાંથી જોઉં છું તો ઢોલિયાના ચારે પાયા લોહી લોહી અને કિરીટસિંહના હાથમાંની તલવાર પર પણ રાતા છાંટા.'

'લોહી શાનું ?' કુંવરબાએ પૂછ્યું.

૪

'એ વખતે તો શી ખબર પડે ?' નાનીબેન બોલી.

'પછી ?'

'પછી તરત જ હાકોટો થયો, 'કોણ છે એ બારણામાં ?' અને જોઉં છું તો કુંવર નાગી તલવાર લઈને બારણા તરફ ધસી આવતા હતા. 'સાળાં કોઈ ઊંઘવા જ દેતાં નથી ! બધાં મારા લોહીનાં તરસ્યાં છો !' કોણ છે એ બારણામાં ?'

'કુંવરને જોતાં જ મારા પગ ધ્રૂજી ગયા. એમનો વિકરાળ ચહેરો જોઇને હું તો ડઘાઇ ગઇ અને મોજડી મારા હાથમાંથી નીચે પડી ગઇ ! મને શરીરે પરસેવો છૂટયો.

''ઓહો કુંવરી છે ! પધારો, મને આજે ઊંઘ બહુ આવે છે' કહી એ ઢોલિયા તરફ ચાલ્યા. હું પણ પાછળ પાછળ ગઈ અને તેમના પગ ચાંપતી ચાંપતી એ જ ઢોલિયામાં લપાઇને સૂઈ રહી. હજી અત્યાર સુધી એ જાગ્યા ન હતા એટલે હું તો છાનીમાની ચાલી આવી. એ હજી સૂતા છે.'

'અરેરે, નાનીબેન, મોટે ઉપાડે મોજડી સિવડાવી અને આવ્યાં તો મોજડીને અડાડયા પણ વિના. પહેલાં તો કેવો રોફ મારતી હતી ? એ બધો રોફ કયાં સંતાઈ ગયો ? મેં બાપડા મહોબતસિંહને નકામા હેરાન કર્યા. તારા ખાટલાને પાયે લોહી કયાંથી આવ્યું તે જડયું ?'

'હા, કુંવર સૂઈ ગયા પછી મેં સંતાઈને જોયું તો ચાર પાયે ચાર જનાવર બાંધેલાં અને એ બધાંને એમણે

હું આવી ત્યારે કાપી નાખેલાં. એક પાયે મીંદડી, એક પાયે ઉંદર, એક પાયે નોળિયો અને એક પાયે સર્પ.'

' સામસામાં આ સૌને બાંધ્યાં હોય ત્યાં કોઈ જંપવા દે ખરું ?' કુંવરબા બોલી.

' એટલે જ હું હેબતાઈ ગઇ ના ? નહિતર કુંવરના ભાર છે ! હવે આજ રાતે જોઈ લે. આજ ત્રણને બદલે છ ખાસડાં મારવાની છું. પણ મોટીબેન, મારું ખાસડું જડતું નથી. તેં લીધું છે ?' નાનીબેન બોલી.

એટલામાં જીવુબાએ સાદ કર્યો: ' એ બેનો, હવે આવજો. કિરીટસિંહ આવી ગયા છે. ચાલો પાટલા ઢાળો.'

અતિથિ-શિક્ષા

'કેમ ધનભાઈ, ક્યારે પહોંચાડયા ?' કાંતિશંકરે મહાલક્ષ્મીના મંદિરમાં પૂછ્યું.

'કાલે સાંજે.' ધનપ્રસાદ બોલ્યા.

'યશવંતરાયની મહેમાનગતી ચાખી આવ્યા ? કેવોક સ્વાદ આવ્યો ?' કાંતિભાઈએ ચલાવ્યું.

'કાંતિભાઈ, એ મે'માનગતીનાં શાં વખાણ કરું ? નહિ ઘરમાં બૈરું, નહિ કોઈ નોકર, તો ય ઘર જુઓ તો ચોકખું: ઓરડા બધા લીપેલાગૂંપેલા; ચીજવસ્તુ બરાબર ઠેકાણાસર, રસોડું છીંક આવે તેવું, મોરીખાળ વગેરે જરા ય ચીકણાં નહિ. વાસણો, ઉપરથી તો ચળકાટ મારે, પણ અંદરથી યે સાફ.' ધનભાઈ બોલ્યા.

'એ બધું તો સમજ્યો પણ એમાં મે'માનગતી ક્યાં આવી ?' કાંતિભાઈથી ન રહેવાયું.

'મે'માનગતી પણ એથી સવાઈ. ઊઠ્યો ત્યારે આસન તૈયાર. પાસે દાતણ અને ઊના પાણીનો લોટો. ટુવાલ મૂકવો ભૂલી ગયેલા; પણ મેં માગ્યો કે તરત જ દોડીને આણ્યો.'

'એ બધું તો ઠીક. દાતણ કરવા જમીન પર બેસીએ

કે આસન પર બેસીએ એમાં મોટો ફેર નથી. પણ મે'માનગતીમાં તમને જમાડયું શું ?' કાંતિલાલે પૂછયું.

'અરે કાંતિ, વાત મૂકી દે. એક દિવસ બનાવ્યા રસપૂડા. પૂડલા તો મોટા થાળી જેવડા ઉતાર્યા અને વળી અણિશુદ્ધ. સાથે વાલની શળંગ દાળ, કારેલાનું શાક, રાયતું ને રસમાં સૂંઠ, ઘી સાથે સાકર. કોઈ ન જાણતો હોય એને ખબરે ન પડે કે ઘરમાં નાગરાણી નથી.' ધનભાઈને મોંમાં પાણી આવવા લાગ્યાં.

'એ બધું તો ઠીક પણ તેં યશવંતરાયને રાંધવા-બાંધવામાં મદદ કરી કે નહિ ?' કાંતિએ પૂછયું.

'મદદ તો શું કરું ? બંદાએ તો કોઈ દિવસ ચૂલો પણ ન સળગાવ્યો હોય! વળી મારે તો માળા ફેરવવાનો અને ચંડીપાઠનો નિયમ, એટલે વખત જ ક્યાંથી મળે ? યશવંતરાય તો વહેલો ઊઠીને સંધ્યા કરી લે એટલે તેને વખત મળે.' ધનભાઈએ મંદિરમાં પગ મૂક્યો.

'ધનભાઈ, એક વાત પૂછું ? સાચેસાચું કહીશ કે ?' કાંતિભાઈએ કહ્યું.

'પૂછને એ વાત.' ધનભાઈ બોલ્યા.

'મેં સાંભળ્યું છે કે યશવંતભાઈને ત્યાં મે'માન આવે તે બધાને તે નીકળતી વખતે બરડામાં ત્રણ જોડા મારે છે. એ વાત સાચી ?' કાંતિએ પૂછયું.

ધનભાઈએ જવાબ ન વાળ્યો.

'તેં રસપૂડાનો સ્વાદ ચાખ્યો તેમ જૂતાનો

સ્વાદ ચાખ્યો કે નહિ?' કાંતિએ ધનભાઈની સામે બરાબર નજર માંડી.

'કાંતિભાઈ, એ વાત જવા દે. મને તો યશવંત-ભાઈએ ત્રણ વાર જોડા અડાડ્યો જ હતો. એને બિચારા-ને તો ઘણોય મને જોડા મારવો નહિ હોય, પણ એનો નિયમ હોય ત્યાં એ પણ શું કરે? અને કોઈ પણ શું કરે? નિયમ તો ભગવાનને પણ પાળવો પડે છે ના?' ધનભાઈ બોલ્યા, 'પણ તેં આ વાત ક્યાં સંભારી? વાત તો સાવ નજીવી છે. પણ હવે મને રાત આખી ઊંઘ નહિ આવે. બીજાના દોષ જોવા તને કેમ ગમે છે? હું તો એને ભૂલી જવા મથું છું ત્યાં તેં કેમ જાણે ઘા તાજો કર્યો!' કહી ધનભાઈ ઘેર ગયો.

*

'પ્રતાપરાયભાઈ, ચાલો, જમવાનું ટાણું થવા આવ્યું છે. અત્યારે શું લેશો? દશમી ને શાક ચાલશે?' યશવંતરાયે પૂછ્યું.

'યશવંતરાય, હું તો વાળુ કરીને જ નીકળ્યો છું.' પ્રતાપરાય બોલ્યો.

'અરે એમ કંઇ ભૂખ્યા સુવાય?' યશવંતરાયે આગ્રહ કર્યો.

'ખાવામાં વધારે આગ્રહ હોય? હું તો જમીને જ નીકળ્યો છું. નહિતર તો આવું જ ના!' પ્રતાપરાય બોલ્યા.

'તો ત્યારે હું જમી લઉં છું.' યશવંતરાય જમવા

ગયા. યશવંતરાય જમીને રસોડામાંથી આવ્યા ને જુએ છે, તો પ્રતાપરાયે ઓરડામાં બે પથારીઓ પાથરેલી અને પાસે બે પાણીના લોટા પણ ભરીને મૂકેલા.

'પ્રતાપરાય, પ્રતાપરાય, આ શું કરવા માંડ્યા? એ તો હું હમણાં એઠવાડ કાઢીને પથારી પાથરવાનો જ હતો.' યશવંતરાય બોલ્યા.

'એ તો તમે પાથરો કે હું પાથરું એ બંને સરખું જ છે ને?' પ્રતાપરાયે કહ્યું, 'હવે તમે એઠવાડ કાઢો.'

યશવંતરાય વાસણ માંજવા બેઠા. એટલી વારે પ્રતાપરાય છાનામાના દાખલ થયા. ત્યાંથી ચીજવસ્તુઓ બધી કબાટમાં મૂકીને ચોકો ધોવા લાગ્યા. પ્રતાપરાય ચોકો ધોઈને બહાર આવ્યા ત્યારે જ યશવંતરાયને ખબર પડી કે તેમણે ચોકો ધોઈ નાખ્યો છે.

બંને જ્ઞાતિભાઈઓ રાતે વાતો કરતા કરતા સૂઈ ગયા.

*

'પ્રતાપરાય!' યશંવતરાય ઊઠતાંવેંત બોલ્યા.

'કેમ ભાઈ?' પ્રતાપરાયે જવાબ વાળ્યો.

'તમે ક્યારે ઊઠ્યા છો? ઊભા રહેજો હું આસન વગેરે લાવું છું.' યશંવતરાય ઊભા થઇ પથારીમાંથી દોડ્યા.

'યશંવતરાય, આસન લઇને હું બેઠો છું. તમારું આસન પણ નાખ્યું છે. તમે અહીં જ આવો.' પ્રતાપરાયે જણાવ્યું.

'આજે ઊંઘ નહોતી આવી ?'

'બહુ સરસ આવી. એક જ ઊંઘે સવાર પડી છે.' પ્રતાપરાય બોલ્યા.

'હવે હું ના'વા માટે ઊનું પાણી મૂકું છું.' યશવંતરાય બોલ્યા.

'દેગડું તો મેં ચૂલા પર ક્યારનું ચડાવ્યું છે. તમારે ના'વું હોય તો નાંહી લ્યો અને પછી હું નાહું.' પ્રતાપરાયે કહ્યું. 'જુઓ યશવંતરાય, હું તમારા ઘરનો આદમી થઈને આવ્યો છું. તમે મારી મે'માનગતી કરો ને હું બેઠાં બેઠાં એ મહાલ્યા કરું એ નહિ બને. તમારે મને તમારા આ ઘરકામમાં ભાગ આપવો પડશે. જો એ પ્રમાણે ભાગ ન આપવો હોય તો ગામમાં ધર્મશાળાઓ ઘણી છે. ત્યાં ઊતરીશ ને હાથે ખીચડી પકાવી લઈશ. બોલો શી મરજી છે ?'

'પણ તમે તો મે'માન ગણાઓ. તમારી પાસે કામ કરાવાય ?' યશવંતરાયે વિવેક કર્યો

'એ આપણો નાગરી વિવેક જવા દો. મને સીધી વાત ગમે છે.' પ્રતાપરાય બોલ્યા.

'તો ત્યારે તમને ગમે તેવી મદદ કરજો !' યશવંતરાયે આખરે સ્વીકાર્યું.

ત્યાર પછી તો પ્રતાપરાય પૂરા ચાર દિવસ મે'માન રહ્યા અને યશવંતરાયના ઘરના જ માણસ હોય તેમ તેમની સાથે કામમાં જોડાયા.

ચોથો દિવસ પૂરો થયો. યશવંતરાય ઑફિસમાંથી ઘેર આવ્યા ત્યાં પ્રતાપરાય ઊપડવા માટે તૈયાર થઈને બેઠા હતા.

'કેમ પ્રતાપભાઈ, સામાન કેમ બાંધ્યો ?' યશવંતરાયે પૂછ્યું.

'આજે જવું છે.' પ્રતાપરાય બોલ્યા.

'તમારું કામ પતી ગયું ? એક દિવસ રહી જાઓ ને. મને આનંદ થશે.' યશવંતરાય બોલ્યા.

'કામ તો આવ્યો તે દિવસે જ પત્યું એમ મને લાગ્યું છે. હવે મારે એક જ વાત બાકી છે.' પ્રતાપરાય બોલ્યા.

'તો બાકી હોય તો પતાવીને જ જજો ને.' યશવંતરાય બોલ્યા. 'વળી પાછો આંટો ન રહે.'

'એ હવે તમારે પતાવવાનું રહે છે.'

'મારે ? બોલો શું છે એવું કામ ?'

'હવે તમારે મને વાંસામાં ચાર ખાસડાં મારવાનાં બાકી રહે છે, એ મારી લ્યો એટલે હું ચાલતો થાઉં. એટલા માટે જ તમારી રાહ જોઈને બેઠો છું.'

'તમને ચાર ખાસડાં !' યશવંતરાયે આશ્ચર્યથી કહ્યું.

'હું ટીલું લાવ્યો ? મેં સાંભળ્યું છે કે તમે મે'માનની ઘણી આગતાસ્વાગતા કરો છો અને વિદાય વખતે એના બરડામાં ચાર ખાસડાં મારો છો.' પ્રતાપરાય બોલ્યા.

'તમને તે ખાસડાં હોય ?' યશવંતરાય હસ્યા.

'તમારો નિયમ હોય તો મને પણ હોય.' પ્રતાપરાયે કહ્યું.

'અરે ભાઈ, ઈ તો જેની માએ જણીને ટપલા નથી માર્યા હોતા એવા મે'માન માટે નિયમ છે. મારા દીકરા રોફ મારતા આવે, ઘરમાં કેમ જાણે નોકરચાકર બહુ હોય તેમ દાતણ માગે, પાણી માગે, સાબુ માગે. જમવા ગમે તે વખતે આવે અને નાટકો જોવા ચાલ્યા જાય તે મોડી રાતે પાછા આવે. જમીને થાળી પણ આઘી ન કરે. આવા મે'માનોની ચાકરી તો કરું છું, કારણકે એ મારા કુળનો ધર્મ છે. પણ એમને ચાર ખાસડાં મારું છું ખરો. પણ તમે તો સજ્જન છો, ઘરની નાનીમોટી ગૂંચોને જાણો છો એટલે તમારે હાથે તો હું પણ ખાસડાં ખાવાનું પોતે જ માગું. આજે તો મે'માનોને જ મે'માન થતાં નથી આવડતું. અને કેમ જાણે પૂર્વજન્મના પૈસાદાર હોય એમ આવે છે. એટલા માટે ખાસડાં મારવાં પડે છે. તમારા જેવો મે'માન આવે ત્યારે તો ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય! મને થાય છે કે આપણા શાસ્ત્રકારોએ અતિથિસત્કારનું શાસ્ત્ર લખ્યું; પણ અતિથિના પોતાના ધર્મો કેમ ન લખ્યા? એ દિવસે લોકોમાં માણસાઈ વધારે હશે એટલે ન યે લખ્યા હોય.'

કહી યશવંતરાય પ્રતાપરાયને બે હાથ જોડી ઠેઠ દરવાજા સુધી તેમનો સામાન ઉપાડીને વળાવી આવ્યા.

નાક-કાન ગયાં

'બેટા, જ્ઞાન એ તો કાચા પારા જેવું છે. એ પચાવવાની તૈયારી ન હોય તો આખા ય દેહ પર ફૂટી નીકળે. એના કરતાં તો એવા જ્ઞાન વિના સાધારણ માણસ જીવે એમ જીવીએ તો સુખી રહીએ.' કબીર શાંતિથી ભક્તનો વાંસો થાબડતાં થાબડતાં બોલ્યા.

'પણ બાપુ, આજ પંદર પંદર વર્ષથી આપની ચાકરી કરું છું. અને હાડકાની કાંસકી કરી નાખી તો ય હજી મારી તૈયારી ન થઈ કહેવાય? બીજા તો ઘણા માત્ર બબ્બે ત્રણ ત્રણ વર્ષ રહીને ઘરે જાય છે અને મારે હજી પંદર વર્ષે ય ઘેર જવાનો વખત ન આવ્યો! બાપુ, આપ મને શા માટે ટગાવો છો? હવે તો જ્ઞાન આપો તો જ હા. ભલે કાચો પારો મને ફૂટી નીકળે.' ભક્તે રુસણું લીધું.

એટલે કબીરે પગ પછાડ્યા અને કહ્યું: 'બેટા, આ શિલાને ઉઠાવ.'

કબીરના પગ નીચે એક પત્થર દેખાયો. એ પત્થરના વચલા ભાગમાં એક લોઢાનું કડું હતું. ભક્તે એ કડા વતી એ પત્થરને ઊંચો કર્યો ત્યાં નીચે ભોંયરા જેવું દેખાયું.

'બેટા, જો, મારી પાછળ પાછળ ચાલ્યો આવ.' કબીર બોલ્યા ને સડસડાટ પત્થરનો દાદર ઊતરવા લાગ્યા. ભક્તે પોતાના હાથમાંનો લોટો કડાવાળા પત્થર પાસે મૂક્યો અને ગુરુની પાછળ પગથિયાં ઊતરવા લાગ્યો.

દાદર પૂરો થયો ત્યાં એક મનોહર વન આવ્યું. વનમાં વચ્ચે એક સુંદર રસ્તો હતો. કબીર એ રસ્તા પર ચાલવા લાગ્યા અને પેલો ભક્ત પણ પાછળ પાછળ દોડતો હતો. રસ્તાની બંને બાજુએ મનોહર વૃક્ષો ઝૂકી રહ્યાં હતાં. શીતળ પવન મંદ મંદ વહેતો હતો. પંખીઓ મીઠા મીઠા કલરવ કરી રહ્યાં હતાં અને આખા ય વાતાવરણમાંથી કોઈ અલૌકિક સુગંધ મહેકી રહી હતી.

બે ગાઉ જેટલો રસ્તો કાપ્યો હશે ત્યાં સામે એક મોટો દરવાજો આવ્યો. આ દરવાજો રૂપાનો બનાવેલો હતો. દરવાજાનાં કમાડ, તેના ખીલા, તેના નકૂચા, તેનાં નરમાદા બધાં રૂપાનાં હતાં. દરવાજાની અંદર પેસવા માટે એક નાની બારી પણ હતી. દરવાજો તેમ જ બારી બંને બંધ હતાં અને દરવાજા ઉપર મોટા અક્ષરથી લખ્યું હતું:

'જે કાન કાપશે તેના માટે આ બારી ઊઘડશે.'

દરવાજાની પાસે રૂપાના હાથાવાળું એક ગોળ દાતરડું પડ્યું હતું. કબીરે પહોંચતાંવેંત બે હાથ વતી એ દાતરડું પકડ્યું અને પોતાના જમણા-ડાબા બંને કાનોને કાપી નાખ્યા. એટલે દરવાજાની બારી ઊઘડી અને કબીર અંદર ગયા કે તરત જ બંધ થઈ ગઈ.

પેલો ભક્ત તો આ જોઈ રહ્યો અને ગુરુ અંદર

ગયા એટલે બહારથી બારીને ખખડાવવા લાગ્યો: 'હે ગુરુ મહારાજ, મારે આવવું છે. તમે અંદરથી ખોલો.'

પણ કોણ ખોલે? ઘણી વારે અંદરથી જવાબ આવ્યો: 'આ બારીને એક જ રીતે ખોલાય. તારા કાન કાપ એટલે બારી એની મેળે ઊઘડશે.'

ભક્તે દાતરડું હાથમાં લીધું. તેની ધાર ઉપર પોતાની આંગળી ફેરવી જોઈ ને પછી પોતાનો ડાબો અને જમણો એમ બંને કાનને કાપ્યા કે તરત જ બારી ઊઘડી અને ભક્ત પણ અંદર દાખલ થયો.

'બેટા, આવ્યો? લે ચાલ. આપણે તો હજી આઘે જવું છે.' કબીરે કહ્યું અને પગ ઉપાડ્યા.

વળી પાછું એવું જ ઘોર વન, એવાં જ પંખીઓ, એવો જ શીતળ પવન અને એવી જ દિવ્ય સુગંધ.

થોડે દૂર ગયા એટલે બીજો દરવાજો આવ્યો.

આ દરવાજો સોનાનો હતો. આ દરવાજા ઉપર મોટા અક્ષરથી લખેલું:

'જે નાક કાપશે તેના માટે આ બારી ઊઘડશે.'

કબીર તો પહોંચ્યા ન પહોંચ્યા ત્યાં દાતરડું હાથમાં લેતાંક પોતાનું નાક ઉડાવી દીધું અને બારી ઊઘડી એટલે અંદર ગયા.

ભક્ત બાપડો મૂંઝાયો. 'બે કાન તો ગયા! હવે નાક કાપવું, પછી જિંદગીમાં રહ્યું શું? નાક–કાન જાય પછી દુનિયામાં ફરાય શી રીતે? પણ ગુરુજી તો ગયા. એ તો શાક સમારે એમ નાક ઉડાવી દે છે. પણ એમને

સંસાર ક્યાં છે ? પણ હવે નાક કાપ્યે જ છૂટકો છે. ભલા, નાક જતાંય જ્ઞાન તો મળશે.' આ પ્રમાણે મનમાં અનેક તર્કવિતર્ક કરતા ભક્તે છેવટે દાતરડું હાથમાં લીધું. નાક કાપ્યું અને ભક્ત અંદર દાખલ થયો.

'બેટા, આવ્યો ને ?' કબીરે પૂછ્યું.

'મહારાજ, કેમ આવ્યો એ મારું મન જાણે છે !'

'લે ચાલ, આપણે હજી થોડેક છેટેનું છે.'

આગળ ગુરુ અને પાછળ ચેલો. થોડે દૂર પહોંચ્યા એટલે ત્રીજો દરવાજો આવ્યો. આ દરવાજો હીરામાણેકનો બનેલો હતો. દરવાજાને માથે લખ્યું હતું :

'જે માથું કાપશે તેના માટે આ બારી ઊઘડશે.'

કબીર તો પહોંચ્યા ન પહોંચ્યા ત્યાં દાતરડું હાથમાં લેતાંક માથું ઉતારીને અંદર ગયા. પણ ભક્ત હબકી ગયો ! 'અરે ગુરુજીએ આ શું કર્યું ! આ તો ગજબ કર્યો. માથા જેવું માથું ઉતારી દેવું ! નાક ગયું, કાન ગયા અને હવે માથું જાય પછી રહ્યું શું ? આ બધું ગયા પછી જ્ઞાનનું શું કામ ?'

ભક્ત તો વિચારમાં ને વિચારમાં બેત્રણ કલાક બેસી રહ્યો અને બેઠો બેઠો ઊંઘી ગયો. થોડી વારે જાગીને જુએ છે તો દરવાજોય નહિ, વન પણ નહિ, સુગંધ પણ નહિ. દૂરથી કબીરજી લોટો ઉલાળતા ઉલાળતા ચાલ્યા આવે છે.

'બેટા, મારી રાહ જોઇને બેઠો છે ના ?' કબીરે પાસે આવતાં પૂછ્યું.

'ગુરુ મહારાજ, મેં તો આપની બહુ રાહ જોઈ. આ બધું આપે મને શું દેખાડ્યું ? મને તો કાંઈ સમજાયું નહિ.' ભક્તે કહ્યું.

'એ સમજાય એવું નથી.'

'પણ મહારાજ, મારાં કાન–નાક તો ગયાં જ ?'

'એ તો જાય જ.'

'પણ આપ તો પાછાં ચોંટાડીને આવ્યા. મને ય પાછાં લાવીને ચોંટાડી દો ને.'

'એમ કાંઈ ચોંટતાં હશે ? માથું કાપ્યું હત તો બધાં ચોંટી જાત.'

કબીર બોલ્યા અને બંને જણા આશ્રમ તરફ ચાલ્યા.

વાવડીના વૈદો

રાજપરાના ઠાકોર માટે સૌએ આશા છોડી. તમામ વૈદદાક્તરોએ હાથ ખંખેરી નાખ્યા અને રાણીના મહેલમાં દાનપુણ્ય કરવાનું પણ શરૂ થઈ ગયું. ગૌરીશંકર ત્રિવેદીએ રાજકોટના સાહેબને ઠાકોરની ગંભીર સ્થિતિના સમાચાર મોકલ્યા અને રાજપરાનો ધણી ઘડી બે ઘડીમાં ઈશ્વરના ધામમાં જશે એવી વાત ચારેય તરફ ગામડાઓમાં વહેતી થઈ ગઈ.

સવારનો પોહ ફાટતો હતો ત્યાં વાવડીના બે વૈદો દરબારગઢ પાસે આંટા મારે. બંનેએ એક એક ટૂંકી પોતડી પહેરી હતી અને માથે બાસણિયા પાઘડી બાંધી હતી. બંનેના ખભા પર એક જનોઈ અને એક પાણુકોરાનો ખડિયો અને હાથમાં એક એક પરોણી. બંનેના પગના નળા પર ઠીક ઠીક ધૂળ ચડી ગઈ હતી.

'એય મહારાજ!' દરવાને બૂમ મારી, 'ક્યાં જાવ છો ક્યાં? આ ધરમશાળા બરમશાળા નથી.'

'દરબારગઢ તો આ જ ના? અમે અમારા ધણીને સાજો કરવા આવ્યા છીએ.' એક વૈદ બોલ્યા.

'હે જા, હવે જા, તારું મોઢું નથી કહેતું, મોઢું.

ભલભલા ડાક્તરોએ હાથ ખંખેર્યા ત્યાં તું વળી ક્યાંથી ફાટી નીકળ્યો ? ' દરવાને જણાવ્યું.

' સિપાઈભાઈ, તમને ખબર છે કે અશ્વિનીકુમારે પોતે આ મારા ભાઈને વિદ્યા આપી છે. અમે તો મડદાંને પણ બેઠાં કરીએ, મડદાંને. દરબારને તો શું માંદગી છે ? ' નાના વૈદરાજે જણાવ્યું.

' મડદાંને બેઠા કરતા હો તો જાઓ ને મસાણમાં. ' દરવાને સંભળાવ્યું.

' ભાઈ, ઝાઝી વાતનાં ગાડાં ભરાય. દરબાર અમારી એક પડીકી ખાય ને ઊભા થાય તો સાચું માનજો. આ એક પડીકી જ બસ છે. ' વૈદરાજ બોલ્યા.

' એ પડીકી બડીકી કારભારી સાહેબને દેખાડજો. હમણાં અંદર નહિ જવાય. ' દરવાને સંભળાવી દીધું.

બંને વૈદો ફરી દરબારગઢ પાસે આંટા મારવા લાગ્યા અને ગૌરીશંકર ત્રિવેદીના આવવાની આતુર મને રાહ જોવા લાગ્યા.

બરાબર નવનો સુમાર થયો એટલે ગૌરીશંકરભાઈ એક ઘોડાગાડીમાં બેસીને આવ્યા. ઘોડાગાડીને ગઢના દરવાજામાં દાખલ થતી જોઈને વૈદરાજો દોડી આવ્યા ને કારભારીને પોતાની દવાની વાત કરી.

કારભારીએ વૈદોની પડીકી પોતાના હાથમાં લીધી અને ઉઘાડી જોઈ. પડીકીની અંદર માત્ર ધોળી ભૂકી હતી. પડીકીને બંધ કરતાં કરતાં કારભારીએ બંને વૈદોના મોઢા ઉપર નજર ફેરવી; તેમના ધૂળથી ખરડાયલા નળા

તરફ નજર કરી, તેમની વધી ગયેલી દાઢી તરફ જોયું અને પડીકીને ખિસ્સામાં મૂકી.

'મહારાજ, તમે જાઓ. હું પડીકી દરબારને આપીશ ને પછી જરૂર હશે તો તમને બોલાવીશ. સિપાઈ, આ મહારાજને દરબારી ધર્મશાળા ઉઘડાવી દો અને કોઠારની દુકાનેથી શેર શેર ખીચડી અને ઘી અપાવી દો.' કારભારી સાહેબ અંદર ગયા.

*

'બા, ભટ્ટજી આવી ગયા છે.' ગૌરીશંકરે રાણીને કહ્યું.

'ક્યારે આવી ગયા?' રાણી બોલ્યાં.

'એ તો કાલે રાતે જ આપણો શિગરામ પહોંચી ગયો.' કારભારી બોલ્યા.

'તો પછી ભટ્ટજીને રાતે જ બોલાવવા હતા ના?'

'એ રાતે ન આવે. એ તો બહુ મોટા માણસ કહેવાય. એ આવે, થાક ખાય, નાયધુએ, પૂજાપાઠ કરે અને વાળુ કરે ત્યાં રાતના દશ વાગે.' કારભારીએ જણાવ્યું.

'એ બધું પાછળથી ન થાય? પહેલો દરદી કે પહેલું એ નાવાખાવાનું?' રાણીએ ટકોર કરી.

'ભટ્ટજી તો જામ સાહેબનું પણ મોઢું તોડી લે એવા છે. આપણે તો જે પાણીએ મગ ચડે એ પાણીએ ચોડવવા.' કારભારીએ જવાબ વાળ્યો. અત્યારમાં પણ નાહીધોઈ, પૂજાપાઠ કરી, દૂધ સૂરણ લઈ નવ વાગે આવશે. શિગરામ ક્યારનો મોકલી દીધો છે.'

*

ભટ્ટજી શિગરામમાં પધાર્યા. દરવાજે દરવાને તેમને નમસ્કાર કર્યા. મહેલમાં કારભારી ઊઠીને તેમને સામા લેવા ગયા; રાણીએ પોતાના બાજોઠ પર સહેજ ઊભા થઈ ભટ્ટજીને વંદન કર્યું ને દરબારે માત્ર આંખથી તેમને આવકાર આપ્યો. ભટ્ટજીએ ઠાકોરની નાડ તપાસી, તેમનાં આંખ વગેરે જોયાં; કારભારી સાહેબને તથા રાણીને તમામ હકીકત પૂછી અને બોલ્યા: 'જુઓ રાણી, તમને મારે સાચી વાત કહેવી જોઈએ. વ્યાધિ વિષમ તો છે પણ સાચી વિદ્યા હોય તો વ્યાધિનું કશું ય ચાલતું નથી. તમે સૌ વખતસર ચેત્યાં છો. દરબારને પ્રવાળની અને મોતીના ભસ્મો આપવી પડશે. મુંબઈમાં આપણા ઓળખીતા કોઇ સારા ઝવેરી હશે કે ?'

'આ ઠાકોરલાલ આપણા ગામના જ છે.' કારભારી બોલ્યા.

'તો તેમને લખીને હું તમને લખી આપું એટલાં સારાં પ્રવાલ અને મોતી મંગાવો. જોજો હો સારામાં સારાં આવે. વ્યાધિ વિષમ છે એટલે દવા સાધારણ હશે તો નહિ ચાલે.' ભટ્ટજી બોલ્યા

'સાચી વાત છે. સારામાં સારાં મોકલે એમ લખું છું.' કારભારી બોલ્યા.

'એ આવી જાય પછી મને મોકલજો એટલે હું તેમાંથી ભસ્મ બનાવીને મોકલાવીશ. હમણાં તો મારી પાસે થોડીક છે તેમાંથી પડીકાં આપું છું. આ પ્રવાળ મોતીની સાથે એક સારી અકીકની ખરલ પણ જોઈશે.

પ્રવાળની ભસ્મ બનાવવા માટે અકીકની ખરલ જ જોઈએ. અકીકની એક ખરલ માટે પણ લખજો.'

'જી, ભલે.' કારભારી બોલ્યા.

'જુઓ રાણી, ગભરાશો નહિ. ઈશ્વર બધાં સારાં વાનાં કરશે. પ્રવાળ વગેરેનો ખર્ચ તો થશે પણ નાણું ખર્ચતાં ય વ્યાધિ ખસતો હોય તો.'

*

ભટ્ટજીએ બે દિવસ રહી વિદાય લીધી અને ત્રીજે દિવસે દરબાર દેવ થયા.

દરબારની ચિતા બળતી હતી ત્યારે કારભારી પાસેના એક ઝાડ પાસે ગયા અને ગજવામાંથી પેલી પડીકી કાઢીને ફેંકી ત્યાં સુકાયેલી આવળના ઠૂંઠાને નવાં પાન ફૂટયાં.

જોશી અને ગરુડો

'કેમ જોશીદાદા, જોશમાં કુમારની કેટલી આવરદા આવી ?'

રાજજોશી મહેલના દરવાજેથી નીકળતા હતા ત્યાં બહાર ઊભેલા ઢેઢ ગરુડાએ પૂછ્યું.

'કુમારનું આયુષ્ય એંશી વર્ષનું છે.' જોશીએ ગરુડાને જણાવ્યું.

'દાદા, ગણિત ભૂલ્યા, ગણિત. કુમારની આવરદા પૂરા અડતાલીસ કલાકની પણ નથી.' ઢેઢ ગરુડો બોલ્યો.

ગરુડાના આ શબ્દો સાંભળી જોશી ઠંડા થઈ ગયા અને રાજમહેલમાં પાછા ગયા. મહેલમાં પાછા જઈને જોશીએ ફરીથી જન્મકુંડળી મૂકી, ફરીથી પળવિપળના હિસાબો ગણ્યા અને ગણિતને ઊથલાવતા ઊથલાવતા મનમાં મલકાવા લાગ્યા. 'ગરુડો જખ મારે છે. મારી કુંડળી પાછી ફરે નહિ.' જોશીદાદાએ પાઘડી માથા પર મૂકી અને વળી દરવાજે આવ્યા ત્યાં ગરુડો ઊભો હતો.

'કેમ દાદા, કુંડળી તપાસી લીધી ?'

'પાકાં એંશી વર્ષની આવરદા. એંશી વર્ષમાં એક ઘડી ઓછી ન થાય.' જોશી મહારાજે ભાર દઈને કહ્યું.

'પણ દાદા, ઘડી બે ઘડીમાં ખબર પડશે. મારા જોશમાં માંડ અડતાળીસ કલાક આવે છે. મહારાજાએ આ બધી ઘરવખરી તમને આપી છે તે ઘેર પહોંચે તો પ્રભુનો પાડ માનજો.' ઢેઢ ગરુડો ચાલતો થયો.

અને જોશીદાદા ઘર તરફ વળ્યા.

જોશી ઘરે જઈને નાહ્યાધોયા, જમ્યા અને આડું પડખું કરે છે ત્યાં તો મહેલમાંથી તેડું આવ્યું.

'જોશીદાદા, કુમારને ઠીક નથી એટલે રાણીસાહેબ તમને યાદ કરે છે.' રાજનોકરે જણાવ્યું.

'કુમારને શું થયું ?' જોશી ગભરાયા.

'કોણ જાણે શું થયું ? પણ એકદમ નખાઈ ગયા છે અને શ્વાસનું પણ ઠેકાણું જણાતું નથી.'

જોશીમહારાજે ઉતાવળે ઉતાવળે માથે પાઘડી મૂકી અને મહેલમાં જઈને જુએ છે તો કુમારમાં જીવ ન મળે. જોશીમહારાજે કુમારની નાડ તપાસી, કુમારના હૈયા પર હાથ મૂકચો, તાળવા પર ઘી મૂકી જોયું, પણ કુમારના પ્રાણ પરવરી ગયા જણાયા.

રાજારાણી તો શોકમાં ડૂબ્યાં હતાં અને ઘડી પહેલાં એંશી વર્ષની આવરદા ભાખનાર જોશીદાદા હવે શું મોઢું લઈને બોલે ? જોશીદાદા તો પગના નખ વડે ભોંયને ખોતરવા લાગ્યા અને પૃથ્વી માર્ગ આપે તો સમાઈ જવા તૈયાર હતા. વીલે મોઢે, નિસ્તેજ મોઢે જોશીદાદા મહેલમાંથી બહાર આવ્યા અને સીધા પેલા ગરુડાને ત્યાં ગયા. ગરુડો ફળીમાં ખાટલો ઢાળીને બેઠો હતો તે

જોશીદાદાને આવતા જોઈને ઊભો થયો અને બોલ્યોઃ 'કેમ જોશીદાદા, અત્યારે કટાણે ક્યાંથી પગલાં કર્યાં ?'

જોશીમહારાજ ખાટલા પાસે આવીને ગરુડાને પગે પડ્યા; પોતાની પાઘડી ગરુડાને ચરણે મૂકી અને બોલ્યાઃ 'હું આજે જોશીદાદા તરીકે નથી આવ્યો પણ તારો ચેલો થઈને આવ્યો છું. મારો જોશ આજે ખોટો પડ્યો છે અને તારો જોશ ખરો પડ્યો છે. આજથી તું મારો ગુરુ અને હું તારો ચેલો. મને તારી વિદ્યા શીખવ.'

'દાદા, આવું શું બોલો છો ? તમે તો મોટાં મોટાં શાસ્ત્રો ઉથલાવી પાડ્યાં છે અને હું તો ગમાર જેવો મારાં દેવદેવીઓને પરતાપે જીવું છું.' ગરુડો જોશીને પગે પડ્યો.

'જો ભાઈ, આ વિવેકનો વખત નથી. હું મારા સાચા દિલથી કહું છે. મારી વિદ્યા આજે ખોટી પડી છે અને તારી વિદ્યા સાચી પડી છે. માટે હું તારી વિદ્યા શીખવા આવ્યો છું. ભલો થઈને મને તારી વિદ્યા શીખવ.'

'દાદા, મારી વિદ્યા તમે નહિ શીખી શકો. તમારા જેવા સુંવાળા આદમીનું એ કામ નહિ. જેનાં કામ જે કરે.' ગરુડે વાત આદરી.

'ભાઈ, તારી વિદ્યા ગમે તેવી આકરી હશે તો ય મારે એ શીખવી છે, શીખવી છે ને શીખવી છે. મારો દેહ પડશે તોય હું એ શીખવાનો છું. હવે કહેવાનું કહી રહ્યો ?' જોશીમહારાજે આખરી વાત જણાવી દીધી.

'દાદા, ત્યારે સાચે જ શીખવી છે ?'

'હા, સાચે જ શીખવી છે.'

'તો તમે, દાદા, તૈયાર થઈ જાઓ. આજે રાતે જ શીખવીશ. તમે એક સો ને આઠ કરોળિયાને મારીને તેની એક માળા તૈયાર કરો.' ગરુડે ગુરુની આજ્ઞા છોડી.

જોશીદાદાએ તો ૧૦૮ મોટા કરોળિયાને મારીને તેની માળા તૈયાર કરી અને ગરુડાને આપી.

'જુઓ દાદા, આપણે આ માળાને લઈને રાતે નદીમાં જપ કરવાનો છે. મેં આ મડદું આણ્યું છે તેના પર ઊભા રહીને તમારે આ માળા વડે જપ કરવો. બે-ત્રણ માળા કરશો ત્યાં મારા દેવ હાજરાહજૂર થશે.'

રાતના દશ વાગે નદીના પ્રવાહની વચ્ચે મડદું મૂકીને તેના પર જોશી ઊભા રહ્યા અને કરોળિયાની માળાનો જપ કરવા લાગ્યા.

એક માળા પૂરી થઇ, બીજી માળા પૂરી થઈ અને ત્રીજી પૂરી થઈ ન થઈ ત્યાં પાછળથી અવાજ આવ્યોઃ

'જોશીમહારાજ, માગ માગ, વરદાન માગ. હું તારા પર પ્રસન્ન થયો છું.'

જોશીમહારાજના આનંદનો પાર ન રહ્યો.

'કૃપાળુ ભગવાન, મારે આપનાં દર્શન કરવાં છે તો આપ મને દર્શન આપો. આપના ચરણનો સ્પર્શ કરીને હું પવિત્ર થઈશ.'

'જોશીરાજ, ચરણસ્પર્શની વાત જવા દે. તું તારે જે માગવું હોય તે માગી લે.' દેવે જવાબ વાળ્યો.

'પ્રભુ, વરદાનની મને બહુ નથી પડી; હું તો

આપનાં દર્શનથી અને સ્પર્શથી પવિત્ર થવાની ઉમેદ રાખું છું.' જોશી બોલ્યા અને પીઠ પાછળ ઊભેલા દેવને જોવા માટે પાછળ ફર્યા ત્યાં દેવે દિશા બદલી અને પીઠ પાછળ જ આવી રહ્યા. જોશીએ દેવનાં દર્શન કરવા માટે ચારે ય તરફ જોયું પણ દેવ તો સન્મુખ આવ્યા જ નહિ.

'જોશી, વરદાન માગવું હોય તો લે નહિતર હું જાઉં છું.' દેવે ફરીથી જણાવ્યું.

'પણ મહારાજ, મને દર્શન તો દ્યો.'

'જો સાંભળ. તું મને તારા દેવ જેવો દેવ માનતો હઈશ, પણ હું તો મેલો દેવ છું. તેં અઢાર વર્ષ સુધી તપ કરીને પણ પુરશ્ચરણ કર્યાં છે એટલે તારા શરીરની આસપાસ આઠ આઠ ફૂટ સુધી તેજ રહ્યા કરે છે. હું જો એ તેજમાં આવી જાઉં તો બળીને ભસ્મ થઈ જાઉં. એટલે હું તારી નજીક આવી શકતો નથી. વળી તારી આંખમાંથી પણ એવું તેજ નીકળે છે કે હું તારી સામે આવું તો આંધળો થઈ જાઉં. માટે જો વરદાન માગવું હોય તો માગી લે. નહિતર હું ચાલ્યો સમજ.'

'ગરુડાના દેવ, તમે મારી આસપાસ આઠ આઠ ફૂટ સુધી આવી શકતા નથી અને મારી સામે જોઈ શકતા નથી. એવા તમ દેવ પાસે મારે શું માગવાનું હોય? તમે પોતે જ જો મારા તેજથી બીતા હો તો તમે મને શું ન્યાલ કરી નાખવાના હતા! મને તો હતું કે મારી વિદ્યા ખોટી પડી અને ગરુડાની વિદ્યા સાચી પડી એટલે લાવને એનું શાસ્ત્ર શીખું. જો તમારી

પાસે સાચું શાસ્ત્ર હોય તો મને શીખવો.' જોશીએ કહ્યું.

'જોશીદાદા, ગરુડો ય ખોટો, એનું શાસ્ત્ર પણ ખોટું અને હું એનો દેવ પણ ખોટો. અમે ત્રણે ય ખોટાં, ખોટાં ને ખોટાં. પણ અમને ખોટાને થોડો વખત સાચાનો રંગ લગાડતાં તો આવડે છે.'

'પણ રાજાનો કુંવર મરી ગયો એ તો સાચું ના ?'

'ના, એ પણ ખોટું. અમે એના જીવને થંભાવી દીધો છે. હજી કુંવરને વૈદોએ સાચવી રાખ્યો છે ને કાલે સવારે એનામાં જીવ આવશે. વિદ્યા પણ તારી સાચી છે, આ ગરુડાની ખોટી છે. પણ જેને તરત પરિણામ જોવું હોય એ ગરુડાને માને અને તને ન માને. સમજ્યો ? તારી વિદ્યા કલ્યાણવિદ્યા છે, ગરુડાની મેલી વિદ્યા છે. તું રખે ને ગરુડાને માર્ગે જતો. અમે બધા દેવો મેલા છીએ. અમારી ઉપાસના કરનારને શરૂઆતમાં ભારે લાભ દેખાય છે પણ આખરે તો તેના હાથ કાળા જ થાય છે. જોશીદાદા, તારી શ્રદ્ધા દૃઢ રાખજે અને કોઈ પણ આદમી ગરુડાને ટૂંકે માર્ગે સિદ્ધિ પામવા આવતો હોય તો તેને રોકજે. ગરુડાની સસ્તી સિદ્ધિ સરવાળે ભારે મોંઘી પડે છે. અમે મેલા દેવો આ મેલી વિદ્યામાં એવા તો ખૂંચી ગયા છીએ કે એમાંથી ક્યારે છૂટશું તેની ખબર નથી. જા, તારું કલ્યાણ થાઓ.'

દેવ અંતર્ધાન થયા અને જોશીદાદા ઘેર ગયા ત્યાં સમાચાર મળ્યા કે કુમારને નવો જીવ આવ્યો છે ને રાણીસાહેબ જોશીદાદાને સંભારે છે.

ગધેડિયો સંન્યાસ

દેવલાનો સંસાર મોટો: ચાર ગધેડાં, ત્રણ દીકરા અને એક દીકરી. દૂધી સાસરે આવી ત્યાર પછી પચીસ વર્ષ સુધી તો તેણે પિયર જોયું નહિ.

દેવો ગોળા ઉતારે, માટલાં ઉતારે, ઘડા ઉતારે, કાથરોટ ઉતારે અને કોડિયાં પણ ઉતારે. દૂધી છાલકાં ભરીને વેચવા જાય ને ઘેર હોય ત્યારે છાલકાં ભરીને માટી લાવે.'

દેવાને હોકો વહાલો. ગામના બાવાજી પાસે જાય ત્યારે બે ચાર ઘૂંટ ખેંચી આવે. દૂધી જાજરમાન બાઈ એટલે ઉતાવળી થઈ જાય. દૂધીની જીભ કડવી પણ હૈયું મીઠું સાકર.

એકવાર ગામમાં એક શા'બ આવ્યા. શા'બે દેવાના ગોળાનાં વખાણ કર્યાં એટલે દેવે બે-ચાર સારા એવા ગોળા વગાડીને શા'બને ભેટ આપ્યા. શા'બ બેઠા હતા ત્યાં સુધી તો દૂધીએ મહામહેનતે જીભને પકડી રાખી પણ જેવા શા'બ ડેલી સુધી પહોંચ્યા કે દૂધી તાડૂકી:

'આવા શા'બ તો રોજ આવે ને રોજ જાય. એમ ને એમ ફૂલીને ફાળકો થાઓ છો ને ગોળા આપો

છો તે મારે નહિ પોસાય. માટી લાવતાં ફોલ્લા પડે છે મારા હાથમાં, શા'બની વહુના હાથમાં નથી પડતા.'

શા'બ ડેલી બહાર ગયા ત્યાં સુધી તો દેવો બધું સાંભળી રહ્યો પણ શા'બ ગયા કે તરત જ પાછો ફર્યો અને ખૂણામાંથી બાંગલો લેતો ફૂલી પાસે આવ્યો.

'હયો મારો, મને મારો. અલી શિવલી! ક્યાં મરી ગઈ?' ફૂધીએ ચલાવ્યું.

'મારીશ તો વારેય નહિ લાગે, ઓળખે છે મને? રોજ કચ કચ કચ કર્યા જ કરવું. આ કરતાં તો વાંઢા રહેવું સારું. એ ભીમો નિરાંતે રહે છે. આ તો રોજ લોહીઉકાળો. જો આજે બોલી એ બોલી, હવે બોલીશ તો સંન્યાસી થઈ જઈશ.' દેવો ઊકળી ઊઠ્યો.

'તે એમાં બીકરામણી શું બતાવો છો?' ફૂલીથી ન રહેવાયું. 'મારા બાપ ક્યાં તમારે ઘેર લાંલવા આવ્યા હતા કે મારી દીકરીને પરણો ને પરણો. ભગવાં રેઢાં નથી પડ્યાં. કરો ને ભગવાં. એમ જાણે ફૂલી બી જશે! મને મારી માએ એમ તો કઠણ માટીની ઘડી છે.'

દેવે તો કોઠલામાંથી ચાર પૈસા લીધા અને કપુરચંદની દુકાનેથી ગેરુ લાવી કપડાં રંગ્યાં. અને ચાલતો થયો—આવજે વહેલું મહાદેવનું મંદિર.

*

ભગવું પાનેચું, ભગવું પેરણુ અને ભગવી કાનટોપી, હાથમાં મોટા પારાવાળી માળા. 'ભગવાન, ભગવાન, ભગવાન. રામ, રામ, રામ. સીતારામ, સીતારામ, સીતારામ.'

'મહારાજ! નમો નારાયણ.'

'નારાયણ.'

'મહારાજ! નમો નારાયણ.'

'નારાયણ.'

'દેવજી....'

'દેવજી ક્યાં ટળ્યો છે? મહારાજ બોલ ને?'

'મહારાજ! નમો નારાયણ.'

'નારાયણ, બેટા, નારાયણ.'

'મહારાજ! મારા દીકરાને તાવ આવ્યો છે. તમે માથે હાથ મૂકો એટલે ઊતરી જાય.'

'નારાયણ, નારાયણ.' સાધુએ માથે હાથ મૂક્યો.

'મહારાજ! મારા ખોલકાને ચાઠાં પડ્યાં છે તે તમે હાથ ફેરવશો તો સારાં થઈ જશે.'

'નારાયણ, નારાયણ.' સાધુએ હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું, 'ઓલી દૂધીનાં ખોલકાંની સાથે ચરશે તો ચાઠાં નહિ મટે.'

'મહારાજ! હવે દૂધી ખોલકાં ચરાવવા નથી આવતી. એની શિવલી નીકળે છે.'

'નારાયણ, નારાયણ. શો સંસારનો ઘાટ છે! એક મા ને વળી એક બાપ, એક દીકરો ને વળી એક દીકરી. સઘળી ભગવાનની માયા છે. નારાયણ, નારાયણ.'

*

'મહારાજ! હમણાં ગામમાં તાવના વાયરા છે.' ભાંઠો સુતાર બોલ્યો.

'સૌ ભગવાનને ભૂલ્યા છે. કોને કોને તાવ આવે છે?' મહારાજ બોલ્યા.

'ત્રિકમ પટેલને આવે છે, રેવા ડોશીને આવે છે, વહતા ભાભાને આવે છે ને કાલ તો આપણા મણિભાઇને પણ આવ્યો હતો.' જગો લુહાર બોલ્યો.

'વાયરા બધા કણબીઓમાં લાગે છે. કુંભારવાડો નર્યવો હશે.' સાધુ બોલ્યા.

'કુભારવાડામાં ય તાવ છે. કાલે તો શિવલીની મા ગોદડાં ઓઢીને પડી પડી ધ્રૂજતી હતી.' અરજણ પટેલે જવાબ વાળ્યો.

'ભગવાન, ભગવાન. દુનિયામાં પાપ બહુ વધી ગયું. અમારા કાળમાં તો કોઇને નખમાંય રોગ ન મળે. શિવલી તો સાજી સારી હશે.' મહારાજ બોલ્યા.

'બાપા, આજે જ સવારના પહોરમાં છાશ લેવા આવી હતી. કહે મારી માએ કાલનું ખાધું નથી તે ટીપું છાશ હોય તો ખીચડી ચોળીને ખાય.' જગો બોલ્યો.

'પછી છાશ આપી કે?' મહારાજે પૂછ્યું.

'હોવે દાદા, એમની ચિંતા ન કરશો. અમે એટલું ન સમજીએ?' જગો બોલ્યો.

'નારાયણ, નારાયણ. અમે તો સંસાર છોડ્યો એટલે શિવલી ય સરખી અને તમારી પાર્વતી ય સરખી. પણ આ તો કરી મૂક્યું છે ના!' મહારાજે ચલાવ્યું.

*

'છાનાંમાનાં ચરવા માંડો ને ચરવા. કાન ઊંચા કરી

કરીને શું જુઓ છો ? એમણે તો ભગવાં લીધાં છે તે બોલશે ય નહિ. મારાં રોયાં.’ દુધી ગધેડાંને ચારતી હતી.

‘ છોકરા, એ કોણ અવાજ કરે છે ? ’ મહારાજે પૂછ્યું.

‘ સાધુ બાપા, એ તો દુધી ગધેડાં ચારવા આવી છે. ’ છોકરાએ જણાવ્યું.

‘ એને કહે કે મહારાજને ભજનમાં ભંગ પડે છે એટલે ગધેડાં આઘે જઈને ચારે. ’ મહારાજ બોલ્યા.

‘ જી બાપુ. ’

*

‘ છોકરા, બાઈ ને કહે ને કે ગધેડાં આઘાં લઈ જાય. ’

‘ બાપુ, ઘણું કહ્યું પણ એ તો માનતી નથી અને કહે છે કે ‘ હું તો ધરાસર અહીં જ ચારીશ. મહારાજને ભજનમાં ભંગ થતો હોય તો કાનમાં રૂનાં પૂમડાં ખોસે. ’ ’ છોકરો બોલ્યો.

‘ ઠીક ત્યારે ભલે ચારતી. એને પાણીબાણી જોઈએ તો આપજે. એને તાવ ઊતરી ગયો ? ’ મહારાજ બોલ્યા.

‘ બાપુ, ઊતરી ગયો લાગે છે. ’

‘ ઠીક. ભગવાન ! ભગવાન ! કેટલાં ગધેડાં ચારવા આવી છે ? ’ મહારાજ બોલ્યા.

‘ ત્રણ છે. ’

‘ ચોથું માંદું હશે. ’

‘ બાપુ, કહેતી હતી કે ચોથાનો ટાંટિયો ભાંગી ગયો છે. ’

‘ અરરર. ભગવાન ! ભગવાન ! પાટો બાંધ્યો હશે કે ? નારાયણ, નારાયણ. ’ મહારાજ બોલ્યા.

'બાપડી કહેતી હતી કે ઘરમાં માંદાના ખાટલા છે ને ધણીએ ભગવાં કર્યાં એટલે પાટો બંધાવવા કોણ લઈ જાય?'

'નારાયણ, નારાયણ!'

*

ફૂધી ગધેડાંને મંદિર બહાર ઊભાં રાખીને મહાદેવનાં દર્શને આવી. મહારાજ મહાદેવના થાળા પાસે બેઠા હતા તે ફૂધીને જોઈને આંખો મીંચી ગયા અને મોટેથી બોલવા લાગ્યાઃ 'નારાયણ, નારાયણ, નારાયણ.'

ફૂધી શંકરને પગે લાગી, શંકરની પ્રદક્ષિણા કરીને ટોકરો વગાડ્યો ને પાછી થાળા પાસે આવી.

મહારાજે જોર કરીને આંખો મીંચી રાખી હતી. પણ વચ્ચે વચ્ચે પાંપણો ઊંચી કરીને ફૂધી શું કરે છે તે જોતા હતા. દરમિયાન બહાર ગધેડાં ભૂંકવા લાગ્યાં એટલે મહારાજ બોલી ઊઠ્યાઃ 'આ કોનાં ગધેડાં છે? છોકરા, છોકરા, ગધેડાંને હાંકી મૂક. મારા ભજનમાં ભંગ પડે છે.'

મહારાજે આટલા શબ્દ કહ્યા ન કહ્યા ત્યાં તો ફૂધીએ મહારાજ પાસે આવીને તેમના હાથમાંથી માળા પડાવી લીધી અને પછી હાથ પકડીને બોલીઃ 'હવે જોયા તમે કાલ સવારના મહારાજ થયા છો તે. ઊભા થાઓ ને ઘેર ચાલો; નહિતર ઘસડીને લઈ જવાની છું. ગળા સુધી સંસાર ભર્યો છે ને મહારાજ થઈને બેઠા છે. તમારાં ભગવાં લાજે છે, ભગવાં.'

મહારાજ તો સડાક ઊભા થઈ ગયા અને ફૂધી તેમને ખેંચવા લાગી.

'અરે મને ખેંચે છે શા માટે ?'

'ઘેર ચાલો ઘેર. અહીં બેઠા છો તે શંકર લાજે છે.' દુધી બોલી.

'દુધી, મને છોડી દે. મારે આવવું જ પડશે ? તું મને નહિ છોડે ?'

બોલતાં બોલતાં બંને કૌઢમાં આવ્યાં અને દેવાએ ભગવાં ઉતારીને ચોરણો પહેરી લીધો. દુધી ભગવાં લઈને નદીએ ગઇ. ત્યાં ટીપ્યા વિના જ ભગવાંનો રંગ ઊમટી ગયો અને ખાસડાં મજાનાં બરફ જેવાં ધોળાં થઈ ગયાં.

અંબા

અંબા દરરોજ સવારે નવ વાગે એટલે દાતણનો ડોયો મોંમાં લઇને બેઠી જ હોય. શેરીની જુવાન વહુ-દીકરીઓ પાણી ભરવા જાય ત્યારે અંબાને જોઇને મોં મલકાવે; શેરીની આધેડ બાઇઓ નાહીધોઇને કથા સાંભળવા જતી હોય તે અંબાની મશ્કરી કરે અને રસોડામાં જગજીવન મહેતા ચૂલો ફૂંકતા હોય તેને ટહુકો કરતાં જાય; શેરીનાં છોકરાં અંબા માશીના ઊડતા વાળ જોઇને નાચે અને માશીના ડબામાંથી તમાકુ ચોરવા જાય. અંબા પેટનું પાણી જરા ય હલવા ન દે; નિરાંતે દાતણ કરે અને દાતણ પૂરું થવા આવે ત્યારે મહેતા પાસે ઊનું પાણી માગે. દાતણ પૂરું થાય એટલે મહેતા અંબાને નાસ્તો પીરસે, અંબા માટે નાહવાનું પાણી તૈયાર કરે, અંબાને કપડાં વગેરે આપે અને રસોઇ તૈયાર કરીને પોતે જમી લે. મહેતા જમી રહેવા આવે ત્યારે અંબા નાહીધોઇને પરવારે અને મહેતા ચૂલો એઠવાડ કરીને ઑફિસમાં જાય પછી જમવા બેસે.

મહેતા સાંજે ઑફિસમાંથી આવીને બાકીનો એઠવાડ પતાવે, સાંજ માટે રાંધવા લાગે, દીવાબત્તી સાફ કરે, પથારી–પાગરણ કરે અને રાતે વાળુ કરીને પથારીમાં પડે.

અંબા વાળુ કરીને ચોપાટ માંડે ને બાર એક વાગે પથારીમાં લાંબી થઇને સૂએ.

અંબાનો આ રોજનો કાર્યક્રમ. પણ કોણ કહે કે અંબા ફૂવડ છે? મહેતા બાપડા ભગવાનનું માણસ. એમણે કોઈ દી અંબાને કડવો અક્ષર કહ્યો નથી. એમણે કોઈ દી અંબાને ઊંચે સાદે બોલાવી નથી.

આ જીવનક્રમ એકબે દિવસ ચાલ્યો એમ પણ નહિ. પૂરાં ૪૦ વર્ષ સુધી અંબા આ જ રીતે જીવી ને પૂરાં ૪૦ વર્ષ સુધી મહેતાએ આવા જ ગૃહસ્થાશ્રમનો સ્વાદ ચાખ્યો.

પણ ભગવાનને કરવું છે ના? એક દિવસ અંબા વહેલી વહેલી ઊઠી, વહેલાં વહેલાં દાતણપાણી પતાવ્યું, વહેલી વહેલી નાહી અને શેરીનાં બૈરાં કથા સાંભળવા જતાં હતાં તેમના સાથે મંદિરમાં ગઈ. આ ફેરફારથી મહતાને ભારે આશ્ચર્ય તો થયું પણ અંબાને આજે આવી ધૂન આવી હશે એમ સમજીને મહેતાએ મન વાળ્યું.

અંબા મંદિરમાં ગઈ તો ગઈ પણ તરસી જમીન પર વરસાદ પડે અને એકેએક છાંટો જમીનમાં ઊતરી જાય તેમ કથાનો શબ્દે શબ્દ અંબાના હૈયા સોંસરવો ઊતરી ગયો. અંબા કથા સાંભળીને ઘેર આવી. કથાના શબ્દો અને ભાવ તેના હ્રદયમાં ઘૂંટાતા હતા.

બપોર એમ જ ગયા, સાંજ એમ જ ગઈ, રાત પણ એમ જ વીતી. પણ અંબાનું અંતર બદલાઈ ગયું.

બીજે દિવસે સવારે અંબા ચાર વાગે ઊઠી. ઊઠીને તેણે ઘર સાફ કર્યું, ચૂલો સળગાવ્યો, દાતણપાણીથી પરવારીને

નાહી લીધું અને મહેતા ઊઠે તે પહેલાં તેમને માટે ઓટલા પર આસન પાથરી, દાતણ લોટો તથા રૂમાલ મૂકી દીધાં.

મહેતા ઊઠયા ને સાવરણી શોધવા લાગ્યા ત્યાં તો અંબા બોલી: 'મેં સંજવારી કાઢી નાખી છે. તમે તમારે દાતણ કરવા બેસો. જુઓ મેં ઓટલે આસન પાથર્યું છે.'

મહેતા તો બિચારા વિચારમાં પડી ગયા! ચાળીશ વર્ષ સુધી જે સ્વપ્ને પણ જોયું નથી એવું આ શું દેખાય છે? શું આ અંબા બોલે છે? મહેતો તો ચોરીમાંથી ઊઠયા તે દિવસથી આજ સુધી ઘાણીના બળદની માફક બિચારા એક જ ઢબે જીવ્યા છે. તેમને વળી આ શું આવ્યું? મનમાં શંકા પણ ડોકિયું કરી ગઈ. રખે ને કોઈ સાથે અંબા ચાલી જવાની હોય એટલે મને મારી નાખવાની ગોઠવણ ન હોય?

મહેતા તો દાતણ કરી પરવાર્યા એટલે અંબાએ તેમને માટે નાસ્તો તૈયાર કર્યો હતો તે ધર્યો અને પછી સ્નાન માટે પાણી આપ્યું. દરમિયાન અંબાએ રસોડામાં રસોઈની તૈયારી કરી લીધી અને ઘરના કોઠારને સાફસૂફ કરવા લાગી.

સવારના નવ વાગ્યા. જુવાન વહુદીકરીઓ પાણી ભરવા નીકળી અને જુએ છે તો ઓટલા પર અંબા ન મળે. 'અરે હજી ભલી હશે તો ઊઠી જ નહિ હોય.' છોકરાં સૌ અંબામાશી પાસે રમવા આવ્યાં પણ અંબામાશી વિનાનો ઓટલો સૂનો! કથા સાંભળનારી બેનો કથા સાંભળવા નીકળી ત્યારે સાદ કર્યો: 'એ અંબા, કથા

સાંભળવા આવવું હોય તો ચાલ, અમે સૌ જઈએ છીએ.'

અંબાએ રસોડામાંથી જવાબ વાળ્યો: 'મારે નથી આવવું. તમે તમારે જાઓ.'

'બસ, થાકી ગઈ! ઢેલના પગ બે દિવસ જ રાતા!' એક બાઈએ મહેણું માર્યું.

'જીવીકાકી, એવું ન બોલો. મેં કાલે કથા સાંભળી છે એ પ્રમાણે મારે હવે વર્તવું જોઈએ ના? એ પ્રમાણે ચાલતાં હું છ માસ સુધી કથા સાંભળવા નવરી થવાની નથી એટલે નથી આવતી. કાલે સાંભળ્યું છે એટલું જીવનમાં ઉતારીશ પછી વધારે સાંભળવા આવીશ. સમજ્યાં?'

'અરે બાઈ, અંબા! તું તો ગાંડી તે ગાંડી જ રહી! એમ સાંભળીએ એ બધું જ જીવનમાં ઉતારાતું હશે! અમે તો કથા સાંભળતાં સાંભળતાં આવડાં થયાં; એમાં જીવતરમાં ઉતારવાનું છે શું? મહારાજ કથા વાંચે તેને દક્ષિણા આપીએ અને શંકરનાં દર્શન કરીએ એટલે બધું આવી ગયું. જીવતર બીવતરની વાતો કરીએ તો તો દુનિયા ગાંડાં કહે. દુનિયામાં રહેવું હોય તો કથા ય સાંભળવી અને વહેવાર પણ સાચવવો. ચાલ ને ભલી બાઈ, એ તો મહેતા બધું સંભાળશે.'

કાશીબાઈએ ઘણો આગ્રહ કર્યો પણ અંબા એકની બે ન થઈ.

મહેતા ઘરમાં બેઠા બેઠા આ બધું સાંભળતા હતા એટલે તેમના મનનું સમાધાન થયું.

કોણ કહે કે અંબા ફૂવડ છે?

સાધુ વિરજાનંદ

એકવાર નારદજી ફરતા ફરતા મૃત્યુલોકમાં આવ્યા. મૃત્યુલોક પર ચાલ્યા જતા હતા ત્યાં રસ્તામાં એક વડલો આવ્યો. વડલાના છાયામાં એક ઝૂંપડી હતી અને ઝૂંપડીમાં વિરજાનંદ નામના એક સાધુ તપ કરતા હતા.

નારદને આવતા જોઈને વિરજાનંદ ઝૂંપડીની બહાર આવ્યા. નારદજીનો તેમણે આદરસત્કાર કર્યો. તેમને પોતાની ઝૂંપડીમાં પધરાવ્યા, તેમનું ફળફૂલથી સ્વાગત કર્યું અને તેમના પગ ચાંપવા લાગ્યા.

'મહારાજ!' વિરજાનંદ પગ ચાંપતા ચાંપતા બોલ્યા, 'આપ વિષ્ણુલોકમાંથી આવતા હશો.'

'હા.' નારદે કહ્યું.

'તો મારે આપને એક વાત પૂછવી છે.'

'બેલાશક પૂછો.'

'તમે ભગવાનની પાસેથી આવો છો. મને મોક્ષ મળવાને હજી કેટલા જન્મની વાર છે તે મને કહી શકશો? તમારે ભગવાનની સાથે કદાચ વાત થઈ હોય.'

'હા, મારે તમારા વિષે વાત થઈ છે. ભગવાને મને કહ્યું છે કે વિરજાનંદને મોક્ષ થવાને હજી ચાર જન્મની વાર છે.' નારદજી બોલ્યા.

'હજી ચા....ર જન્મ!' વિરજાનંદે નિસાસો મૂક્યો. એ....ક નહિ, બે નહિ, ત્ર....ણે....ય નહિ અને ચા....ર જન્મ!'

વિરજાનંદના હાથ નારદના પગ પરથી છૂટી ગયા.

નારદે ત્યાંથી વિદાય લીધી.

પાસે જ થોડે દૂર વિરજાનંદનો નાનો ભાઈ તપ કરે. એણે પોતાનું નામ મસ્તરામ રાખેલું. નારદજી મસ્તરામની મઢુલી પાસે આવ્યા એટલે મસ્તરામે તેમનું સ્વાગત કર્યું, પગ પખાળ્યા ને સેવા કરવા લાગ્યો.

'ભાઈ, તારે મને કાંઇ પૂછવું છે?' નારદ બોલ્યા. 'હું ભગવાન પાસેથી આવું છું.'

'મહારાજ, પૂછવાનું તો કશું ય નથી પણ હવે આપ કહો છો તો પૂછું. મને મોક્ષ ક્યારે મળશે એ વિશે ભગવાન કાંઈ વાત કરતા હતા?'

'હા, તારી તો ખાસ વાત કરી છે. ભગવાન કહેતા હતા કે મસ્તરામની મઢુલીની ઉપર જે આંબલીનું ઝાડ છે એ ઝાડ પર જેટલાં પાંદડાં છે એટલા જન્મારા પછી મસ્તરામને મોક્ષ મળશે.' નારદે પૂરું કર્યું.

'એટલા જન્મારા પછી પણ મળશે એટલું તો ચોક્કસ છે ને?' મસ્તરામે પૂછ્યું.

'મળશે તો ચોક્કસ.' નારદ બોલ્યા.

'સાચેસાચ!'

'સો ટકા ખાતરી' નારદે ભાર દઈને કહ્યું.

નારદે આટલું કહ્યું એટલે મસ્તરામ તો નાચવા-કૂદવા લાગ્યો અને ભારે આનંદમાં આવી ગયો.

એટલામાં તો આકાશમાંથી ભગવાનનું વિમાન ઊતર્યું અને ભગવાનના પાર્ષદો મસ્તરામને વિષ્ણુલોકમાં લઈ જવા માટે આવ્યા.

'તમે ભાઈઓ તો આંમલીનાં પાંદડાં જેટલા મારા જન્મારા જાય પછી આવવાના છો એમ નારદજીએ મને હજી હમણાં કહ્યું ને તમે વહેલા કેમ આવ્યા ?' મસ્તરામે પૂછ્યું.

'આવવાના તો હતા એટલા જન્મારા પછી પણ નારદજીના સમાચાર તમે સાંભળ્યા ત્યારે તમે આનંદથી અને પ્રેમથી નાચ્યા એટલે તમારાં બાકીનાં બધાં કર્મો બળી ગયાં અને તમારે માટે ભગવાને આજે જ અમને મોકલ્યા.' પાર્ષદો બોલ્યા.

'મારા કરતાં વધારે ઉતાવળ તો મારા ભાઈને છે. એમને લઈ જઈ શકો તો હું ચાર જન્મારા સુધી રાહ જોઈશ.' મસ્તરામ બોલ્યા.

'એ ઠીક કહે છે.' નારદજીએ પણ સાથ દીધો.

'મહારાજ !' પાર્ષદો બોલ્યા, 'આપ કહો છો તો અમારે સાચી વાત જણાવવી જોઈએ. આપની સાથે વાત થયા પછી સાધુ વિરજાનંદના ચાર જન્મારા હતા તે મટીને ચારસો થયા છે !'

મસ્તરામ અને નારદજી બંને સાંભળી રહ્યા.

કહે છે કે પાછળથી વિરજાનંદ આપઘાત કર્યો.

શમૈયાનું રહસ્ય

કાશીભાભુને વ્રજલાલ એકનો એક દીકરો. કાશીભાભુ નાનપણમાં જ નંદવાયાં હતાં અને કોઈની ઓથ ન હતી એટલે વ્રજલાલને દળણાં દળીને અને લોકનાં પાણી ભરીને મોટો કર્યો હતો. વ્રજલાલ મોટો થયો, પરણ્યો. તેની વહુનું નામ પૂરી હતું. તેને ઘરે છોકરાં-છૈયાં થયાં અને ઈશ્વરની યારી મળી એટલે સારી પેઠે પૈસા પણ થયા. વ્રજલાલનો મોટો દીકરો પરણીને ઘેર આવ્યો. વ્રજલાલના દીકરાની વહુ ઠેઠ બી. એ. સુધી ભણી હતી અને સંસ્કારી બેનોમાં તેની સારી આબરૂ હતી. એનું નામ હતું મધુરિકા.

મધુરિકા આવી ત્યારે કાશીભાભુને પગે પડી. વ્રજલાલનું રહેવાનું ઘર ઉજાસવાળું અને બાગબગીચાવાળું હતું. આ ઘરના ઉપરના કાતરિયામાં કાશીભાભુ પડ્યાં રહેતાં.

મધુરિકાને લઈને પૂરી સાસુ કાતરિયાનો દાદરો ચડતાં હતાં ત્યાં મધુરિકા બોલી: 'બાને આ દાદરો ચડવો બહુ વસમો પડતો હશે.'

નવી વહુનાં આવાં વચન સાંભળીને પૂરી બોલી ઊઠી: 'એમને હવે કેટલાક દી દાદરો ઊતરવો છે? માંડ બે ચોમાસાં કાઢે તો!'

'મધુરિકા, જા બાઈને ભાણું આપી આવ.'

મધુરિકા હજી થાળી-વાટકો લેવા જાય છે ત્યાં પૂરી સાસુ બોલી ઊઠયાં : 'જો એમને થાળી-વાટકો આપવાનાં નથી. એમને માટે મેં પાતળ અને રામૈયાં મંગાવી રાખ્યાં છે. એમાં એમને પીરસજે અને પછી એ બંને નાખી દેજે. આપણે એમનું એઠું ય ન ખપે!'

સાંભળીને મધુરિકા સ્તબ્ધ થઈ ગઈ.

*

પૂરી સાસુ શ્રીનાથજીના યાત્રા કરીને પાછાં આવ્યાં. અને બીજે દિવસે પોતે જ કાશીભાભુને ભાણું આપવા ગયાં. ભાણું આપીને પાછાં ફરે છે ત્યાં કાતરિયાના એક ખૂણામાં રામૈયાનો ઢગ જોયો.

'એલી મધુરિકા, આ રામૈયાં શેનાં પડ્યાં છે?'

'એ તો, મોટી બા જમી રહે પછી ઊટકીને હું રાખી મૂકું છું તે છે.'

'હાય, હાય! તેં તો મારું ઘર અભડાવી માર્યું. આપણને રામૈયાં નથી મળતાં તે એઠાં રાખી મૂક્યાં છે?'

પૂરીએ બૂમાબૂમ કરી મૂકી.

'બા, શાંત થાઓ ને મારી વાત સાંભળો. આજે તો મારા સસરા કમાય છે. એટલે તમે મોટી બાને રોજ નવાં નવાં રામૈયાં આપી શકો છો. પણ તમારા દીકરા હીણુ-કમાઉ થયા અને મારે તમને કાતરિયામાં ભાણું આપવા આવવું પડે ત્યારે રોજ નવાં નવાં રામૈયાં ક્યાંથી કાઢું? એટલે હું આજથી જ રામૈયાં સંઘરી રાખું છું.'

પૂરી સાસુ ભીંતમાં જડાઈ ગયાં.

ગાતું ઝાડ, બોલતું પંખી, સોનાનો ફુવારો

શશિકાંત, મનોરમા અને નરેન્દ્ર એ ત્રણ ભાંડુઓ હતાં. શશિકાંતના હાથમાં ઘરનો કારભાર સોંપી તેમના પિતા મરણ પામ્યા હતા. થોડાં વર્ષો પછી માતાએ પણ ઘરમાંથી વિદાય લીધી. ત્રણે ભાંડુઓ પરસ્પર હળી-મળીને જીવન ગાળવા લાગ્યાં.

ત્રણે ભાંડુઓને વારસામાં અઢળક દોલત મળી હતી, આલેશાન બાગબગીચા મળ્યા હતા અને દેવોને પણ ઈર્ષ્યા આવે એવા મહેલો અને બંગલાઓ મળ્યા હતા. એમના પિતાએ એમને બાગબગીચાનો અને પંખી-ઓનાં જીવનનો અદ્‌ભુત શોખ પણ આપ્યો હતો અને એમની ધાર્મિક વૃત્તિવાળી માતાએ એમને સાધુસંતોની સેવા આપી હતી. આ ત્રણે ભાંડુઓ પોતાના બાગ-બગીચાઓને શણગારવામાં, એ બગીચાઓમાં દેશદેશા-વરનાં રંગબેરંગી ઝાડોને રોપવામાં, બાગના રસ્તાઓ, વીથિકાઓ, ફુવારાઓ, આરામગૃહો, વગેરેની યોજના કરવામાં, કેટલી યે રાતો દરમિયાન મધરાતે જુદાં જુદાં પંખીઓને બોલાવવામાં અને પંખીઓના સૂરો સાંભળ-

વામાં, પંખીઓનાં જીવનનો, તેમની ટેવોનો, તેમના નર–માદાના પરસ્પરના પ્રેમપ્રસંગોનો અભ્યાસ કરવામાં જીવનનો કેટલો યે વખત કાઢતાં, અને છતાં તેમના દ્રવ્યનો વહીવટ કરવામાં શશિકાંતે કોઈ દિવસ કચાશ રાખી નહોતી. એ જ રીતે આ ભાઈબેનો દરરોજ પોતાને ઘેર સાધુસંતોને આવકાર આપતાં, તેમની સારી એવી સેવા કરતાં, તેમના મુખથી કથાવાર્તા સાંભળતાં અને દેશપરદેશની નવીજૂની વાતોથી પોતાની દૃષ્ટિને નિરંતર નિર્મળ રાખતાં.

એકવાર વિરજાનંદ નામના એક સાધુ ગામમાં આવી ચઢ્યા. મનોરમા શંકરને મંદિરે દર્શન કરવા ગઈ હતી ત્યાંથી તેમને ઘેર તેડી લાવી. સાંજના વખતે ત્રણે ભાંડુઓ સ્વામીજીની સાથે બગીચા તરફ ગયાં. ગામને પાદર નદીને કાંઠે મોટા વિસ્તારમાં આ બગીચો પથરાયો હતો. બગીચાના દરવાજા પાસે જ બે મોટાં વડલાનાં ઝાડ હતાં. તેના પર સવારસાંજ હજારો પંખીઓ કલ્લોલ કરતાં. આ બગીચાને સારામાં સારી સ્થિતિમાં જાળવવો અને તેને દેશનો એક સારામાં સારો બગીચો બનાવવો એવી આ ભાંડુઓની ઉમેદ હતી. મનોરમાએ સાથે ફરીને સ્વામીજીને આખો યે બગીચો બતાવ્યો. કોણે કોણે, કયાં કયાં, વૃક્ષો ક્યારે ક્યારે રોપ્યાં હતાં, વગેરે વિસ્તારથી સ્વામીજીને સમજાવ્યું. અને આ ભાઈ-બેનોના સમગ્ર કુટુંબજીવનમાં બગીચો પોતે પણ કેવી રીતે ઓતપ્રોત થઈ ગયો હતો તેની બધી કથા સ્વામીજીને કહી સંભળાવી.

'મહારાજ, આપે બગીચો જોયો,' શશિકાંત બોલ્યો. 'હું આપને મોઢેથી બગીચાનાં વખાણ સાંભળવા માગતો નથી. પણ આ બગીચાને ઉત્તમ બગીચો બનાવવા અમારી ઉમેદ છે માટે બગીચામાં જે જે ઊણપ હોય તે અમને કૃપા કરી જણાવો.'

સ્વામીજીએ આરામગૃહની એક ખુરશી પર બેસીને ચલાવ્યું: 'બેટા, તમારો બગીચો જોઈને મને ભારે શાંતિ થઈ છે. ઝાડપાન સાથે, અને પંખી સાથે એકતા અનુભવનારાં તમારાં જેવાં માનવીઓ આ પૃથ્વીની પીઠ પર જીવે છે એને હું પ્રભુની દયા માનું છું. પણ તમે મને પૂછો છો એટલે મારે કહેવું જોઈએ. તમારો બગીચો એક રીતે આવા બીજા બગીચાઓથી ઘણો ચડિયાતો છે પણ તમારી ઉમેદ જોતાં મને તેમાં ત્રણ વસ્તુઓની ખામી જણાય છે.'

'એ ત્રણ વસ્તુઓ કઈ?' મનોરમા તરત જ બોલી ઊઠી.

'એક તો ગાતું ઝાડ, બીજું બોલતું પંખી અને ત્રીજો સોનાનો ઝરો.' સ્વામીજી બોલ્યા.

'મહારાજ, આવી ત્રણ ચીજો આપણી પૃથ્વીની પીઠ ઉપર હશે ખરી? અમે તો એમ સમજ્યાં છીએ કે એવી બધી ચીજો તો હોય. વાર્તામાં. ઝાડ ગાય, પંખી માણસની માફક બોલે અને સોનાનો રસભર્યો ઝરો હોય એ અમસ્તું ન મનાય, પણ આપ કહો છો એટલે માનીએ છીએ.' નરેન્દ્રે જણાવ્યું.

'બેટા, સાધારણ રીતે આવી વસ્તુઓ દુર્લભ હોય છે. પણ તમારો ઉત્સાહ જોતાં મને થયું કે તમે ધારો તો આ ચીજો મેળવી શકો તેમ છો એટલે જ મેં જણાવ્યું,' સ્વામી બોલ્યા.

સ્વામી બોલતા હતા તે દરમિયાન ત્રણે ય ભાંડુઓ એકબીજા સામું જોયાં કરતાં હતાં. તેમના ચહેરા પર ઉત્સાહના, સાહસના, ઉમંગના, નવીનતાના અનેક ભાવો ઊભરાવા લાગ્યા અને મનોરમા તો ઘડીભર કોઇ બીજી દુનિયામાં જ પહોંચી ગઈ હોય એમ જણાતું હતું.

'મહારાજ, એ ત્રણ ચીજો કેવી રીતે અને ક્યાંથી મળે ? અમારે એમને આ બગીચામાં વસાવવી છે.' શશિકાંત બોલ્યો.

'બેટા શશિકાંત, તું હજી બાળક છે. તમે હજી દુનિયા જોઇ નથી. આ ચીજો મેળવવા માટે તો મોટા મોટા બડેખાંઓ જીવતર હારી ગયા છે અને એમાંથી એક પણ વસ્તુને મેળવીને કોઇ પાછો આવ્યો નથી.' સ્વામીજીએ ગંભીરતાથી વાત મૂકી.

'મહારાજ, મારો સંકલ્પ છે કે અમારે કોઈ પણ ભોગે એ ચીજોને મેળવવી. આપ અમને રસ્તો બતાવો.' નરેન્દ્રે ઝુકાવ્યું.

'રસ્તો ? એ રસ્તો એટલે સીધો મોતનો રસ્તો. તે રસ્તે ગયેલો કોઈ હજી પાછો ફર્યો નથી.' સ્વામી બોલ્યા.

'ભલે ને રસ્તો ગમે તેવો આકરો હોય; માણસ માટે જવું શક્ય છે કે નહિ ?' મનોરમા બોલી.

'શક્ય તો છે પણ બહુ આકરું છે.' સ્વામીએ જણાવ્યું.

'આકરું હોય એમાં તો ઊલટી મઝા છે. આપ અમને એ મેળવવાનો માર્ગ બતાવો પછી અમે છીએ અને એ વસ્તુઓ છે.' મનોરમા બોલી.

'મહારાજ, આપ અમને માર્ગ તો બતાવો જ. પણ સાથે સાથે આપના અંતરના આશીર્વાદ પણ આપો એટલું જ માગું છું.' શશિકાંત બોલ્યો.

'સાંભળ બેટા, અહીંથી પચાસેક માઇલ છેટે એક ડુંગર છે. એ ડુંગરની તળેટીમાં એક ઋષિનો આશ્રમ છે. તું આશ્રમમાં જઈને ઋષિને પૂછીશ એટલે એ તને આ ત્રણ ચીજ મેળવવાનો રસ્તો બતાવશે. એમણે બતાવેલ રસ્તે જે જઈ શકે તેને આ ત્રણ વસ્તુઓ મળે છે.' સ્વામીએ જણાવ્યું.

'ભાઈ, આપણે તો ઘણી વાર એ ઋષિનાં દર્શને ગયાં છીએ. પણ કોઈ દિવસ ઋષિદાદાએ આપણને આવી વાત કરી નથી.' મનોરમા બોલી.

'આવી આવી વાતો કંઇ સૌને ઓછી જ કહેવાય છે, આ તો તમારો ઉમંગ જોઈને મને મન થઈ આવ્યું એટલે મેં કહ્યું. લો, હવે હું જાઉં છું.' કહી સ્વામીએ ત્રણેને આશીર્વાદ આપ્યા અને ત્યાંથી વિદાય લીધી.

*

'બેટા, આ ત્રણ વસ્તુઓને લેવાની મતિ તને કોણે સુઝાડી ? હું તો તું કહીશ તો તને રસ્તો બતાવીશ.

પણ આજ સુધી જેટલા જેટલા ત્યાં ગયા છે તેમાંથી કોઈ હજી જીવતો પાછો ફર્યો નથી.' ઋષિએ શશિકાંતને વારવા માટે પ્રયત્ન કર્યો. પણ શશિકાંત તો ઘરેથી નિશ્ચય કરીને નીકળ્યો હતો કે कार्यं साधयामि वा देहं पातयामि (કાં તો કામ સિદ્ધ કરીશ, અથવા તો મરી જઈશ.) શશિકાંતે બે હાથ જોડી જણાવ્યું, 'મહારાજ, આપ કહો છો તે સાચું છે. પણ આ શશિકાંત એ ત્રણ વસ્તુ-ઓને લીધા વિના પાછો ઘરે જવાનો નથી એ પણ એટલું જ સાચું માનજો. આપ મને રસ્તો બતાવો અને મને આશીર્વાદ આપો એટલી જ મારી પ્રાર્થના છે.'

શશિકાંતનો આટલો બધો આગ્રહ જોઈ ઋષિને તેના ઉપર અનુકંપા થઈ અને બોલ્યા: 'બેટા, જો આ ડુંગર ઉપર થઈને જાય છે એ તારો રસ્તો. રસ્તો ઘણો આડાઅવળો છે એટલા માટે હું તને રસ્તો બતાવવા ખાતર આ પ્યાલાને મંત્રીને મોકલું છું. તું એ પ્યાલાની પાછળ પાછળ તારો ઘોડો હાંકજે. પણ બેટા, ધ્યાન રાખજે. રસ્તામાં તારી આસપાસ મોટા મોટા અવાજો થશે, મોટો શોરબકોર થશે, કોઈ તને ગાળો દેશે, કોઈ તને ધમકી આપશે, મોટા મોટા કડાકા, ધડાકા, ભડાકા થશે; અને તને એમ જ થશે કે જરા પાછો વળીને આવું તોફાન કરનારને મારી નાખું. પણ આવા તોફાનથી તારે બિલકુલ મૂંઝાવું નહીં. તારે મારા મંત્રેલા પ્યાલા સામે નજર રાખીને આગળ ને આગળ ઘોડો હાંક્યે રાખવો અને ભૂલ્યેચૂક્યે પણ પાછું

વાળીને જોવું નહીં. જો તું પાછું વાળીને જોઈશ તો તરત જ તું અને તારો ઘોડો બંને પથ્થર થઈ જશો. જા બેટા, આ મારો પ્યાલો તારી આગળ ચાલ્યો.' ઋષિએ પ્યાલાને મંત્રી કારવીને આગળ કર્યો. અને શશિકાંત ઘોડે ચડીને પાછળ ચાલ્યો.

*

સવારના પહોરમાં પથારીમાંથી ઊઠીને મનોરમા ઠાકોરજીનાં દર્શન કરવા ગઈ ત્યાં તે આભી બની ગઈ. 'અરે નરેન્દ્ર! નરેન્દ્ર! ઊઠ તો ખરો. જો આ ભાઈની માળા કરમાઈ ગઈ. આપણો ભાઈ જરૂર ખપી ગયો.'

નરેન્દ્ર પથારીમાંથી દોડીને આવ્યો અને જુએ છે તો માળા ખરેખર કરમાઈ ગઈ હતી.

'બહેન! હજી તો ગઈકાલ સુધી જાણે તાજી જ હતી ને આજ એકાએક કરમાઈ ગઈ તેનું શું કારણ?'

'ભાઈ, કારણ તો દીવા જેવું ચોકખું છે. શશિકાંતભાઈ આજે પેલી વસ્તુઓની પાછળ ખપી ગયા.' એટલું બોલી મનોરમા રડવા લાગી. પણ તરત જ કેમ જાણે કંઈ યાદ આવ્યું હોય તેમ આંસુ લોહીને ઊભી થઈ અને બોલી, 'ભાઈ નરેન્દ્ર, હવે હુ મોટાભાઈને માર્ગે જાઉં છું. તું આપણા બાગ બગીચાને સંભાળજે.'

મનોરમા આટલું કહીને તરત જ ત્યાંથી ચાલી ગઈ અને થોડા વખતમાં નાહીધોઈ તૈયાર થઈ ને આવી. દરમિયાનમાં નરેન્દ્ર પણ તૈયાર થઈ ગયો હતો. અને નરેન્દ્રે તો પોતાનો ઘોડો સુદ્ધાં તૈયાર કરી રાખ્યો હતો.

મનોરમા આવી કે તરત જ નરેન્દ્રે કહ્યું: 'બહેન, રજા લઉં છું. મોટી બેન તરીકે મને આશીર્વાદ આપ.'

મનોરમાની આંખમાં આંસુનું એક બિંદુ ઝળક્યું અને તે બોલી: 'ભાઈ, જવાની ઉમેદ તો મારી હતી. પણ તું તો બોલ્યાચાલ્યા વિના તૈયાર થઈને જ આવી ઊભો. એટલે તેં મને હરાવી. જા, ભાઈ, પ્રભુ તારું રક્ષણ કરો!' મનોરમાએ નરેન્દ્રના કપાળમાં ચાંદલો કર્યો અને તેના દુખણાં લીધાં. નરેન્દ્રનો ઘોડો દૂર દૂર દેખાતો બંધ થયો ત્યાં સુધી મનોરમા ત્યાંથી ખસી નહીં.

*

'જો દીકરી, થોડા વખત પહેલાં જ બે જુવાનો મારી પાસે આવી ગયા. અને એ બેમાંથી એક પણ ભાઈ એ વસ્તુઓને લઇને પાછો ફર્યો નથી.' ઋષિદાદા બોલ્યા.

'દાદા, એ બંને મારા ભાઈઓ જ હોવા જોઈએ. અમે ત્રણે ભાંડુઓએ નિશ્ચય કર્યો છે કે એ વસ્તુઓ મેળવ્યા વિના જીવતાં જંપવું નહીં. માટે આપ મને રસ્તો બતાવવાની કૃપા કરો અને આશીર્વાદ આપો કે હું એ ત્રણે ચીજો લઈને જ પાછી ફરું.' મનોરમાએ પ્રણામ કરીને કહ્યું.

ઋષિ મહારાજે મનોરમા સામે થોડી વાર જોઈ લીધું અને પછી બોલ્યા: 'દીકરી, તારા ચહેરા ઉપર, તારી આંખમાં, તારા અવાજમાં અને તારા આખા શરીર ઉપર મને એવાં નિશાન દેખાય છે કે તું એ ત્રણ વસ્તુઓને લીધા વિના પાછી ફરવાની નથી. દીકરી, શાસ્ત્રમાં ઘણી

વાર વાંચ્યું છે કે જે દુઃસાધ્ય કાર્યો ભલભલા પુરુષો પણ કરી શકતા નથી તે કેટલીક વાર સ્ત્રીઓએ કર્યાં છે. આ કિસ્સામાં પણ તું આ શાસ્ત્રવચન સાચું પાડીશ એમ દેખાય છે. જા, આ પ્યાલાની પાછળ પાછળ જજે અને પ્યાલો અટકે ત્યાં સુધી હરગિજ પાછું વાળીને જોઈશ નહીં. પરમાત્મા તારું રક્ષણ કરો !'

આગળ ઋષિનો મંત્રેલો પ્યાલો, પાછળ ઘોડેસવાર મનોરમા. મનોરમાએ ઘોડેસવારનો પોષાક ચડાવ્યો હતો, તેની કેડે તલવાર લટકતી હતી, તેના વાળ તેણે બરાબર ગોઠવી લીધા હતા, તેના પગમાં મોજડીઓ હતી, ઘોડાની લગામ હાથમાં ઝાલતી આસપાસના સૃષ્ટિ-સૌંદર્યને નિહાળતી તે પ્યાલાની પાછળ ઘોડો હાંક્યે જતી હતી. થોડો રસ્તો કાપ્યા પછી તેની આસપાસ અવાજો થવા લાગ્યા: કોઈ તેને ગાળો દેવા લાગ્યું, કોઈ તેની પાછળ શોરબકોર કરવા લાગ્યું, તેની પીઠ પાછળ વીજળીના મોટા કડાકા-ધડાકા થતા હોય તેવો એને ભાસ થયો. તેની પાછળ અપશબ્દો બોલાયે જતા હતા. અને સામાન્ય માણસના જ્ઞાનતંતુઓને ભમાવી દે એવા કડાકાધડાકા તેના કાન પર ઉપરાઉપરી અથડાતા હતા. પરંતુ મનોરમા આથી ડગે તેમ ન હતી. ઋષિદાદાની સૂચના પ્રમાણે તેણે પોતાના કાનને એવા મજબૂત કરી દીધા હતા કે પૃથ્વીના પડ ઉપરના કોઈ પણ અવાજો કે ગાળાગાળી કે મારામારી તેના ઉપર અસર કરી શકે તેમ ન હતું. સવારના પહોરમાં કલ્લોલ કરતાં પંખી-

ઓની વચ્ચે કેમ જાણે પોતાના બાગમાં ફરતી હોય તેમ મનોરમા ઘોડો હાંકયે જતી હતી. તેની નજર માત્ર પેલા ઋષિદાદાના પ્યાલા ઉપર ચોંટેલી હતી. આખરે રસ્તા ઉપર ઠેઠ ટોચે પહોંચતાં એક ઝાડ આવ્યું. ત્યાં આગળ પ્યાલો અટક્યો. આ ઝાડ ઉપર એક પંખી બેઠું હતું. મનોરમાને તરત જ સમજાયું કે ગાતું ઝાડ તે આ જ હશે અને બોલતું પંખી પણ આ જ હોવું જોઈએ. તેણે ઝાડને ગાવાનો હુકમ આપ્યો એટલે ઝાડમાંથી તરત મીઠું એવું સંગીત નીકળ્યું. ત્યાર પછી તેણે પેલા પંખીને પૂછ્યું: 'અહીં સોનાનો ઝરો ક્યાં છે?'

પંખીએ જવાબ આપ્યો: 'આ સામે ફુવારો દેખાય છે તે.'

મનોરમાએ ઘોડા પરથી નીચે ઊતરી પંખીને પોતાના હાથમાં લીધું અને ફુવારા પાસે જઈ મનોરમાએ પંખીનાં પીછાંને પંપાળતાં પંપાળતાં કહ્યું: 'બેટા, મારે તમને ત્રણેને મારી સાથે લઈ જવાં છે તો તમે કેવી રીતે આવશો?'

પંખીએ તરત જ જવાબ આપ્યો: 'મનોરમાબેન, આવડા મોટા ઝાડને અને આવડા મોટા ઝરાને તમે શી રીતે લઈ જવાનાં હતાં? મને પૂછો તો તમે આ ઝાડમાંથી એક ડાળખી કાપીને સાથે લો. એ ડાળખીને તમારા બગીચામાં રોપશો એટલે ત્યાં આવું જ ગાતું ઝાડ ઊગી નીકળશે. આ હોજમાંથી એક નાના વાસણમાં થોડાંક ટીપાં લઈ તમારે ત્યાંના હોજમાં નાખશો એટલે હોજનું

પાણી સોનાનું થઇ જશે. અને બેન, મને લઇ જવું હોય તો હું તો તમે કહેશો ત્યારે તૈયાર છું.'

પંખીનાં આવાં વચનો સાંભળીને મનોરમા બોલી: 'લાવ ત્યારે એક ડાળખી કાપી લઉં અને આ મારી ડાબલીમાં થોડુંક પાણી લઇ લઉં. અને તું મારા હાથ ઉપર બેસીને મારી સાથે ચાલ.' એમ કહી મનોરમાએ એ ત્રણેને પોતાની સાથે લીધાં અને ઘોડા પર ચડવા જાય છે ત્યાં એને સાંભર્યું અને તરત જ બોલી: 'જરા સબૂર. હું અહીં આવી તે પહેલાં મારા બે ભાઈઓ આવ્યા હતા. કહે છે કે એ બંને ભાઈઓ પથરા થઇ ગયા છે. અહીં તો હું એટલા બધા પથરા દેખું છું કે કયા સાચા પથરા અને કયા મારા ભાઈઓના પથરા એની સમજ પડતી નથી. તું મને મારા ભાઇઓના પથરા બતાવ અને તેમને જીવતા કરવાનો ઉપાય પણ બતાવ તો હું તારો ઉપકાર કદી ભૂલીશ નહિ.'

મનોરમાનાં આવાં વચનો સાંભળી પંખી બોલ્યું: 'બેન, આ રસ્તા ઉપર જેટલા જેટલા પથરાઓ પડયા છે તે બધા કોઈ એક યા બીજા માણસના અને ઘોડાના છે. તમે તો અમને લેવા માટે આવ્યાં અને આજે લઈને ચાલ્યાં પરંતુ આજ સુધીમાં કેટલી યે માતાના કલૈયા કુંવરો ઘોડે ચડીને અમને લેવા માટે આવી ગયા છે અને રસ્તામાં જ કડાકા ભડાકાની અકળામણથી પાછું વાળી જોતાં પથરા થઇને પડ્યા છે. આ સોનેરી ફુવારાનું ટીપું આ પથરાઓ ઉપર પડશે તરત જ એ બધા જીવતા થશે.'

પંખીનું આવું બોલવું સાંભળીને મનોરમાએ રસ્તા ઉપર પડેલ એકેએક પથ્થર ઉપર ફુવારાનાં ટીપાં નાખીને તેમને જીવતા કર્યા અને મનોરમા, શશિકાંત અને નરેન્દ્ર, એ ત્રણ ભાંડુઓ ગાતું ઝાડ, બોલતું પંખી અને સોનેરી ઝરો લઈને પોતાના બાગમાં પાછાં ફર્યાં.

બાગમાં જઇને મનોરમાએ પોતાને હાથે ગાતા ઝાડની ડાળખી રોપી, શશિકાંતે સોનેરી ફુવારો ઊડતો મૂક્યો અને નરન્દ્રે બોલતાં પંખી માટે એક સુંદર માળો બાંધીને તેમાં તેને ગોઠવ્યું. ખાધુંપીધું ને રાજ કર્યું.

ચોરીની દવા

કાઠિયાવાડના એક મોટા શહેરમાં ભટ્ટજી રહે. ભટ્ટજી નાનપણમાં તો બહુ ગરીબ પણ મોટા થયા ત્યારે રાજ્યના રાજવૈદ થયા અને પૈસેટકે સારી રીતે સુખી થયા.

ભટ્ટજી એકવાર રાજદરબારમાંથી ઘેર આવ્યા. ડેલીએ આવીને બારણું ઉઘાડે છે ત્યાં એક આદમી ફળીમાં તડકે મૂકેલા ઘઉંને પોતાની કોથળીમાં ભરતો જાય અને વચ્ચે વચ્ચે ચારે બાજુ નજર નાખતો જાય. ભટ્ટજી આ જોઈને છાનામાના ડેલીમાં લપાઈ ગયા અને પેલો આદમી કોથળીમાં ઘઉં ભરીને ડેલી બહાર નીકળ્યો.

આદમી બહાર નીકળ્યો ત્યાર પછી તરત જ ભટ્ટજી તડકે મૂકેલા ઘઉં પાસે ગયા અને ત્યાં ઘઉંનો કોથળો તથા મોટી થાળી પડી હતી તે હાથમાં લીધાં, ઘરમાંથી છાલિયું પણ લીધું અને ડેલી બહાર નીકળ્યા.

પેલો આદમી શહેરના રસ્તા પર નિરાંતે ચાલ્યો જતો હતો ત્યાં ભટ્ટજી તેની આગળ થઈ ગયા અને સામા આવીને બોલ્યા: 'ભલા માણસ, એકલા ઘઉં લઈને શું નીકળ્યો? લે આ વધારાના ઘઉં તથા જમવા માટે આ થાળી અને વાટકો.'

ભટ્ટજીનાં આવાં વચનો સાંભળીને પેલો આદમી ભોંઠો પડી ગયો અને હવે મારું શું થશે તેની ચિંતામાં પડ્યો. પણ ભટ્ટજી તો થાળી, વાટકો તથા ઘઉં તેની પાસે મૂકીને રસ્તે પડી ગયા.

પાછળથી થોડી વારે પેલો આદમી ભટ્ટજીને ઘરે આવ્યો, તેમના દવાખાનામાં નોકર રહ્યો અને જિંદગીભર એક પ્રમાણિક સેવક તરીકે ભટ્ટજીના કુટુંબમાં રહ્યો.

ચરક સુશ્રુતની પોથીઓ ઉથલાવનારા અને દેશી દવાનાં પડીકાં વાળનારા ભટ્ટજીએ ચોરીની દવા કરી અને દરદી સાજો થયો.

પ્રેમચંદ શેઠ

પ્રેમચંદ શેઠ નવાગામમાં રહે. તેમની પાસે દસપંદર હજારનો જીવ. તે મોતીચંદ શેઠને જામનગરમાં આપેલા. મોતીચંદ શેઠ નગરના મોટા વેપારી. કાઠિયાવાડમાં તેમની પચાસેક દુકાનો અને ધમધોકાર ચાલતો વેપાર. પ્રેમચંદ શેઠ જેવા અનેક નાના નાના વેપારીઓ મોતીચંદ શેઠને ઘેર થાપણો મૂકી આવે અને તેના વ્યાજ પર ગુજરાન ચલાવે.

એકવાર પ્રેમચંદ શેઠને કાને વાત આવી કે મોતીચંદ શેઠને વેપારમાં મોટી ખોટ આવી છે. એટલે શેઠ અને શેઠાણી બંને અધીરાં થયાં અને પોતાના રૂપિયા પાછા લેવાની વેતરણમાં પડ્યાં.

નવું ગામ જામનગરથી આઠેક માઈલ થાય. શેઠાણીએ રાતોરાત થેપલાં તૈયાર કર્યાં અને શેઠ સવારના ચાર વાગ્યે જામનગર તરફ ચાલતા થયા.

*

સવારના સાત સાડા સાત થયા છે, સરિયામ રસ્તાની બંને બાજુ ઝાડુવાળાઓ સાવરણા લઈને સાફ કરે છે. મોતીચંદ શેઠની ઑફિસ પાસે પટાવાળાઓ બાંકડા ઉપર બેઠા બેઠા ચા પીએ છે. ત્યાં પ્રેમચંદ શેઠ પહોંચ્યા. તેમને

ખભે ખડિયો હતો, તેમના એક હાથમાં બે જોડા ઉપાડેલા હતા, બીજા હાથમાં પાતળી પરોણી હતી, પગના નળા સુધી ધૂળ ચોંટેલી હતી, માથે મેલા ફેંટા ઉપર બોકાનું વીંટયું હતું અને કેડે ફાળિયાની ભેટ બાંધી હતી.

'શેઠ આવ્યા છે ? બારણાં કેમ હજી બંધ છે ?' પ્રેમચંદ શેઠે પૂછયું.

'મહારાજ, કયાં રહેવું ?' એક પટાવાળો બોલ્યો.

'મા'રાજ બારાજ નથી. શેઠ છું.' પ્રેમચંદે જવાબ વાળ્યો.

'ઢંગ તો મહારાજના દેખાય છે. કેમ આવ્યા છો શેઠ સાહેબ ?' બીજો પટાવાળો બોલ્યો. દરમિયાનમાં પ્રેમચંદ શેઠ તો પટાવાળાએ અપમાન કર્યું તેથી સામે સુખડિયાની દુકાન પર જઈને બેઠા અને ત્યાં થેપલાની પોટકી છોડી નાસ્તો કરવા લાગ્યા.

*

બરાબર નવના ટકોરા થયા અને મોતીચંદ શેઠની મોટી ઑફિસ અને દુકાનો વગેરે ઊઘડી ગયાં. ઑફિસના પટાવાળાઓ વગેરે પોતપોતાનાં કપડાં તથા બિલ્લાઓ પહેરી તૈયાર થઈ ગયા. સામેથી પ્રેમચંદ શેઠે આ બધું જોયું. એટલે એ પોતે ઑફિસના ઓટલા ઉપર આવીને બેઠા. એવામાં મોટરનું ભૂંગળું વાગ્યું અને તરત જ મોટર ઑફિસના ઓટલા પાસે ખડી થઈ ગઈ. મોટરને આવતી જોઈને પ્રેમચંદ શેઠ સડક થઈ ગયા....'મારા બાપ ! આવી સરસ મોટર ! જરૂર, મારા રૂપિયા પતવાના નથી.'

આ પ્રમાણે વિચાર કરે છે ત્યાં તો મોતીચંદ શેઠ મોટરમાંથી નીચે ઉતર્યા અને પ્રેમચંદ શેઠને જોયા કે તરત બોલી ઊઠયા: 'અહોહો શેઠ, તમે ક્યાંથી? ક્યારના આવ્યા છો? ઘરે કેમ ન આવ્યા? નવીન! આ મોટરમાં જ પ્રેમચંદ શેઠને ઘેર લઈ જાઓ.' મોતીચંદ શેઠે જાતે મોટરનું બારણું ઉઘાડયું, પ્રેમચંદ શેઠનો ખડિયો અને લાકડી તેમાં ગોઠવ્યાં અને નવીનના કાનમાં સૂચના આપી મોટરને હંકારવાનો હુકમ આપ્યો.

*

શો મોતીચંદ શેઠનો મહેલ! કલાથી શણગારેલો એમનો દરવાજો, સુશોભિત થાંભલાઓની ઉપર ઊભી કરેલી એમની પોર્ચ, જુદાં જુદાં વૃક્ષોની વીથિકાઓમાંથી પસાર થતો તેમનો રસ્તો, આરસનાં બંગલા પર ચડવાનાં તેમનાં પગથિયાં, આલેશાન ઓરડાઓ, ઊંચામાં ઊંચું ફર્નિચર, ઈન્દ્રની અપ્સરાઓને પણ ન મળે એવાં એમનાં સ્નાનગૃહો, સોનારૂપાની સાંકળો બાંધેલી હિંડોળાખાટો; આ બધાંની વચ્ચે નવાગામના પ્રેમચંદ શેઠ ઊભા અને સ્તબ્ધ થઈ ગયા. નવીને તેમને માટે તાજાં જ ધોયેલાં એવાં કપડાં-ટુવાલ કાઢયાં, નાહવા માટે ઊંચી જાતનો સાબુ આપ્યો, સ્નાનગૃહનો ફુવારો તેમને માટે ખુલ્લો મૂક્યો, અને ચાલતાં લપસી જવાય એવા સ્નાનગૃહમાં પ્રેમચંદ શેઠને મૂકીને બહાર આવ્યો.

'મારું સાળું, આ બધી મોજમાં મારા રૂપિયા તે ક્યાંથી આપશે?' પ્રેમચંદે થેપાડાં કાઢી નાખીને કાચમાં

જોયું, ત્રણચાર વાર શરીર પર સાબુ ચોળી ચોળીને નાહ્યા, માથામાં સુગંધી તેલ વધારે નખાઈ ગયું એટલે શરીરે ચોળવા બેઠા અને પછી બગલાની પાંખ જેવાં ધોળાં કપડાં પહેરી હિંડોળાખાટે હીંચકવા બેઠા; શેઠાણીએ તેમને માટે ચાંદીના રકાબી–પ્યાલામાં કેસરિયા દૂધ મોકલ્યું તે પીધા પછી શેઠની રાહ જોતાં બેઠા.

'આ બધું સોનુંરૂપું, આ બધો વૈભવ, આ માણસતૂણસ, આ બાગબગીચા, બધું છેવટે તો મારા પંદર હજાર ઉપર છે ને ? મારી રળિયાત સાચી, મને રોજ કહેતી કે એ પૈસા પાછા લઈ લો, અને તેલપળી કરો. પણ મેં માન્યું નહીં. હવે જો રૂપિયા પાછા આપે તો ગંગ નાહ્યા. હે આદીશ્વર ભગવાન, મારા રૂપિયા પાછા અપાવજો.'

*

રાત્રે વાળુ કર્યા પછી પ્રેમચંદ અને મોતીચંદ બંને શેઠો માટે ગેલેરીમાં ઢોલિયા નખાયા. બંને ઢોલિયા ઉપર મશરૂની તળાઈઓ, મખમલનાં ઓશીકાં, બગલાની પાંખ જેવી ધોળી ચાદરો, અને ઓઢવા માટે હજાર હજાર રૂપિયાની કિંમતની કાશ્મીરી શાલો હાજર થઈ ગઈ હતી. બંને પલંગો વચ્ચે એક નાજુક સગડી ધીમે તાપે બળતી હતી. વાળુ કરતી વખતે પાટલા ઉપર જ વાત થઈ ગઈ હતી: આવતી કાલે સવારે પ્રેમચંદ શેઠને રૂપિયા પંદર હજાર વ્યાજ સાથે પાછા આપી દેવા અને મોતીચંદ શેઠની મોટર તેમને નવાગામ સુધી મૂકી આવે.

નાતજાતની, સગાસાંઈની, ભાઈભાંડુઓની તથા દેશપરદેશની વેપારની વાતો કરતાં કરતાં મોતીચંદ શેઠ નિદ્રાવશ થયા. પણ પ્રેમચંદ શેઠને નિદ્રા ન આવી. નક્કી થયા છતાં સવારે તેમને તેમના રૂપિયા પાછા મળશે કે કેમ તેની પૂરી શંકા હતી. અને રૂપિયા મળે કે તરત જ નવા-ગામ પહોંચી જવું અને વચ્ચે કોઈ પણ કામ માટે ન રોકાવું એવો એમનો નિરધાર હતો. વિચારમાં ને વિચારમાં રાતના બારેક વાગ્યા હશે. એવામાં મોતીચંદ શેઠે ઊંઘમાં પાસું ફેરવ્યું અને તેમની શાલનો એક છેડો સગડીમાં પડ્યો. છેડો સગડીમાં પડ્યો કે તરત જ પાસેના એક ખૂણામાંથી એક જુવાન સ્ત્રી નીકળી આવી અને છેડાને સગડીમાંથી ઉપાડી પલંગ પર પાછો મૂકયો. સાવ સૂના પડેલા ખૂણામાંથી એકાએક આવી સ્ત્રીને નીકળી આવેલી જોઈને પ્રેમચંદ શેઠ આભા બની ગયા અને છેડો સમો મૂકીને એ સ્ત્રી પાછી જતી હતી ત્યાં પ્રેમચંદ શેઠે તેના ઓઢણાનો છેડો ઝાલ્યો અને પૂછ્યું : 'હેં બેન ! તમે કોણ છો ?'

તરત જ પાછા ફરીને સ્ત્રી બોલી, 'છેડો છોડ છેડો.'

'બેન, તમે કોણ છો ?'

'હું લક્ષ્મી છું. ભગવાનના હુકમથી આ શેઠને ઘેર મારો વાસ છે. જો આ કાશ્મીરી શાલ સળગી જાય અને મોતીચંદ શેઠને નુકસાન થાય તો મારે તેમને તેટલા વધારે રૂપિયા રળાવી દેવા પડે તેથી તેમના સર-સામાનનું પણ હું રક્ષણ કરું છું.'

'ત્યારે બેન, તું મારે ઘેર ન આવે ?'

'ના, ના.'

'પણ હું યે આવા મહેલ બંધાવું, હું યે આવી મોટરો રખાવું, હું યે આવાં હાંડી ઝુમ્મર વસાવું, તો યે ન આવે ?'

'ના, તો યે ન આવું. તું શું વસાવતો હતો ? તું તો ગમાર છો, ગમાર.'

'તો જોજે, વસાવું છું કે નહીં. અને હું વસાવીશ પછી તારે ઓછું જ આવ્યા વિના ચાલવાનું છે ? પછી તો ભગવાન જ તને મોકલશે.'

'આવીશ તો નહીં પણ તું આવા બધા ચાળા કરીશ તો તને ડામ દેવરાવીશ, ડામ !'

'ઠીક ત્યારે, જોઈ લેજે. વસાવું છું કે નહીં.'

*

'અહ્યા ગોરધન, આ તારા બાપને તે કોઇકે ટુચકો કર્યો લાગે છે ટુચકો ! આઠ દી પહેલાં મોટા મોટા કોચ અને એવું તેવું મોકલ્યું. બે દી પહેલાં આ મારા બાપ જેવડા મોટા મોટા કાચ મોકલ્યા. આજે હવે આ રૂપાના પ્યાલા–રકાબીની મોટી પેટીઓ આવી છે. કહેતા હતા કે કાલે સવારે જરૂર આવું છું અને આજે આઠ દિવસ થયા તો યે પત્તો નથી. જામનગરમાં કોઈ કે એમને ભમાવી દીધા લાગે છે.' રળિયાત આ પ્રમાણે પોતાના મોટા દીકરા ગોરધનને કહેતી હતી એટલામાં ભોં....ભોં....અને મોતીચંદ શેઠની રોલ્સ રોઈસ મોટર પ્રેમચંદ શેઠની કોઢ

પાસે આવીને ઊભી રહી. મોટરમાં પ્રેમચંદ શેઠ બેઠા હતા. તેમણે સુશોભિત કપડાં પહેર્યાં હતાં. તેમના પગમાં ભપકાદાર મોજડીઓ હતી. તેમના માથા પરના વાળ ઓળેલા હતા. તેમના હાથમાં ચામડાની એક સૂટકેસ હતી. મોટરમાંથી ઊતરીને સીધા ઘરમાં આવ્યા અને બોલ્યા:

'ખાટલો ફળીમાં નાખો. ઘરમાં બધે ધુમાડો છે એટલે ખાટલો અહીં લાવો.' પ્રેમચંદ શેઠે ખાટલા પર પોતાની બેગ મૂકી અને ટોપી ઉતારીને બેઠા. ગોરધને તેમની પાસે પીવાનું પાણી ધર્યું એટલે બોલ્યા: 'મને પાણી પાવા માટે આવાં જ વાસણો મળે છે? વાસણ તો પેટી ભરીને મોકલ્યાં છે, અને ગોરધન, ચા-બા ન આવડી તે એકલું પાણી લાવ્યો? હું કેટલો થાકી ગયો હોઈશ એનો પણ વિચાર ન કર્યો? ઠીક લાવ, તારી બાને કહે, જમવાની તૈયારી કરે. મને ભૂખ લાગી છે. મોકલ એને મારી પાસે.'

રળિયાત શેઠના ખાટલા પાસે આવી એટલે શેઠે તેને કહ્યું: 'હવે તારાં આ પાંચશેરિયાં બલોયાં કાઢી નાંખ.'

'એવું એવું તે શું બોલતા હશો? તમે બેઠા હો અને બલોયાં તે કઢાતાં હશે?'

'એ બલોયાંને બદલે સોનાની બંગડીઓ આવશે. પણ મને ભૂખ લાગી છે. શું બનાવીશ?' પ્રેમચંદ શેઠે પૂછ્યું.

'તમારે જે ખાવું હોય તે. સવારની કઢી હજુ પડી છે. આજે રોટલા ઝાઝા થયા હતા એટલે અત્યારે

એકલી ખીચડી ઊની કરી છે. સવારની કઢીમાં લસણ નાખ્યું હતું એટલે તમને ભાવે એવી થઈ છે. કહેશો તો ફરી ઊની કરી દઈશ.' રળિયાત બોલી.

તરત જ પ્રેમચંદ શેઠ હાથ પછાડીને બોલ્યા: 'એવાં કઢકાંબઢકાં કોને ભાવે? હું તો તારી કઢી ખાઈ ખાઈને થાકી ગયો છું. તને તો કઢી સિવાય બીજું રાંધતાં જ ન આવડયું. જામનગરમાં મોતીચંદ શેઠને ઘરે તો આ....ને રૂપાળું રૂપ જેવું-સૂપ, વઘારેલું દાળનું ઓસામણ, અને ઊનાં ઊનાં દાળભાત. તને તો એવું કંઈ આવડયું જ નહીં. પછી લક્ષ્મી બાપડી શું જોઇને આપણે ઘેર આવે? જા મારે કશું ખાવું કરવું નથી. મારે તો સૂઇ જવું છે. મારું માથું દુખવા આવ્યું છે.'

પાસે ગોરધન ઊભો હતો તે બોલ્યો: 'બાપુ, માથું દુખતું હોય તો મારી બા થોડો ચા કરી આપે?'

'ચા કહો તો ચા કરી દઉં. જે કહો તે હું ક્યાં ના પાડું છું.' રળિયાત બોલી.

'તો થોડો ચા બનાવી લાવ. પણ સાત્ર માઇલ્ડ કરજે હો!' પ્રેમચંદે કહ્યું.

'ઈ વળી કેવો? મને તો ચા જેવો ચા આવડશે. પછી કહેશે માંડ કર્યો અને સાંડ કર્યો!'

'બાપુ, હવે પગે લાગું છું મારે ચા-બા કશું નથી પીવું. ગોરધન, મને સૂઈ જવા દે.'

'બાપુ, કોઢમાં તમારો ખાટલો પાથર્યો છે.' ગોરધન બોલ્યો.

'પણ એને મચ્છરદાની નાખી છે? હું મચ્છરદાની વિના સૂવાનો નથી. તમે સૌ મારો જીવ લેવા ભેગાં થયાં છો. મારે નથી ખાવું, નથી સૂવું, નથી કંઈ કરવું. હું મારી મેળે મોટરમાં પડ્યો રહીશ અને સવારે પાછો નગર ચાલ્યો જઈશ. આ ઉકરડામાં અને આ જનાવરો વચ્ચે કેમ રહ્યું જાય?' આટલું બોલી પ્રેમચંદ શેઠ ત્યાં ને ત્યાં લાંબા થયા.

*

'ગોરધન, મારા બાપ! હવે મારું માને તો સારું. નક્કી કોઈએ તારા બાપને નજર બાંધી છે. તું હમણાં ને હમણાં દેવલાને બોલાવી લાવ.' રળિયાત બોલી.

'બા, હું અહીં જ ઊભો છું. મને ખબર પડી કે શેઠને કંઇક વળગ્યું છે એટલે તરત જ દોડી આવ્યો.' દેવજી આગળ આવીને બોલ્યો.

'જો દેવજી, ગોરધનના બાપને કંઈક વળગ્યું છે. આવ્યા છે ત્યારના એ ભાંગ્યાં વેણ બોલે છે અને કેમ જાણે એ પહેલાંના શેઠ જ નહીં એમ ન કહેવાનું મને કહે છે. મારા દીકરા, મને તો એમની આશા નથી રહી. મારે ચૂડલે સત હોય અને એમનું મન ઠેકાણે આવે તો.' રળિયાતે કહ્યું.

'બા, હરજીવનકાકા આથી યે વધુ ગાંડા થઈ ગયા હતા, પણ મેં બરાબર રગના બે ડામ ચાંપ્યા કે તરત સાન ઠેકાણે આવી ગઇ. અને હજી કાલ સુધી બે માણસમાં પુછાતા હતા. તમે કહો તો શેઠને ય એક ડામ ચાંપી દઉં એટલી જ વાર!'

'દેવજી, મારા વીરા, તો તો તારા મોંમાં સાકર. મેં રૂપાળા અંગાર રાખ્યા છે તે લાવી દે. તાવેથો પણ તૈયાર છે. દેવજી, ગોળનો ડામ દઈશ કે ગોળ-મીઠું સાથે.'

'કાકી! ગોળ-મીઠું સાથે. થોડોક લોબાન પણ સાથે આપો તો ભૂતપલીત હશે તો તે પણ ભાગી જશે.' ગોરધન ગોળ, મીઠું અને લોબાન લઈ આવ્યો અને દેવજીએ ડામ દેવાની તૈયારી કરી.

પ્રેમચંદ શેઠ ખાટલા પર પહોળા થઈને સૂતા હતા. તેની ફરતા ગોરધને દોરડાના પોચા પોચા આંટા લીધા અને ઊના તાવેથા પર ગોળ, મીઠું અને લોબાન મૂકી દેવજીએ ડામ તૈયાર કર્યો. રળિયાતે પ્રેમચંદ શેઠનું માથું પકડયું, ગોરધને તેમના બંને હાથ પકડ્યા અને બે પગ તો દોરીથી બરાબર બાંધ્યા હતા એટલે ચિંતા જેવું કંઈ ન હોતું. દેવજીએ તાવેથાને ઊનો કરી જેવો રગ ઉપર ચાંપ્યો કે પ્રેમચંદ શેઠ રાડ પાડીને બેઠા થવા ગયા પણ બેઠા થવાયું નહીં એટલે બોલી ઊઠયા: 'વોય બાપ રે! મરી ગયો.'

'જોજે દેવલા, જરા યે દયા ન ખાતો. રગ જોઈને બરાબર ચાંપજે.' રળિયાતે માથું પકડતાં પકડતાં દેવજીને ટટાર કર્યો.

બરાબર આ જ વખતે પાસેના એક ખૂણામાંથી પેલી મોતીચંદ શેઠના બંગલાવાળી લક્ષ્મી ખાટલા પાસે આવીને બોલી: 'કેમ શેઠજી, મેં તમને ડામ દેવરાવ્યો

ખરો કે ? તમારા જેવા ગમારને ઘેર, તમારા જેવા સૂમને આંગણે હું કદી પગ દેતી નથી. એમ બહારનાં નખરાં કર્યે લક્ષ્મીવાન થવાતું હોત તો તો આજ સુધીમાં કેટલાયે લોકો ન્યાલ થઈ ગયા હોત. પ્રેમચંદ શેઠ, તમારા કપાળમાં લક્ષ્મી નથી, પણ ત્રિશૂળ છે. ખબરદાર, જો હવે મને બોલાવી છે તો !'

આટલું બોલી લક્ષ્મી સડસડાટ અદૃશ્ય થઈ ગઈ. શેઠને સાન આવવાથી બીજી જ ક્ષણે સાજા થઈ ગયા અને દેવજીના ડામે ધાર્યું કામ આપ્યું એમ સમજીને રળિયાત કાકીએ દેવજીને અખિયાણામાં ગોળ, પાંચ આણા ઘઉં અને પાંચ રૂપિયા રોકડા આપ્યા.

:: છપાય છે ::

ગગનરાજ
(વૈજ્ઞાનિક સાહસકથા)
(મૂળશંકર ભટ્ટ)

ધૂળધોયા
(હરીશ)

અબ્રાહમ લિંકન
(મૂળશંકર ભટ્ટ)

ઇતિહાસકથાઓ-૨ : ગ્રીસ
(હરીશ)